શ્રી નેત્રમણિભાઈને

[લખેલા અંગત પત્રોનો સંગ્રહ]

કાકા કાલેલકર

Ahme[illegible] [illegible]easury
Inward No.

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૭૧૬૪ किंमत ૦-૧૪-૦

ग्रंथनाम નેત્રમણિભાઈને

वर्गांक ૮-:૬૫ [illegible]

श्री नेत्रमणिभाईने

लखेला अंगत पत्रोनो संग्रह

काका कालेलकर

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૬૧૬૪

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦

ચૌદ આના — માર્ચ, ૧૯૪૭

આ પત્રો વિષે

શ્રી નેત્રમણિભાઈ શ્રોફ ઉપર લખેલા મારા કાગળોને પ્રકાશિત કરતી વખતે મારે એમનો અને આ કાગળોનો પરિચય આપતી પ્રસ્તાવના લખવી જોઈએ.

સને ૧૯૪૨ના ઑગસ્ટની મુંબઈની મહાસમિતિની બેઠક પછી પૂ. ગાંધીજી તેમ જ દેશના ઘણાખરા નેતાઓ પકડાયા અને હું વર્ધા પાછો આવ્યો. ગમે તે ક્ષણે હું પણ ગિરફ્તાર થઈશ એવી અપેક્ષા હોવાથી આ બધા કાગળો મેં ચિ. સતીશને મોકલી આપેલા.

જેલમાંથી પાછા અવાશે જ એની ખાતરી ન હોવાથી આ કાગળો પ્રકાશિત કરવાનો ભાર ચિ. સતીશ ઉપર મૂકતાં મેં એને જે કાગળ લખ્યો હતો તે જ મારા આ કાગળોની પ્રસ્તાવના તરીકે આપી શકાય એમ હોવાથી તે નીચે રજૂ કરું છું. કાગળોની પ્રસ્તાવના પણ એક કાગળ દ્વારા થાય એમાં એક જાતનું ઔચિત્ય છે જ.

વર્ધા, ૧૩–૮–'૪૨

પ્રિય સતીશ,

આ સાથે કેટલાક કાગળો મોકલું છું. એમાંના ઘણાખરા સ્વ. શ્રી નેત્રમણિભાઈને મેં લખેલા. થોડાક એમના દીકરા કે દીકરીને લખેલા હશે. કાગળો તો મારા છે પણ એમાં નેત્રમણિભાઈના પ્રેમાળ, સંસ્કારી, ભક્તહૃદયનો પડઘો છે. સંભાષણમાં જેમ 'જેવો માણસ તેવી વાતો' આપણે કરીએ છીએ તેમ જ પત્રવ્યવહારમાં પણ જેવા કાગળો અને પ્રશ્નો આવે તેવા જ આપણા જવાબો જાય છે. તેથી કહું છું કે મારા આ કાગળોમાં નેત્રમણિભાઈના હૃદયનું પ્રતિબિંબ પડેલું છે.

આ પત્રવ્યવહાર વિચિત્ર રીતે શરૂ થયો. મારો અને એમનો પરિચય જરાયે નહીં. નેત્રમણિભાઈનું નામ સરખું મેં સાંભળ્યું ન હતું, પણ એમણે મારી 'હિમાલયનો પ્રવાસ' અને બીજી ચોપડીઓ

વાંચી હશે અને તે ઉપરથી એમના મનમાં મારે વિષે સદ્‌ભાવ પેદા થયો હશે. ખાસ કરીને ‘હિમાલયનો પ્રવાસ’માં આવેલું ‘सच्चित् सुख तो तू परब्रह्म केवळ’ એ પ્રકરણુ એમને વિશેષ ગમેલું. એક વખતે નેત્રમણિભાઈ વિશેષ માંદા હતા અને પરિચય વગર, એમને મને કાગળ લખવાનું સૂઝયું. માંદગીના ઘેનમાં લખેલો કાગળ ! એનો સરખો અર્થ પણ ન થઈ શકે. અક્ષર વાંચવાની મુશ્કેલી તો ખરી જ. એમના દીકરા નરેન્દ્રભાઈએ પિતાના કાગળ સાથે મને ચાર લીટી લખી હતી કે, “પિતાશ્રીએ માંદગીમાં કાગળ લખ્યો છે. અવ્યવસ્થિત તો છે જ. દરગુજર કરશો. આ કાગળ લખતાં અને મોકલતાં એમને સંતોષ થયો જ છે. તમારો જવાબ આવશે તો એમને ભારે સાંત્વના મળશે.” આવા ભાવવાળો આ જોડિયો કાગળ મને મદ્રાસની મુસાફરીમાં મળ્યો હતો. પિતાપુત્રને હું લગીરે જાણું નહીં. એમને શી વ્યથા છે એનો ખ્યાલ સરખો નહીં. એટલે મેં સ્નેહભર્યો પણ ગોળ ગોળ કાગળ લખ્યો. પણ તે તરત લખ્યો. ત્યાર પછી અમારો પત્રવ્યવહાર ચાલ્યો. પછી એમણે મારો ફોટો માગ્યો. તેટલામાં એમની વૈષ્ણવ પરંપરા હું સમજી ચૂક્યો હતો. પૂજામાં ન મૂકવાની શરતે મેં એક ફોટો મોકલ્યો. પછી અમે મુંબઈમાં મળ્યા. એમનું વાતાવરણ મેં જોયું. તેઓ એટલા તો પ્રેમાળ કે એમને ત્યાં મને બોલવાની તક ભાગ્યે જ મળતી. તેઓ પોતાની લાગણીઓ, વિચારો, અને ઉદ્‌ગારો પીરસતા જ જાય. મારે ભાગે શ્રવણભક્તિ જ આવતી.

હું કોઈ ધાર્મિક પુરુષ નથી, સામાન્ય રાષ્ટ્રસેવક છું, એ એમના મન ઉપર ઠસાવવાનો મેં પૂરતો અને અખંડ પ્રયત્ન કર્યો. ધર્મની વાતો કરતાં વહેવારની વાતો જ હું વધારે છેડતો; એમની ‘વૈષ્ણવ વૃત્તિ’નો સહેજસાજ વિરોધ પણ દર્શાવતો. એમની ભક્તિથી હું કેમ ગૂંગળાઈ જાઉં છું એ પણ એમને સમજાવતો — પણ એમણે પકડી રાખેલી ભ્રમણા હું ભાંગી ન જ શક્યો !

એમને જ્યારે તારે વિષે અને બાળ વિષે ખબર પડી, ત્યારે તમારે બન્નેને વિષે પણ તેઓ ભક્તિ કેળવવા લાગ્યા. એનો પણ મેં

સખત વિરોધ કર્યો. પણ પ્રેમના પ્રવાહ સામે કયો બંધ ટકી શક્યો છે? તમને બન્નેને નેત્રમણિભાઈના ' પ્રેમના અત્યાચાર 'નો અનુભવ છે જ. મારી ગૂંગળામણ હું હજીયે ભૂલ્યો નથી.

એટલે, આ જે મારા કાગળો તારા ઉપર મોકલું છું તે એક રીતે નેત્રમણિભાઈનું સ્મારક જ છે. તેથી મારી ઇચ્છા છે કે ' શ્રી નેત્રમણિભાઈને ' એવું નામ આપી આ પત્રસંગ્રહ તારે પ્રસિદ્ધ કરવો. કાગળોમાં જે અનાવશ્યક વિગતો હોય તેની કાટછાટ કરી તેમને પ્રકાશન યોગ્ય કરવા. જે નામો અથવા પ્રસંગો તદ્દન ખાનગી રાખવા યોગ્ય હોય તે કાઢી નાખવા અને છતાં આ પત્રસાહિત્ય અંગત સંબંધ બતાવતું, જીવતું સાહિત્ય છે એમ સ્પષ્ટ થાય એટલી વિગતો એમાં રહેવા દેવી.

શ્રી નેત્રમણિભાઈનો અને તારો સીધો પરિચય પત્ર દ્વારા અને પ્રત્યક્ષ મળવાથી છે જ એટલે તારે પણ નેત્રમણિભાઈ વિષે થોડુંક લખવું અને એ પ્રસ્તાવનારૂપે અથવા પરિશિષ્ટરૂપે આપી દેવું.

મને વખત હોત તો હું જ નેત્રમણિભાઈ વિષે લખત અને આ પત્રોની કાટછાટ કરત. પણ તે બનવા જોગ લાગતું નથી તેથી આ બોજો તારે માથે નાખું છું.

કાકાના સપ્રેમ
શુભાશિષ

" શ્રી નેત્રમણિભાઈ સુરત જિલ્લાના, વલસાડ તરફના એક શ્રીમંત વૈષ્ણવ કુટુંબમાં જન્મેલા. કાળના ચકરાવામાં કુટુંબ આવી જતાં મૅટ્રિક સુધીની શાળાની કેળવણી માંડ લઈ શક્યા. ત્યાર બાદ નાની ઉંમરમાં જ દ્રવ્યોપાર્જન અર્થે એમને મુંબઈ જવું પડયું. પ્રકૃતિ નરમ બનતાં ને દમનો રોગ લાગુ પડવાથી એમને વતન ચાલ્યા જવું પડયું. ૧૯૧૬-૧૭ના અરસામાં પાછા મુંબઈ ગયા અને શ્રી. હાજી મહંમદ સાથે એમના માસિક 'વીસમી સદી'માં ઠેઠ સુધી રહ્યા. એ અરસામાં એઓ તે તે કાળના જુદા જુદા સાક્ષરોના પરિચયમાં આવ્યા હતા અને સાહિત્ય પરિષદોમાં પણ એમણે રસપૂર્વક ભાગ લીધેલો.

"'વીસમી સદી' બંધ પડ્યું. ત્યાર પછી એમણે અનેક જુદી જુદી પ્રવૃત્તિઓ આદરી. પરંતુ શારીરિક પ્રકૃતિ સાથ ન આપે. છેલ્લાં છેલ્લાં કેટલાંક વર્ષો તો તદ્દન રહિત અવસ્થામાં એમણે પસાર કર્યાં. છતાં પણ મૃત્યુ પર્યંત, છેક ૫૮ વર્ષની ઉંમર સુધી જીવનનિર્વાહ મેળવતાં સતત અભ્યાસ, ચિંતન અને સજ્જનસહવાસ તથા સાહિત્યની બની શકે એટલી પ્રવૃત્તિ એમણે ચાલુ રાખી.

"ખાસ કરીને ફિલસૂફી, રાજકારણ, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, ધર્મનાં — વૈષ્ણવ ધર્મનાં — પુસ્તકોનું એમનું વાચન બહોળું હતું. લેખનકળા એમણે ખાસ કેળવેલી નહીં પણ કોઈ કોઈ વાર લેખો લખતા. એમના ખાનગી વહેવારના પત્રો કે બીજાં લખાણો એમના સંસ્કારી જીવનનો તથા ભાષાસમૃદ્ધિનો સારો ખ્યાલ આપે છે. જીવનયાત્રા અને શરીરયાત્રા સફળ હોત તો સાહિત્યસેવામાં એમણે સારો ફાળો આપ્યો હોત."

આટલી જ માહિતી એમને વિષે હું મેળવી શક્યો. એક સંસ્કારી, પ્રેમાળ, માંદા માણસને કાંઈક આશ્વાસન મળે એટલા જ હેતુથી એમને પત્રો લખવાનું શરૂ કર્યું. જ્યારે જ્યારે મુંબઈ જાઉં ત્યારે ત્યારે, એ જ ઉદ્દેશથી, એમને મળવાનું રાખેલું. શરૂથી આખર સુધીના મારા પત્રવ્યવહારના આ સાત વરસોમાં એમની તબિયત ભાગ્યે જ સારી રહી હતી. જરાક સારું લાગે કે તરત મુંબઈમાં જ્યાં રહેતો હોઉં ત્યાં અને સ્ટેશને મળવા આવે જ. અને આવે એટલે પ્રસાદ તરીકે કંઈક ખાવાનું પણ લાવે.

સત્યનારાયણની કથાની જેમ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ ધર્મ પણ પ્રસાદ ઉપર જ પુષ્ટ થતો આવ્યો છે, એમ હું અનેક વાર વિનોદમાં એમને કહેતો. પણ સાત વરસની મહેનતથી હું એમનો એ આદર્શ એમની પાસેથી છોડાવી ન શક્યો. ખાનપાનના મારા અનેક અટપટા નિયમો અને બંધનો સાચવીને મને શું શું ખવડાવી શકાય એનું એમનું ચિંતન સતત ચાલ્યા કરતું.

ચિ. સતીશ પરના ઉપર આપેલા મારા પત્રમાં મેં લખ્યું છે તેમ, જોકે આ કાગળો મારા છે, મારા અનુભવો, લાગણીઓ અને અભિપ્રાયો પ્રગટ કરે છે, છતાં શ્રી નેત્રમણિભાઈના અને એમનાં

કુટુંબીઓનાં સ્વભાવ, આદર્શ અને સંસ્કારિતાના જવાબમાં લખેલા હોઈ એમની અભિરુચિના વિષયો અને પ્રશ્નો જ આમાં ફરી ફરી ચર્ચાયા છે. મારી દરેક પ્રવૃત્તિમાં નેત્રમણિભાઈ એટલો બધો રસ લેતા કે એને અંગેની વિગતો પૂરી પાડ્યા વગર ચાલતું નહીં. છાપાંઓમાં મારે વિષે કે મારા દીકરાઓ વિષે જરા સરખું કાંઈ આવ્યું કે એમણે એની કાપલી સંઘરી રાખી જ છે અને અમારા પર મોકલી જ છે — એમ ચાલતું.

આટલો નિઃસ્વાર્થ પ્રેમ આપણા ભક્તિપ્રધાન દેશમાં પણ સામાન્ય વસ્તુ ન ગણાય. એટલે શ્રી નેત્રમણિભાઈની પ્રેમભક્તિના સ્મારક તરીકે જ આ કાગળો પ્રકાશિત કરવા હું લલચાયો છું. આ બધા કાગળો સાચવી રાખી મને સોંપવા માટે મારે એમના દીકરા-દીકરીનો આભાર માનવો ઘટે છે.

શ્રી નેત્રમણિભાઈને લખેલા આ પત્રો એમને જ અર્પણ છે.

વર્ધા, ૧૫ ૧૦–'૪૬

કાકા કાલેલકર

અનુક્રમણિકા

૨૫૬૯૪

શ્રી નેત્રમણિભાઈને

૧

દ ભા. હિન્દી પ્રચાર સભા,
૧૯૩, હાઈ રોડ, ટ્રિપ્લિકેન, મદ્રાસ
૨૭-૧૨-૩૪

ભાઈશ્રી નરેન્દ્રભાઈ,

તમારો કાગળ મળ્યો. હું આંધ્ર પ્રાંતમાં ફરતો હતો. પરમ દિવસે તમારો કાગળ મળ્યો. આજે સવારની પ્રાર્થના કર્યા બાદ આ લખવા બેઠો છું. તમારા પિતાશ્રીનો કાગળ મેં વાંચ્યો. એમનો ભાવ હું સમજ્યો. સાથેનું એમને વંચાવશો. એમના મનને શાંતિ મળે, એવું વાચન એમને પૂરું પાડશો. એમને વિષે તથા તમારે વિશે વધારે જાણવા ઇચ્છું છું. હું આ બાજુ હજી ત્રણેક અઠવાડિયાં રહીશ. જાન્યુઆરીને અંતે મુંબઈ તરફ જઈશ. કાગળ ઉપરને સરનામે લખશો. તમારા પિતાશ્રીના શરીરને તથા મનને શાતા ચાહું છું.

લિ. કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ

૨

૨૭-૧૨-૩૪

પ્રિય ભાઈ નેત્રમણિ શ્રોફ,

સુખ અને દુઃખ બંને ઈશ્વરની બક્ષિસ છે, એમ સમજી બંને સ્થિતિમાં એ મંગલમૂર્તિ પ્રભુનું સ્મરણ કાયમ રાખવું. 'સુખની સ્થિતિ જ ઇષ્ટ અને દુઃખની નહીં', એવું શા માટે? સુખ મારફતે માણસ બહુ ઓછો કેળવાય છે. જ્યારે દુઃખ મારફતે એ, ધારે તો, રગેરગ કેળવણી મેળવી શકે છે.

*

જન્મ અને મરણ બંને ઈશ્વરની જ બક્ષિસ છે. બંને ઇષ્ટ છે. બંને શુભ છે. માટે બંને તરફ સમાન ભાવે ઉન્મુખ વૃત્તિ જ રાખવી.

ઈશ્વર મોટો કેળવણીકાર છે. કેળવણી માટે જ તે સુખદુઃખ તથા જન્મ-મૃત્યુ આપે છે. કેળવણી પૂરી થાય, એટલે એને ખેંચી લે છે.

*

સૌથી મોટું ગુરુત્વાકર્ષણ અંતર્યામી પ્રભુનું છે. એનું અખંડ સ્મરણ રહે, એટલે પ્રસન્નતા તૂટે નહીં.

*

દુન્યવી જ્ઞાન વધે એમાં લાભ જ હોય છે, એવું નથી. જરૂરિયાત પૂરી થાય, એટલે એ બાજુનો રસ ઓછો થવો જોઈએ. 'એબ્સોલ્યૂટ' જેવી વસ્તુ છે જ. એની સંનિધિમાં જવું છે. ત્યાંથી જ દુનિયાનું યથાર્થ નિરીક્ષણ થઈ શકે. ત્યાંથી જ સાચી સેવા થઈ શકે. એનું ધ્યાન પ્રેમથી કરવું. સાચી શાન્તિ ત્યાં જ છે. જ્યારે શરીર તદ્દન પંગુ થઈ જાય છે, ત્યારે કેવળ મનથી, કેવળ સદ્વાસનાથી સેવા થઈ શકે છે.

*

ડૉ. રેળેનું નામ મેં સાંભળ્યું છે. એમની ચોપડીઓ મેં હજી વાંચી નથી. તેઓ પણ અંતે ભગવદ્ભક્તિ જ શીખવતા હશે ને!

લિ. કાકાના સપ્રેમ

વંદેમાતરમ્

૩

દ. ભા. હિન્દી પ્રચાર સભા,

મદ્રાસ, ૮–૧–૩૫

પ્રિય ભાઈ નરેન્દ્ર,

તમારો તથા તમારા પિતાશ્રીનો, બંને કાગળ મળ્યા. તમારા પિતાશ્રી જાતે સ્વહસ્તે લખે, એ હું ઇચ્છતો નથી. એમના અક્ષર વાંચવાની મુશ્કેલી પડે છે. તેઓ તમને લખાવે, એ જ સારું છે. હાલ મારી પાસે ગુજરાતી લખનાર સેક્રેટરી નથી, એટલે મારે હાથે લખવું પડે છે. નહીં તો મનેયે લખાવવાની જ ટેવ છે.

મારા કાગળોથી તમારા પિતાને લાભ થતો હોય, અથવા માંદગીમાં એમની પ્રસન્નતા જળવાતી હોય, તો જરૂર હું એમને લખીશ. આજે રાત્રે જ મુસાફરીએ ઊપડું છું. તામિલનાડ, કેરળ અને મૈસૂર મળીને એકાદ મહિનો જશે. મુસાફરીમાં નિયમિત ન લખાય.

છતાં, તમારા પિતાશ્રી તો મને જરૂર લખી શકે. સરનામું ઉપર લખ્યું છે, એ જ કરશો.

હાલ મારી પાસે મારો એકે ફોટો નથી. એકાદ હાથ આવ્યે મોકલીશ. માંદાંને એકાદ ફોટો પણ થોડો સમય વિનોદરૂપ નીવડે છે, એ હું જાણું છું, એટલે એમની ઇચ્છાને વશ થવું, એમ મને લાગ્યું છે. જાન્યુઆરી આખો મહિનો અહીં જ જશે, એમ લાગે છે. ફેબ્રુઆરીમાં મુંબઈ તરફ અવાશે.

સાથેનો કાગળ તમારા પિતાશ્રીને આપશો અથવા વંચાવશો.

લિ. કાકાના

સપ્રેમ વંદેમાતરમ્

૪

૮-૧-૩૫

પ્રિય શ્રી નેત્રમણિભાઈ,

મને પચાસમું વર્ષ હમણાં જ બેઠું છે. મને 'પ્રિય કાકા', એટલું લખો તોયે બસ છે.

આપનો કાગળ આજે જ મળ્યો. આજે જ મુસાફરીએ ઊપડું છું. આજે જવાબ ન લખું, તો લખવાનો રહી જશે, એ બીકે જેમ તેમ વખત કાઢી લખું છું.

શરીર કામ કરી નથી શકતું, ત્યારે મન કોક કોક વાર ભારે કામ કરતું હોય છે. અને આયુષ્ય થોડું રહ્યું કે વધારે, એનો વિચાર પંચાંગને હિસાબે શા માટે કરવો? કોઈ ધન્ય પળે દૃઢ સંકલ્પ થાય અને હૃદય-ગ્રંથિ છૂટી જાય, તો એ પળ આખી જિંદગી કરતાંયે વધારે મહત્ત્વની નીવડે.

ઈંડું ભાંગે, એટલે બચ્ચાને એકાએક નવી દુનિયા જોવાની મળે છે; તેમ જ માણસનું થઈ શકે છે. એ જ વિશ્વાસે શબરી આખો જન્મારો રામચંદ્ર પ્રભુની રાહ જોતી હતી ને!

સ્પ્રુનો સંબંધ દાંતના રોગ સાથે હોય છે અને જરૂર જણાયે બધા દાંત કઢાવી નાખવા, એવો દાક્તરી અભિપ્રાય હોય છે. મને પણ તે વ્યાજબી લાગે છે. ખોરાકમાં કેવળ પ્રવાહી પદાર્થ લેવાનો અખતરો કર્યો હશે. 'કૉલાઇટિસ' માટે ચણાનો ખારો અજમાવ્યો હતો? એનિમા

વગર તો એક દિવસ પણ ન જવો જોઈએ. અતિસાર હોય છે, ત્યારે તો એનિમા ખાસ લેવો જ જોઈએ. રોજ જેમ દાતણ કરવાનું ચૂકતા નથી, દાતણ કરવામાં આપણે જોખમ માનતા નથી, તેવું જ એનિમા વિષે જાણવું.

આપની પુત્રીને મારા શુભાશિષ. મારું લખાણ એમને ઉપયોગી નીવડે છે, એ જાણી સંતોષ થયો. બેત્રણ મિત્રોએ મારા બધા લેખો એકત્ર કરી વર્ગવાર ભાગ પાડી આપવાનું નક્કી કર્યું છે. ત્યાર પછી એની એક ગ્રંથમાળા થશે. મારું અપ્રસિદ્ધ એવું લખાણ નથી. સિવાય કે, હજારો કાગળો.

ખાનગી કાગળો માણસના મરી ગયા પછી જ છપાય, એવો સામાન્ય નિયમ છે. મારી પાસે પોતાનું ખાનગી, એવું થોડું જ રહ્યું છે.

જે વસ્તુઓ ચર્ચું છું, અનુભવો ટાંકું છું અને પ્રસંગો વર્ણવું છું, એમાંનો મોટો ભાગ સામાન્ય હિતનો હોય છે. અને છેલ્લાં કેટલાંક વર્ષો થયાં લેખો લખવાનું લગભગ બંધ કરી, કાગળો લખવામાં જ વખત વધારે આપ્યો છે. વ્યક્તિગત સેવાનું મહત્ત્વ મને વધારે જણાય છે. મિત્રો પાસેથી કાગળોની નકલો મળી જાય, તો એમાંથી તદ્દન ખાનગી ભાગ કાઢી નાખી બાકીનું મારે બરાબર પ્રકાશનયોગ્ય કરી આપવું, એવી ઇચ્છા મિત્રોએ બતાવી છે. આ તો પોતાનું શ્રાદ્ધ પોતે જ કરવા જેવું છે, એમ લાગે છે. છતાં આપણા ધર્મમાં ગયા જઈને ત્યાં ખુદ પોતાનું શ્રાદ્ધ કરવાનો પણ રિવાજ નથી, એમ નથી.

હું જાતે જ 'એડિટ' કરી આપું, એમાં એક લાભ છે. કાગળ મૂળે જેમના પર લખ્યો હોય, તેમને અન્યાય ન થાય, અને લખાણ જરા સુધારી શકાય. એટલે જો પત્રસંગ્રહ ભેગો કરવાનો પુરુષાર્થ કોઈ કરે, તો 'એડિટ' કરી આપવાની હા પાડી ચૂક્યો છું. હવે પછી ગુજરાતીમાં વધુ લખાણ લખાશે, એવી અત્યારે કલ્પના નથી. ગામડામાં જઈ, ત્યાંના જીવનમાં ઓતપ્રોત થવું છે. લખીશ તો કાગળો; અને લેખ લખાય, તો તે હિંદીમાં જ, એવું અત્યારે વલણ છે.

ઇચ્છા થાય, ત્યારે જરૂર મને કાગળ લખાવશો.

લિ. કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ્

૫

મૈસૂર, ૧૨-૨-૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

મદ્રાસને સરનામે લખેલો આપનો કાગળ મને વખતસર મળ્યો હતો; અને તે કટકે કટકે વાંચી પૂરો કર્યો હતો. કાગળ સાથે ફેરવું છું. રોજ સવારે લખવા બેસું છું, પણ વખત મળતો નથી અને ટૂંકો જવાબ લખવાથી મને પોતાને જ સંતોષ ન થાય. પહેલી તકે જવાબ લખીશ. આપ વિસ્તારપૂર્વક લખો છો, એ મને ખૂબ ગમે છે. હું પણ એમ જ લખીશ. હું એક વાર પૉંડીચેરી જઈ આવ્યો. ફરી આ એકવીસમીએ જવાનો છું. યોગવિદ્યામાં પ્રવેશ કરવો છે. ત્યાંથી કંઈ લઈ શકું, તો જરૂર લઈશ. ત્યાં કાયમનો રહેવાનો કે જોડાવાનો નથી. છાપાંઓ કાગનો વાઘ કરે જ.

આપની તબિયત સારી હશે.

લિ. કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ

૬

ૐ

મદ્રાસ, ૪-૩-૩૫
C/o હિન્દી પ્રચાર સભા

પ્રિય શ્રી નેત્રમણિભાઈ,

આપનો તા. ૨૨-૧-૩૫નો કાગળ વખતસર મળ્યો હતો. તે વિષે એક કાર્ડમાં જણાવ્યું હતું. આજે સવિસ્તર જવાબ લખી શકીશ, એ આશાએ બેઠો છું.

આપની તબિયત હવે સારી હશે. મને તો હંમેશ મુસાફરી સદે છે. પ્રવાસમાં ખાવાપીવાનું બહુ જ અનિયમિત હોય છે. ટ્રેનમાં ઊંઘ લેવા જેટલી જગ્યા પણ કોક વાર નથી મળતી. નવે ઠેકાણે નવી અને કામચલાઉ વ્યવસ્થા એકબે દિવસ માટે ઊભી કરતાં સંકોચ અને મુશ્કેલી રહે છે. છતાં, પ્રવાસમાં કુદરત મારફતે પ્રભુનું નિત્યનૂતન અને રમણીય દર્શન કરું છું, તેથી તાજગી રહે છે. બીજું, આવા

પ્રવાસને કારણે સમાજના સારા, સાત્ત્વિક, લોકસેવાપરાયણ લોકોનો પરિચય થાય છે. સંતોને તુલસીદાસે જંગમ તીર્થ કહ્યા છે. મારે મન આ બધા લોકસેવકો આધુનિક તીર્થસ્થાનો છે. એમના દર્શનથી પણ હૃદય પ્રફુલ્લિત થાય છે. પૂ. બાપુજીનો સંદેશો જેવો સમજ્યો છું, તેવો લોકો આગળ ધરવાની તક મળે છે, એયે મોટો લહાવો છે.

અહીં મુંબઈ તરફનાં છાપાં ભાગ્યે જ મળે છે અને મને છાપાંઓ વાંચવાની ટેવ નથી, તેથી ચાર્લ્સ લેમ્બવાળો ફકરો મારા જોવામાં નથી આવ્યો.

વાચન, મનન અને દર્શનની દરેક ઉપર જુદી જુદી અસર થાય છે. કેટલાક પૃથક્કરણ કરવા મંડી પડે છે. કેટલાક કાવ્યના રૂપમાં વહેવા લાગે છે. કેટલાકમાં હૃદયવિકાસ થઈ અંતે જીવનપરિવર્તનમાં પરિણમે છે. કેટલાક કળાવૃત્તિના હોઈ એમની સંવેદના સતારના તારની માફક ઝણઝણી ઊઠે છે. અને કેટલાક કેવળ સમૃદ્ધ મૌનમાં જ અવગાહન કરે છે. દરેકની સુંદરતા જુદી જુદી હોય છે. એમાં તરતમ ભાવ કોઈ નક્કી ન કરે.

*

માતા કુંતીએ માગ્યું હતું કે, आपदः सन्तु नः शश्वत् । હું એવું કશું ન માગું. મારી શક્તિનું માપ મારી પાસે નથી. સુખદુઃખથી અભિભૂત ન થવું, એ જ મારો આદર્શ છે. સુખદુઃખથી અસ્પૃષ્ટ, અલિપ્ત કેમ રહેવાય? પણ અભિભૂત ન થવાયું, તો બહુ થયું. ત્યાર પછી અલિપ્ત દશા આવે અને અસ્પૃષ્ટ દશા જ્યારે આવવાની હોય, ત્યારે ભલે આવે. સુખ-દુઃખ બંનેનો સરખો સદુપયોગ કરવાની વૃત્તિ અને શક્તિ હું પ્રભુ પાસે અવશ્ય માગું છું. અને એ ધીમે ધીમે મળતી જાય છે. હાલ આ એકબે વર્ષમાં મને સાધનાનાં સાધનો ઘણાં મળ્યાં; અને તેથી જીવનદૃષ્ટિ ઘણી સુધરી છે.

*

શરીર વિષે બે ચાર વસ્તુઓ સાચવવાની રહે છે.

૧. પેટ હંમેશ સાફ રહે. એનિમાની મદદ લેવાય.

૨. રુધિરાભિસરણ સુધરે, તે માટે રોજની સૌમ્ય માલિશ ચાલે.

૩. ઊંઘનો ફાળો ઓછો ન કરાય.

૪. પેટ પર આહારનો જરા સરખો ભાર ન વધે.

૫. ખુલ્લી હવા અને પ્રકાશ અને બની શકે તો તડકો, આ ત્રણે પૌષ્ટિક તત્ત્વોનું અધિકાધિક સેવન.

૬. પૌષ્ટિક વાચન, મનન, શ્રવણ, કથાલાપ.

તમે મોકલેલા ફકરાઓ સારા છે. મારા વિચારોને દૃઢતા આપે છે અને ભાષાનો પ્રસાદ પણ આનંદ આપે છે.

આપણું સાહિત્ય આજકાલના જીવનનો પડઘો છે. માણસને દુનિયાના બધા દેશોની માહિતી ન હોય, તો કશું બગડતું નથી. પણ ઊંડે ઊતરીને જીવન જીવવાની આવડત હોવી જોઈએ. એટલું હોય, એટલે જીવનનાં બધાં પાસાં એની મેળે નજર આગળ આવતાં જાય છે અને વિચાર અને પ્રયોગનો તીવ્ર પ્રકાશ એના પર પડે, તો તરત આખું જીવન પ્રકાશમય થવા માંડે.

સાયન્સના પ્રયોગવીરો હવે આપણે ત્યાં પણ પેદા થવા લાગ્યા છે. જીવનના પ્રયોગવીરો પાકવા જોઈએ. એનો પણ વખત આવ્યો છે.

*

વળી કામનો ધસારો શરૂ થયો છે, એટલે આ કાગળ અહીં જ પૂરો કરવામાં ડહાપણ છે. નહીં તો આટલુંયે પડ્યું રહે.

આપનું અનેક વાર સ્મરણ થાય છે. મુંબઈ જલદી જવાય, તો એક વાર પ્રત્યક્ષ મળી લઉં, એમ પણ થાય છે. માર્ચની ૨૦મીએ વર્ધા પહોંચવાનો છું. નવમી સુધી આ સરનામે પત્ર આવે, તો ચાલે. પછી વર્ધાને સરનામે c/o શ્રી. જમનાલાલજી બજાજ.

તા. ૧૫મીએ કટક છું. c/o ઉત્કલ હિંદી પ્રચાર.

લિ. કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ્

૭

મદ્રાસ, ૪–૩ ૩૫

પ્રિય નરેન્દ્રભાઈ,

તમારો તા. ૨૨–૧–'૩૫ નો કાગળ મારી સાથે બરાબર મુસાફરી કરે છે. જવાબ લખવા માટે એને કેટલીયે વાર હાથમાં લીધો, પણ આ ત્રણ મહિનાની મુસાફરી જ એવી છે કે, વખત મળતો નથી.

આજે પણ બેંગલોરથી આવી લખવા બેઠો છું. પૂરો થાય, એવી આશા છે.

મારો એક ફોટો કોઈ અહીં લીધો હતો. એની એક નકલ મળી, તે આજે મોકલું છું. તેમાં ફોટોગ્રાફરે વધારે પડતું 'રીટચ' કર્યું છે, એટલે એ મોકલતાં સંકોચ થાય છે. સારો મળ્યે બીજો મોકલીશ.

લિ. કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ્

૮

જગન્નાથપુરી, ૨૩–૩–'૩૫

પ્રિય શ્રી નેત્રમણિભાઈ,

તા. ૫–૩નો કાગળ વખતસર મળ્યો હતો. એનો જવાબ આજે, જગન્નાથપુરીથી આપું છું. મુંબઈ કોંગ્રેસ વખતે કલકત્તાના એક ભાઈને મેં વચન આપ્યું હતું કે, ઉત્કલ પ્રાંતમાં હિન્દી પ્રચાર કરવાને માટે આવીશ. તે વચનની પૂર્તિને અંગે અહીં આવ્યો. આજે નવ દિવસ થયાં આ પ્રાંતમાં ફરું છું. આજે પુરી પૂરું કરી કલકત્તાને રસ્તે પાછો વર્ધા જઈશ. ત્યાં ૮–૧૦ દિવસ રહી મુંબઈ તરફ જઈ શકીશ, એવી ધારણા છે. એપ્રિલ મહિનામાં આપણે મળી શકીશું, એટલે અત્યારે લાંબો કાગળ નથી લખતો. સમયે નથી.

આઠ વર્ષ પહેલાં મહાત્માજી સાથે આ જ પુરીધામમાં આવેલો અને જીવનનું સાર્થક્ય શામાં રહેલું છે, એ વિષે તે વખતે વિચારો ખૂબ તેજ ચાલેલા. આઠ વર્ષે પાછો અહીં આવ્યો છું, એટલે એ જ જૂની વિચારશૃંખલા ચાલવા માંડી છે.

ગયે ફેરે અહીં આવ્યો હતો, ત્યારે મારી ચાર ધામની યાત્રા પૂરી થતી હતી. હિમાલયમાં અમરનાથ, કેદારનાથ, બદરીનારાયણ, પશુપતિનાથ ક્યારનાં થયાં હતાં. મહાત્માજીના આશ્રમમાં જોડાયો, તે પહેલાં દ્વારકાધામ પૂરું થયું હતું. ગુજરાતમાં રેલસંકટ આવ્યું હતું, તે અરસામાં મહાત્માજીને મળવા દક્ષિણમાં ગયો હતો, ત્યારે રામેશ્વર અને કન્યાકુમારીનાં પાવન દર્શન થયાં હતાં. અને ત્યાર પછી ઉત્કલમાં આવી પુરી ધામ કર્યું હતું. એક રીતે અહીં તે વખતે જીવનનો એક અંક પૂરો કરી બીજાની શરૂઆત કરવી હતી. કેમ કે, ગૂજરાત વિદ્યાપીઠની જવાબદારી ફરી લઈને એ સંસ્થામાં જોઈતું પરિવર્તન કરી આપવાની વાત ગાંધીજી આગળ મેં તે વખતે કરેલી. આજે એ જ વિદ્યાપીઠના કાર્યમાંથી કૃતકાર્ય થઈને નિવૃત્ત થયો છું અને એક બાજુ ગામડાંની જનતાની જીવનવ્યાપી કેળવણી હાથ ધરવાનો સંકલ્પ કરું છું ને બીજી બાજુ જીવનશુદ્ધિને અર્થે યોગવિદ્યામાં પ્રવેશ કરવાના સંકલ્પો પણ સેવું છું.

મારી યોગની કલ્પનામાં સેવાવિમુખ થવાપણું છે જ નહીં. યોગ એટલે સામ્યવૃત્તિ કેળવી વિશ્વાત્મૈક્ય અનુભવવું. જ્યાં વિશ્વાત્મૈક્ય છે, ત્યાં સેવા છે જ. ત્યાં બધાનો સ્વીકાર છે, કોઈનો ત્યાગ નથી. ત્યાગ છે કેવળ સંકુચિતતાનો, અહં-મમ વૃત્તિનો. એ ત્યાગ સાધ્યા પછી જે કંઈ કરીએ, તે નિવૃત્તિ જ છે. વિશ્વાત્મૈક્યના અનુભવ પછી માણસને નીતિબાહ્ય આચરણ કરવાની છૂટ નથી મળતી; પણ નીતિબાહ્ય આચરણ કરવાની વૃત્તિ જ મટી જાય છે. એવા માણસનું જીવન લોકો માટે આદર્શ અને અનુકરણીય થવું જોઈએ. મહાત્માજી એવો યોગ કેળવી રહ્યા છે. એમની પાસે મને પૂરતું સમાધાન છે. પોંડીચેરી ગયો હતો, તે એવા જ યોગની બીજી ભિન્ન સાધના હોય, તો તે જોવા. જે શોધક છે, તે બધે ફરી તપાસ કરવાનો. સાધનાના જેટલા પ્રકાર જણાય, તેની ભાળ રાખવાનો. હવે મારો વિચાર છે કે, પોંડીચેરી આશ્રમ પાસે ભાડે મકાન રાખીને રહેવાને બદલે કેવળ ટપાલ દ્વારા શ્રી અરવિંદ જોડે પત્રવહેવાર રાખવો અને એમની પાસેથી એમની સાધના સમજી લેવી.

મારામાં એક ફેરફાર થઈ ગયો છે. હવે કોઈ સંસ્થામાં કે સંસ્થા મારફતે કામ નથી કરવાનો. ગાંધીજી જોડે તેમ જ ગાંધી સેવા સંઘ જોડે અધ્યાત્મિક સંબંધ છે, તે રહેશે જ. પણ સંસ્થા નથી ઊભી કરવી કે ચલાવવી. ઈશ્વરની ઇચ્છાએ પ્રવૃત્તિનું જે પિરસણ આવશે, તેટલું જ સ્વીકારવું. અને ફક્ત તેને જ રાજી રાખવા ખાતર પ્રવૃત્તિ કરવી. ગાંધીજીની સરદારી સ્વીકારી છે, તે કાયમ છે; એટલે ઇશ્વર એમની મારફતે મારી પાસેથી કામ લેશે.

પોંડીચેરીના આશ્રમ વિષે મેં ભલુંબૂરું ઘણું સાંભળ્યું છે. પણ શંકાની નજરે જોવાની વૃત્તિ જ મારામાં ક્ષીણ થતી જાય છે. અંબાલાલ પુરાણી જેવા પુરાણા મિત્ર જ્યારે કહે કે, એ આશ્રમનું વાતાવરણ શુદ્ધ છે, ત્યારે હું તરત માની લઉં છું. કેટલાક કોયડા ઉકેલવા જેવા લાગ્યા, તે વિષે શ્રી અરવિંદને પોતાને જ લખી પૂછ્યું છે. એટલે સરળ માર્ગે જાઉં છું. મારે માટે એ જ માર્ગ શ્રેયસ્કર છે.

લિ. સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૯

ૐ

'મગનવાડી' વર્ધા, ૧–૪–૩૫

પ્રિય નરેન્દ્રભાઈ,

કાલે તમારો ૧૪–૩–૩૫નો કાગળ મળ્યો. કાગળો મારી પાછળ પાછળ મુસાફરી કરતાં ક્યાંક અટકી જતા હશે.

તમારા પિતાશ્રી માટે એક કાગળ જગન્નાથપુરીમાં જ લખી રાખ્યો હતો. ટપાલમાં નાંખવો કે પૂરો કરવો કે રદ કરવો, એવી ગડભાંજમાં હતો, તેવામાં કાલે તમારો કાગળ મળ્યો. એટલે એ પુરીવાળો કાગળ આ કાગળ સાથે બીડું છું.

મારા કાગળો ખાનગી હોય છે. એટલે એ કાગળો કે એમાં આવેલી વાતો સીધી કે પરંપરાએ છાપાંવાળાઓ કે એમના મિત્રો સુધી જવા ન પામે, એની સાવચેતી રાખજો. કેમ કે, આજકાલ

છાપાંવાળાઓ બિનજવાબદાર થતા જાય છે. શું છાપવું અને શું ન છાપવું, એનો વિવેક નથી કરી શકતા. અને અનેક વાતો વિકૃત રૂપમાં જ છાપાંમાં આવે છે.

દક્ષિણમાં કોકે એક રેઢિયાળ માસિક શરૂ કર્યું હશે. એને પૂરતા ગ્રાહકો ન મળ્યા, એટલે ભાઈ સાહેબ શહેરેશહેરે અને ગામડેગામડે ગ્રાહકો મેળવવા નીકળ્યા. કોકે એને કહ્યું, જુઓ આ હિન્દી માસિકો કેવાં સરસ હોય છે? એ છોડી તમારાં આવા નમાલાં માસિકો કોણ ખરીદે?

પેટના બળતાને આટલું બળતણ બસ હતું. એણે બૂમ શરૂ કરી કે, હિન્દીના પ્રચારથી પ્રાન્તિક ભાષાનું નુકસાન થાય છે. કેટલાક અતિઉત્સાહી અને અવિચારી હિન્દી પ્રચારકો પોતાનાં ભાષણોમાં હિન્દી ભાષા તમામ ભાષા કરતાં કેટલી શ્રેષ્ઠ છે, એ જ બતાવવા ગયા. એટલે પણ પ્રાન્તિક ભાષાના અભિમાની છેડાયા. એમણે વિરોધ શરૂ કર્યો. છાપાંવાળાઓને તો કાંઈક જોઈએ જ. એટલે એમણે ચર્ચાપત્રો મંગાવ્યાં. આમ આંધ્રમાં શરૂ થયું. એનો દાખલો લઈ કર્ણાટકવાળાઓએ બૂમ શરૂ કરી. કેટલાક કેરળવાળાઓએ એ ઉપાડી લીધી અને હવે ગુજરાતમાં પણ એક છાપાને એ જ સૂર ચલાવવાનું સૂઝયું!! જેમ દેશમાં કૉમ્યુનૅલિઝમની બદી ફેલાઈ છે, તેવી જ આ પ્રૉવિન્શિયૅલિઝમની બદી પણ ફેલાવા લાગી છે. હું તો દરેક ઠેકાણે કહેતો આવ્યો છું કે, ભાષાનું મહત્ત્વ પ્રજાસેવા માટે છે. પ્રાન્તિક ભાષાનું મહત્ત્વ સૌથી વધારે છે, કેમ કે, તે વાટે જ પ્રજાની સીધી સેવા તમે કરી શકો એમ છો. આજે પ્રાન્તિક ભાષાની ખિલવણી પ્રજાસેવાની દૃષ્ટિએ થાય છે, એમ ન કહેવાય. ગામડાંની અભણ પ્રજાનો દ્રોહ કરવાનું છોડીશું, ત્યારે જ પ્રાંતની ભાષાની શુદ્ધ ખિલવણી થાય. એ બધાં પ્રાંતિક બળોનું ભારતીય સંગઠન રાષ્ટ્રભાષા મારફતે જ થઈ શકે. એટલે પ્રાંતિક ભાષા વગર હિન્દી ખીલે નહીં અને હિન્દી વગર પ્રાન્તિક ભાષા નજીક નજીક આવી ખીલે નહીં. બંને પરસ્પર પોષક છે. પણ અંગ્રેજી પાછળ ગાંડા થયેલા અને પ્રજાહિત બરાબર ન સમજનારા કેટલાક લોકો હિંદીના વિરોધમાં પ્રાન્તિક ભાષાની હિમાયત કરી પરિણામે અંગ્રેજીને જ

રક્ષણ-પોષણ આપે છે. હિન્દીએ ગુજરાતી ભાષા પર ક્યાં હુમલો કર્યો છે? અંગ્રેજીનું સ્થાન, પ્રજાસેવા પૂરતું હિન્દી લે, એમાં દુ:ખી થવાપણું શું હોય? પણ મૂર્ઝાવા લોકો શુદ્ધ સ્વરાજ્યવાદી નથી હોતા, ત્યારે તેમની વિચારધારા અવળી રીતે ચાલે છે.

હાલ તો છાપાંવાળાને જવાબ નથી આપવા માગતો. ઇન્દોરમાં હિન્દી સાહિત્ય સંમેલન છે, ત્યાં પૂ. મહાત્માજી પ્રમુખ છે. હું લિપિ પરિષદનો પ્રમુખ થવાનો છું. ઇન્દોરમાં જ આ વસ્તુની ચર્ચા કરી લઇશ.

આ બધું તમે, તમારા પિતાશ્રી અને ચિ. સૌ. . . . બહેન ધ્યાનપૂર્વક સમજી લેશો. કેમ કે, આમાં દેશની સાહિત્ય દ્વારા શુદ્ધ સેવા શી રીતે કરવાની છે એની એક બાજુ આવી જાય છે.

ફ્લુની અસર હોય છે, ત્યારે ખાટા લીંબુનું પાણી ગરમ કે ઠંડું લેવું સારું, એમ કહે છે. દાકતરને પૂછી જોશો.

હજી પંદર દિવસ વર્ધામાં જ છું. પછી મહાત્માજી જોડે ઇન્દોર જઇશ. ત્યાંથી વળતાં મુંબઈ આવીશ. સ્થિર થયે સાધના શરૂ કરવાનો વિચાર છે. સાધના છાપે ન ચડી હોત, તો સારું થાત. પણ હવે એનું શું થાય?

હું મુંબઈ આવી તમને બધાંને મળું, તે પહેલાં તમારા ત્રણે વિષે થોડુંક જાણું, એવી ઇચ્છા સ્વાભાવિક થાય છે. તમે જરા સંકોચ છોડી વિગતવાર લખશો? તમારા પિતાશ્રી સ્વહસ્તે ઝાઝું લખે, એમ હું ઇચ્છતો નથી. એમને લખવાની તકલીફ અને મને વાંચવાની મુશ્કેલી. એના કરતાં તેઓ તમારા બેમાંથી કોકને લખાવે, એ શું ખોટું? સ્વસંતોષ માટે જાતે થોડુંક ભલે લખે.

લિ. કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ

૧૦

'મગનવાડી' વર્ધા, ૯-૪-'૩૫

પ્રિય શ્રી નેત્રમણિભાઈ,

આજે ખાદીકાગળ ઉપર લખું છું.

ઇસ્લામ ઇશ્વરભક્તિમાં એકનિષ્ઠ છે. જો કોઈ માણસ ઉપર ઇશ્વરભાવનું કોઈએ આરોપણ કર્યું, તો ઇસ્લામ ઊકળી ઊઠે છે. તે

કહે છે કે, બાકીના બધા ગુનાની તોબા ખુદા કબૂલ રાખે છે. પણ કોઈ માનવીને ઇશ્વર સાથે શરીક કરવો, એ 'શિર્ક'નો ગુનો ઇશ્વર માફ કરતો જ નથી. સૂફીઓ પણ ડાહ્યા થઈને કહે છે :

आदमको .खुदा मत कहो, आदम .खुदा नहीं ।
लेकिन .खुदाके नूरसे आदम जुदा नहीं ॥

આ જ દૃષ્ટિ હમેશને માટે રાખવા જેવી છે.

એક સવાલ કે સૂચના કરું ? રોજ નિયમિત કે અનિયમિત વાસરિકા (ડાયરી) લખવાની ટેવ છે? ન હોય, તો જ્યારે વખત મળે, ઉત્સાહ અને શક્તિ હોય, ત્યારે કોકને રોજની વાસરી લખાવવી. જાતે ન લખવું. આ પ્રવૃત્તિ એક નિત્યનો વિનોદ થશે. તે ઉપરાંત તમારી આજની સ્થિતિમાં એ સાધના જેવી નીવડશે. અને નિત્ય વાસરી લખવાથી નામસ્મરણનો પણ ઉત્સાહ વધશે. વાસરીમાં રોજના બનાવો, વાચન, મનન, બધું જ લખાય. જાતે ન લખવું. બીજાને લખાવવું. એટલે થાક ન લાગે, શરીરનો આરામ ન તૂટે અને મનને આસ્તે આસ્તે વિચાર ગોઠવવાનો વખત રહે. જાતે લખતાં વિચાર, લાગણીઓ અને ભાવનાનો ધોધ રોકાતો નથી. માટે જ જાતે ન લખવું. કાગળો પણ જાતે જ લખવાનો આગ્રહ ન હોય. કોક વખતે ભલે જાતે લખાય.

મારું ઇન્દોરનું ભાષણ છપાયે જોવા મોકલીશ. શરીર અપંગ હોય છે, ત્યારે માનસિક સાધના જ બસ થાય છે. માટે, પડ્યા પડ્યા ચિત્તગ્રંથિ ઉકેલવાના પ્રયત્નો કરી શકાય. અમુક પ્રસંગો અને કર્મો માનસિક ક્રિયાથી જ કરી છુટાય. જપયજ્ઞ તો મહાન છે જ.

લિ. સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૧૧

'મગનવાડી' વર્ધા, ૯-૪-'૩૫

પ્રિય નરેન્દ્રભાઈ,

તમારો તા. ૫ નો કાગળ મળ્યો. પિતાશ્રીએ દાંત કઢાવવાનું નક્કી કર્યું, એ સારું કર્યું. દાંતનો લોભ રાખતાં બીજી અનેક ઉપાધિઓ

વેઠવી પડે છે. જ્યાં પ્રવાહી કે પોચો પદાર્થ જ લેવાનો છે, ત્યાં હવે દાંત વગર ચાલી શકશે. અને સાજા થયે કૃત્રિમ દાંત બેસાડી પણ શકાય. જેલજીવનમાં ખરાબ ખોરાકને કારણે મારા દાંતનાં મૂળિયાં બગડી ગયાં. એમાં પાયોરિયાની શરૂઆત થઈ, એટલે મેં તરત જ દાંત મજબૂત હતા, છતાં કઢાવી નાખ્યા. હાલ પોતાના આઠ જ દાંત છે. બાકીના બધા દત્તક છે. મેં કર્યું તે યોગ્ય જ કર્યું, એમાં શંકા નથી.

મને લાગે છે કે, શરીરમાં જાતજાતની દવાઓ રેડવી કે ઇન્જેક્ટ કરવી, એ સારું નથી. કુદરત ઉપર ઘણું છોડવું જોઈએ. ઉપવાસથી ગભરાવું નહીં. ભક્તિમાર્ગી વૈષ્ણવો માટે એક વચન મારા ફોટો પાછળ લખ્યું છે, તે તમને ગમવું જોઈએ.

લિ. કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૧૨

'મગનવાડી', વર્ધા, ૯-૪-૩૫

ચિ. સૌ. . . .

તમારો તા. ૭–૪ નો પત્ર મળ્યો. તા. ૫ મીએ નાખેલા બંને કાગળો મને એકીસાથે મળ્યા હતા. કાગળો ગેરવલ્લે જતા નથી. કોક કોક વાર મોડા મળે છે, એટલું જ. અમે તા. ૧૯મીએ ઇન્દોર જવા ઊપડીએ છીએ. મે૦ મહિનામાં મુંબઈ પહોંચવા ધારું છું.

પિતાશ્રીની ચિત્તવૃત્તિ પ્રસન્ન રાખવા હમેશ મથતાં હશો જ. તમે લખો છો, તે બધું સાચું છે. પણ આમાંથી પણ સમાજ રસ્તો કાઢશે જ. આ દુનિયા સંતોના તપથી જ ચાલે છે.

સ્ત્રી જાતિના ઉદ્ધારના દિવસો નજીક આવે છે. તેમણે દૃઢતા અને સાત્ત્વિક તેજ કેળવવું જોઈએ.

લિ. કાકા કાલેલકરના
શુભાશિષ

૧૩

ઓચાસણ. જિલ્લો ખેડા,
તા. ૩-૫-'૩૫

પ્રિય શ્રી નેત્રમણિભાઈ,

તમારો તા. ૨૯-૪ નો કાગળ મને વર્ધાથી અહીં મળ્યો. છાપાં પરથી તમે જાણ્યું હશે કે, હવે હું વર્ધા પાસેના જ કોઈ ગામડામાં સ્થિર થવાનો છું અને હિન્દી તથા નાગરી પ્રચારનું કામ, જે ઇન્દોર સંમેલનમાં મારે માથે આવ્યું છે, તે ગાંધીજીની સંનિધિમાં રહી કરવાનો છું.

રોજના અમુક કલાક મૌન એકાંતમાં રહી સાધનામાં ગાળીશ. બાકીનો વખત સેવાની પ્રવૃત્તિમાં ગાળીશ.

હાલ તુરત કામ પ્રસંગે ગુજરાતમાં આવ્યો છું. હું જબલપુર ગયો ન હતો. ઇન્દોરથી વર્ધા ગયો. ત્યાંથી વડોદરા થઈ અહીં આવ્યો છું. અહીંથી નવસારી, અમદાવાદ, ભાવનગર કરી મુંબઈ આવીશ તે વખતે આપણે મળીશું. હવે હું પણ મળવા ઇંતેજાર થયો છું. મારી તબિયત સરસ છે.

મુંબઈ પહોંચતાં મે મહિનાની ૧૪મી તારીખ આવી જવાનો સંભવ છે. બનતી ઉતાવળ કરું છું.

મને કાગળ લખવો હોય તો હરિજન આશ્રમ, સાબરમતી, એ સરનામે તા. ૯મીની આસપાસ પહોંચે એવી રીતે લખી શકો છો.

લિ. સ્નેહાધીન
કાકા કાલેલકરના
સપ્રેમ વંદેમાતરમ્

૧૪

હરિજન આશ્રમ, સાબરમતી
૧૦-૫-'૩૫

પ્રિય શ્રી નેત્રમણિભાઈ,

તા. ૬-૫ નો કાગળ મળ્યો. હું અહીંથી તા. ૧૨મીની રાત્રે ગુજરાત મેલમાં ઊપડી તા. ૧૩મીએ સવારે ૭ વાગ્યે મુંબઈ પહોંચવાનો

છું. ઊતરવાનું કાલબાદેવી રોડ ઉપર ખાદી ભંડાર સામે જમનાલાલ બજાજની બચ્છરાજ કંપની છે, ત્યાં સૌથી ઉપલે માળે રાખીશ. સૅન્ડહર્સ્ટ રોડ ઉપર ટોપીવાળાનો માળો છે, ત્યાં ભાઈ નીલકંઠ મશરૂવાળાને ત્યાં પણ રહું એવો સંભવ છે. તમારું સરનામું મારી પાસે છે એટલે મકાન શોધી કાઢીને જરૂર મળવા આવીશ.

ખાવાપીવાના મારા બેત્રણ ખાસ નિયમો છે. તેથી એ સગવડ જ્યાં સહેજે ગોઠવાઈ ગઈ છે ત્યાં જ રહેવાનું કરું છું.

મારા ખોરાકમાં ઘી, દૂધ, દહીં વગેરે બધું ગાયનું જ લેવું એ મારું વ્રત છે. વઘારમાં તેલ હોય તો ચાલે છે, પણ ઘણી વાર લોકો ભેંસનું ઘી વાપરી નાખે છે એટલે આખી રસોઈ મારે માટે નકામી થાય છે. બીજું, સ્વદેશી કે પરદેશી કોઈ જાતની ખાંડ હું લેતો નથી; ગોળ જ લઉં છું. મરચાં ખાતો નથી. ગરમ મસાલો પણ મને અનુકૂળ આવતો નથી. શાક મળે ત્યાં સુધી દાળનો ઉપયોગ ન કરવો, એ મને પસંદ છે. અને દાંત કઢાવ્યા પછી રોટલી-રોટલા ચાવવાની પણ મુસ્કેલી. તેથી ગાયના ઘીનો ગોળમાં બનાવેલો શીરો અથવા ખીચડી અથવા કંસાર અથવા એવું જ કંઈક પોચું અન્ન લઉં છું. નહીં તો દૂધ, ગાયનું માખણ અને પાઉં રોટીથી ચલાવું છું. ફળ મળે ત્યારે શાકની જરૂર નથી રહેતી; અને મધ હોય ત્યારે ગોળની જરૂર નથી રહેતી. દિવસના ત્રણે ટંક અને મહિનાઓ સુધી એક જ જાતનો ખોરાક હોય તોયે મને વાંધો નથી આવતો. રાત્રે સાત વાગ્યા પછી હું નથી જમતો. આટલા બધા નિયમો લઈને નવે ઠેકાણે જમવા જવું એ એક આપત્તિ જ ગણાય. એટલે નક્કી ઠેકાણે જ જમવાનું રાખું છું. રાત્રે નવ વાગ્યા પછી ઉજાગરા કરવા એ અનુકૂળ નથી આવતું. કેમ કે સવારે ત્રણચાર વાગ્યે જ ઊઠી જાઉં છું. આ ઉપરાંત મારી દિનચર્યાની કશી ખાસિયત નથી. સવારે ચાર વાગ્યે અને રાત્રે સાતઆઠ વાગ્યાની આસપાસ પ્રાર્થના કરવાનો નિયમ છે.

લિ. કાકાના
સપ્રેમ વંદેમાતરમ

૧૫

'મગન વાડી', વર્ધા
૨૦–૫–'૩૫

ચિ. સૌ. . . . બહેન,

તમારો માયાળુ કાગળ મળ્યો. આ વખતે હું મુંબઈ આવ્યો, ત્યારે આઠ દિવસ રહેવાની તૈયારી કરીને જ નીકળ્યો હતો. પણ એક સમિતિની બેઠકને કારણે મારે તરત અહીં આવવું પડ્યું. તેથી તમારે ત્યાં બે વાર આવ્યો છતાં કશી વાતચીત થઈ શકી નહીં. પરિચય થયો એટલું જ. પણ એટલુંયે ઘણું છે, કેમ કે, હવે તમે છૂટથી કાગળો લખી શકશો. તમારા ઘરનું વાતાવરણ જોઈ હું રાજી થયો. નાનકડી ચિ. પ્રમોદિનીએ ઘણો સંકોચ બતાવ્યો, પણ જ્યારે હું પાછો મુંબઈ આવું, ત્યારે જો એ ત્યાં જ હોય તો વગરસંકોચે મારી પાસે આવશે અને મને ગાઈ પણ સંભળાવશે, એવી આશા રાખું છું.

આજકાલ મારી તબિયત સરસ રહે છે. કામ એ પણ માણસને તંદુરસ્ત અને પ્રસન્ન રાખનારો સાત્ત્વિક ખોરાક છે. અખંડ કામ અને સતત મુસાફરી બન્ને મને સદે છે. અને વાતો કરવી એ તો મારો સ્વધર્મ થઈ પડ્યો છે. કોઈની વાતો, હૃદયની વાતો સાંભળતાં મને થાક ચડતો નથી. આપણે પૈસા ખરચીને કૃત્રિમ રીતે લખાયેલી નવલકથાઓ વાંચીએ છીએ, એની પાછળ પણ હૃદયોનો પરિચય કરી લેવાનો જ આનંદ હોય છે. જ્યારે જ્યારે માણસ વિશ્વાસપૂર્વક પોતાના અનુભવો, લાગણીઓ, મૂંઝવણો વગેરે બધું કહી દે છે, ત્યારે એમાં સાત્ત્વિકતા અને સત્યતા હોય છે. નવલકથાઓ મેં બહુ ઓછી વાંચી છે. મને એ કાલ્પનિક બયાનોમાં એટલો રસ નથી આવતો, જેટલો ઓળખીતી વ્યક્તિઓની જીવનકથાઓના વિવિધ અધ્યાયોમાં આવે છે.

ભાઈ નરેન્દ્રે સ્ટેશને આણેલાં ફળો અને શીરો અમે ખૂબ ભાવપૂર્વક ખાઈ ગયા. શીરાનો તો મોટો ભાગ મેં જ ખાધો. પ્રેમથી આપેલો સાત્ત્વિક ખોરાક મારે મન ઈશ્વરનો પ્રસાદ જ છે. પૂ. ગાંધીજી જ્યારે અમને કોક વખતે પોતાને હાથે પીરસે છે, ત્યારે એટલા આનંદથી ખાઈએ છીએ! પણ ગાંધીજી ખાતી વખતે આગ્રહ કરતા નથી. મને

પોતાને આગ્રહ ગમતો નથી, કેમ કે, આગ્રહ એ વસ્તુ કળામય જીવનમાં ભળતી નથી. ખાવાની વસ્તુ માણસ આગળ પ્રેમપૂર્વક મૂકીએ એમાં જ બધો આગ્રહ આવી ગયો. અમુક વસ્તુ ખાઓ અથવા અધિક ખાઓ એ જાતનો આગ્રહ હું કોઈને ન કરું. સામો માણસ મરજીમાં આવે તે અને તેટલું ખાય. એની રુચિઅરુચિ જાણી લીધી એટલે બસ. જ્યારે મારા મિત્રો મારી પાસેથી માગીને ખાય છે, ત્યારે મને વિશેષ આનંદ થાય છે.

જ્યારે હું વિદ્યાપીઠ ચલાવતો અને અમારો બાળ આશ્રમમાં ભણતો, ત્યારે હું એને માટે ખાવાની કેટલીક વસ્તુઓ, સૂકો મેવો આણી કબાટમાં મૂકી દેતો અને એને કહી રાખતો કે, ખાવાની વસ્તુઓ પડી છે. જ્યારે એ વિદ્યાપીઠમાં આવે ત્યારે બિલાડીની પેઠે ઓરડીમાં ઘૂસી મરજીમાં આવે તે ખાઈ જતો અથવા પોતાના મિત્રોને આપતો. એને કશો આગ્રહ કરવાની મને ઇચ્છા જ થતી ન હતી. એથી મારી કળાવૃત્તિને આઘાત પહોંચે. ખોરાક એ શરીરને પોષવાનું સાધન છે. એની સગવડ કરી આપીએ એટલે બસ. ખાવાનો આગ્રહ કરવાથી આપણે સામા માણસના પાર્થિવ જીવનને પ્રમાણ બહાર મોટું કરી મૂકીએ છીએ. માટે જ પેલે દિવસે મેં દાખલો આપ્યો હતો કે, આપણે ત્યાં કોઈ મહેમાન આવ્યો હોય, તો આપણે એની નાહવાની ઉત્તમ વ્યવસ્થા કરીએ છીએ, એને માટે સારામાં સારું દાતણ રાખીએ છીએ, છતાં દાતણ કરવાનો આગ્રહ નથી કરતા, સ્નાનનો પણ આગ્રહ નથી કરતા. શરીરની એક હાજત ઉત્તમ રીતે પૂરી પાડી એટલે બસ. જીવન રસમય કરવાના મારા આગ્રહમાં જ આ વસ્તુ મેં કેળવી છે. અને તેથી જ અહીં આટલો બધો વિસ્તાર કર્યો. મને લાગે છે કે, તમે સમજી જશો.

અહીં અમે એક મોટો સમુદાય કરીને રહીએ છીએ. અહીં આવતાવેંત ત્યાંથી આણેલાં ફળોમાંથી જે બચ્યાં તે છોકરાઓને આપી દીધાં. મારો ખોરાક પૌષ્ટિક પણ સાદો હોય છે. સ્વાદ ખાતર કશું ખાવાની ઇચ્છા જ નથી થતી. જે સામું આવ્યું તે ખાઈ લીધું. લીમડાનાં પાંદડાંનો રસ પણ મેં પ્રસન્નતાપૂર્વક પીધો છે. આ વાત મારે માટે નવી નથી. જ્યારે કૉલેજમાં ભણતો, ત્યારે મારાં માતુશ્રી મને

પૂછતાં, "દત્તુ! તને ખાવાનું શું કરી આપું? તને ખાસ શું ભાવે છે?" મને કશું જ સૂઝતું નહીં. હું કહેતો, "બા, ગમે તે કરી આપ. તારા હાથનું ગમે તે હોય, મને ભાવવાનું જ." બાને આટલા જવાબથી સંતોષ થતો નહીં. ચિડાઈને કહેતાં, "બળ્યો વનમાણસ છે — એને શું ભાવે છે એની પણ એને ખબર નથી. હેતપૂર્વક ખવડાવનારે શું કરવું?" હું ફરી કહેતો, "બા, મને ખાવાનો સ્વાદ છે, પણ તું જે બનાવી આપે તે બધું જ ભાવે છે, એ મારો ગુનો." બાએ અનેક વાનીઓ બનાવી આપી અને મારી રુચિઅરુચિ શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો. પણ અહીં તો બધું જ સરખું. અંતે બાએ કહ્યું, "ખરેખર વનમાણસ છે વનમાણસ!" જ્યાં બા ન ફાવ્યાં, ત્યાં દીકરી સમાં તમે શું ફાવવાનાં હતાં? એટલે કશું મોકલતાં નહીં, પણ જ્યારે મુંબઈ આવું અને તમે પિયેર હો, ત્યારે તમને જે રુચે તે મને ખવડાવો. મારા આહારના નિયમો તમે જાણો છો જ. અને મુંબઈથી મુસાફરીએ ઊપડતાં હું જ કેટલાંક ફળો માગી લઈશ એટલે પત્યું.

મારા બંને દીકરાઓ પારલા રહે છે. કૉલેજમાં ભણે છે. મારી સાથેના મતભેદને કારણે જુદા રહે છે. સ્વાવલંબી છે. બંને માયાળુ છે. મુંબઈમાં ચિ. બાળ ત્રણે દિવસ મળવા આવ્યો હતો. હેતાળ છે. બન્નેએ મને ધન્યતા આપી છે. એ બન્ને માતાને અભાવે દુઃખી રહે છે. મારાથી બને તેટલું એમનું દુઃખ ઓછું કરું છું. પણ વાત એ છે કે, મારામાં કૌટુંબિક વૃત્તિ રહી જ નથી. પોતીકા અને પરાયા એ ભેદ પ્રયત્નપૂર્વક યાદ કરવો પડે છે. પોતાના કામમાં એટલો બધો ડૂબેલો રહું છું કે, બીજી વસ્તુનું સ્મરણ નથી રહેતું. દિવસ કેમ ઊગ્યો અને કેમ આથમ્યો એનો ખ્યાલ જ નથી રહેતો. વાસરી લખું છું, ત્યારે પણ બધું પ્રયત્નપૂર્વક યાદ કરવું પડે છે. પણ જીવનનો ખરો આનંદ એ જ છે.

ખાવાપીવામાં, કપડાંઘરેણાંમાં, નોકરચાકરમાં, વાડીવજીફામાં આનંદ છે; નથી એમ નથી. પણ આ આનંદ આગળ પેલો કૂચા જેવો જણાય છે. મેં જીવનમાંથી રસ મારી નથી નાખ્યો. પણ રસ સેવતાં સેવતાં અભિરુચિ ચડતી ગઈ એટલું જ. દરેક માણસ જો પોતાની શુદ્ધ સ્વાભાવિકતા જાળવે, તો એને એ જ અનુભવ થશે.

જંગલમાં બેઠો હોઉં તોયે કાગળો લખતી વખતે બધા મિત્રો પાસે જ હોય છે. કાગળો મારફતે વાતો કરું છું. કોક વખતે મદદગાર પણ નીવડું છું. એથી વધારે આનંદ કયો?

ચિ. પ્રમોદને ધમકાવીને પણ વધારે દૂધ પાજો. દૂધ અને માખણ બાળકોને ખૂબ જોઈએ. ખાસ કરીને દૂધ. દૂધથી હાડકાં મજબૂત થાય છે અને બાળકો દીર્ઘાયુ થાય છે. પ્રમોદને પેટમાં માય તેટલું દૂધ પાજો. દૂધથી નુકસાન તો થતું જ નથી.

લિ. કાકાના
સપ્રેમ શુભાશિષ

૧૬

પ્રિય નેત્રમણિભાઈ,

કાગળ મળ્યો. કેટલુંક તો ચિ. . . . બહેનના કાગળમાં લખ્યું છે તે જોશો. પ્રેમળ હૃદયના બાલભાવથી અનેક વાર પુનિત થયો છું તેથી એની મારી આગળ કિંમત ઘણી છે. પણ શિક્ષક રહ્યો, એટલે દરેક ભાવને અમુક વલણ આપવાની ટેવ પડી ગઈ છે. પ્રકૃતિને વિકૃત થવા ન દેતાં સંસ્કારી બનાવવી એ જ કેળવણીકારનો સ્વધર્મ — સહજધર્મ છે.

તબિયત સાચવવાની કળા હવે કેળવવી જોઈએ, એમ તમને નથી લાગતું?

રસ એ પરમ મંગલ વસ્તુ છે તેથી જે પરમ મંગલ છે તે જ રસમય છે.

જે સ્થિતિમાં કે વૃત્તિમાં સર્વત્ર તાદાત્મ્ય અનુભવાય છે અને છતાં તાટસ્થ્ય તૂટતું નથી તેને જ હું રસસિદ્ધિ કહું. મારી સાધનામાં — એના મૂળમાં — રસતત્ત્વ જરૂર છે. માત્ર એ રસો પરિપક્વ અને વિશુદ્ધ થવા જોઈએ ના?

જ્યારે જ્યારે ઉત્તમ સંગીત સાંભળું છું, ત્યારે ત્યારે અનુપમ સ્થિતિ થઈ જાય છે. એ બહાર વ્યક્ત ન થઈ જાય, એ માટે પ્રયત્ન કરવો પડે છે. સંગીત મારે માટે વિનોદ નથી પણ સાધના છે. માંદગી ખંખેરવામાં સંગીતે મને ઘણી મદદ કરી છે. સંયમ એ જીવનરસનું

વ્યાકરણ છે, તેથી જ મારે મન એની કિંમત છે. આસક્તિ એ 'રસ' નથી, કળા નથી. એમાં ખરો આનંદ પણ નથી. મારે કોક વખતે કર્મયોગ સાથે રસયોગ પણ લખવો જોઈશે. કેવળ ભક્તિયોગમાં એ બધું આણી ન શકાય.

લિ. કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૧૭

પ્રિય ભાઈ નરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો. ફરી મુંબઈ આવીશ ત્યારે આઠ દિવસથી ઓછો નહીં જ રહું, એવી સગવડ સાથે આવવા ધારું છું. દાંતના ડૉક્ટરે પણ એમ જ કહ્યું છે.

તમારી સાથે વધુ વાતો થઈ હોત તો સારું થાત. તમને વધારે સમજી લેત. શું તમે વધારે નિવૃત્તિમાર્ગી છો? હૃદય તો નિવૃત્તિમાર્ગી હોય અને આખું જીવન પ્રવૃત્તિમાં—નિષ્કામ, અનાસક્ત પ્રવૃત્તિમાં પરોવાયેલું હોય, એ જ જીવનકળા છે.

જીવનથી નાસી છૂટવું એ નિવૃત્તિ નથી. જીવનના એકે અંગને વશ ન થતાં એ બધા અંગોને વશમાં રાખવા એમાં જ પ્રભુત્વ છે અને આનંદ છે. કામકાજ વગર સંકોચે કહેતો જઈશ.

લિ. કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૧૮

મગનવાડી,
૩-૬-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તા. ૩૧નો લખેલો કાગળ આજે મળ્યો. હું તો બે દિવસ પહેલાં તમારી પાસેથી ફળોનો કરંડિયો મંગાવવાનો હતો. બન્યું એવું કે, પૂ. બાપુજી અહીંથી મુંબઈ અને ગુજરાત તરફ ગયેલા ત્યાં સુધી અહીંની વ્યવસ્થા મારે સંભાળવાની હતી. અહીં બે જણા ફળ ઉપર રહેતા હતા

અને બજારમાં સારાં ફળો ન મળે. વિચાર થયો કે ચાલો, મુંબઈ તમને લખીએ. પણ તે જ દિવસથી સારાં ફળો આવવા લાગ્યાં. હવે તો પૂ. બાપુજી પણ આવી ગયા. અને હું એકબે દિવસમાં નજીકના ગામડામાં રહેવા જવાનો છું.

ચિ. બાળ અને શંકર બન્ને મારાથી સ્વતંત્ર છે. બન્ને મોટા થયા છે. એમણે પોતપોતાનો રસ્તો શોધી લીધો છે. તેમાંયે ચિ. શંકરે મારી સાથેના મતભેદને લીધે સાવ સ્વતંત્ર વૃત્તિ કેળવી છે. એમનો રસ્તો મને માન્ય નથી, છતાં અમારી વચ્ચે ક્લેશ બિલકુલ નથી. પણ આવી વાતો એમની સાથે ચર્ચશો નહીં. એમને નાહક દુ:ખ થાય. બન્નેની સ્વતંત્રતા વિષે હું મગરૂર છું. બન્નેને કલ્યાણને માર્ગે સફળતા ચાહું છું. એ બન્ને એકબીજાને જિગરથી ચાહે છે, એ મારું એક અસાધારણ સમાધાન છે. પણ મેં ક્યારની વિરક્તિ કેળવી છે. મારા અન્ય વિદ્યાર્થીઓ કરતાં એમનામાં મને વિશેષ રસ કે મમતા ન રહે, એમ પ્રભુ પ્રત્યે માગી રહ્યો છું. મારા બધા જ વિદ્યાર્થીઓ પોતાની શક્તિ ગરીબોની સેવા કાજે વાપરે, એ એક જ મોટી અભિલાષા છે. દીકરા શું અને વિદ્યાર્થી શું, સ્વતંત્ર, સ્વાવલંબી અને તેજસ્વી જીવન ગાળે એમ જ હું ઇચ્છું છું. વાત્સલ્યથી એમને આશીર્વાદ આપશો એટલે બસ છે.

મેં બાળને લખ્યું છે કે અવારનવાર તમને મળે.

. . . ભાઈ પોતાને વિષે, પોતાના વાચન વગેરે વિષે વિગતથી લખે. મારું કામ વધતું જાય છે. એટલે હું લાંબા કાગળો હવે ન લખી શકું છતાં વિગત વાર કાગળો વાંચવાનો સમય હોય છે.

ચિ. . . . બહેને કશું લખ્યું નહીં એનું તો આશ્ચર્ય થયું. રોજ રોજ કશું લખવાનું હોય નહીં એ વાત સાચી. પણ કાંઈ નહીં તો કન્યાના તોફાન વિષે તો એકાદ લીટી જરૂર લખાય. અહીં ઉનાળો પૂરજોસમાં વરસે છે. ૧૨૦° સુધી તપ કરે છે.

લિ. સ્નેહાધીન
કાકા કાલેલકરના વંદેમાતરમ્

લિપિ સમિતિ કાર્યાલય, વર્ધા
૧૦-૬-૩૫

પ્રિય નેત્રમણિભાઈ

. . . ના અક્ષર આટલા સુંદર છે ત્યારે એમને હાથે જ કેમ કાગળ નથી લખાવતા? જાતે લખવામાં જે કષ્ટ પડે છે તે . . . જરૂર બચાવશે.

અહીંનો તાપ હું એકલો જ સહુ છું એમ નથી. હજારો લોક આવા તાપમાં હરે છે, ફરે છે અને ખેતીનું કામ પણ કરે છે. હિમાલયમાં સીવેલાં કપડાં વગર ફરતો એમાં વિશેષતા હતી ખરી. કોરો તાપ ત્રાસદાયક ગમે તેટલો હોય, તોયે નુકસાનકારક જરાયે નહીં.

સેવા અને પૂજામાં હું ભેદ કરું છું. માણસ સેવા લઈ શકે છે, પૂજા લેવાનો અધિકાર ફક્ત પરમાત્માનો જ. ભગવાનને ભૂખ નથી છતાં આપણે એને ખવડાવીએ છીએ, એને પંખો કરીએ છીએ, સુગંધી ફૂલો ચડાવીએ છીએ, બધું કરીએ છીએ. એ બધું ગ્રહણ કરતાં છતાં એ જ સલામત રહી શકે છે. માણસ પૂજા લે તો પડે, સેવા લીધા વગર તેનો છૂટકો નથી. માંદાં, અપંગ, બાળક, વૃદ્ધ અને અતિવ્યવસાયી માણસ જરૂર જેટલી સેવા લે એમાં વિશેષ દોષ નથી, પણ પૂજા લેતાં એણે ડરવું જોઈએ. પૂજા કરનાર શુદ્ધ ભાવે માણસની પૂજા કરે તો એ તરી જાય, પણ લેનાર શુદ્ધ ભાવે કે તટસ્થ ભાવે પૂજા શી રીતે લે? પૂજા લેવાની ટેવ પડી એટલે માણસ ભાન ભૂલી જાય, એદી બને, ફટાઈ જાય અને અંતે કાયર પણ બને. તેથી ભક્તિભાવ હોય તોયે કોઈ માણસની પૂજા કરવા પ્રવૃત્ત ન થઈએ. બાળક, અપંગ, વૃદ્ધ, માંદાં અને કાર્યગ્રસ્તોની પ્રમાણસર સેવા કરીને સંતોષ માનીએ.

મારામાં વૈષ્ણવ વૃત્તિ નથી એમ નથી. પ્રેમ ઢાલવવાનો, સેવા કરતાં હંમેશ અતૃપ્તિ અનુભવવાનો લહાવો મેં લૂંટ્યો છે. પણ હવે એ વૃત્તિને પોષતો નથી. પ્રેમી લોકોની સેવા હદ કરતાં વધારે લીધી પણ છે. અને અંતે આટલી સેવા લેવાનો મને શો અધિકાર હતો, સેવા લીધી એના પ્રમાણમાં કશું આપ્યું નથી એનો વિષાદ માત્ર મનમાં રહ્યો.

સેવા કરવામાં પ્રેમ વ્યક્ત થાય છે, તેમ વગર સંકોચે સેવા લેવામાં પણ પ્રેમ અને આત્મીયતા વ્યક્ત થાય છે. પણ એ ઐક્ય જો તૂટે, તો સેવા કરનારને કશું લાગતું નથી; પણ જેણે સેવા લીધી પણ આપી નથી એની શી વલે થાય? મેં એ દુઃખ અનુભવ્યું છે. અને છતાં મિત્રો પાસેથી અને વિદ્યાર્થીઓ પાસેથી સેવા લેતાં સંકોચ રહેતો નથી!

સેવાપૂજા તો ભગવાનની અને એના જગતની, જે કાંઈ આપવાનું મન થાય તે એના બધા બાળકોને પહોંચે એવી રીતે કેમ ન આપી દઈએ? એટલે કે, જેઓ સમાજસેવા કરી રહ્યા છે તે બધાને કેમ ન આપીએ? અમુક વ્યક્તિને જ સુખી કરવાની વૃત્તિ કેમ?

છતાં એ ભક્તિભાવને પણ જીવનમાં સ્થાન છે. એ વૃત્તિ સ્વાભાવિક છે. એની સુંદરતા હું સમજી શકું છું. એ પણ એક સાધના છે. પણ એ સાધનાની મૂર્તિ બનનારે અનાસક્તિના પ્રત્યક્ષ અવતાર બનવું જોઈએ. માણસ ઈશ્વર નથી, છતાં માણસમાં ઈશ્વર છે જ. તેથી જ હંમેશ રટું છું: આદમકો ખુદા મત કહો, આદમ ખુદા નહીં; લેકિન ખુદાકે નૂરસે આદમ જુદા નહીં.

આજકાલ લખવાવાંચવાની પ્રવૃત્તિ વધી છે એટલે નથી પહોંચાતું. હવે પછી મારા કાગળો જલદી જલદી ન મળે અથવા જરા ટૂંકા થાય, તો એમ ન માનતા કે સદ્‌ભાવ ઓછો થયો છે. કામ વધતું જાય છે અને મને બધું જાતે કરવાની ટેવ નહીં. જ્યારે કોઈ બાહોશ હિંદી સેક્રેટરી મળી જાય ત્યારે ફરી થોડીઘણી નવરાશ મળશે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૨૦

બોરગાંવ, સોમ,
૧૦–૬–૩૫

ચિ. . . .

તમારો લાંબો કાગળ મળ્યો. અહીં કેરી મળી શકે છે. ગોવાની કેરી જેવી કે બિહારી કેરી જેવી નહીં. પણ મીઠી અને રસાળ હોય છે. પૂ. બાપુજીની મગનવાડીમાં અવારનવાર કેરી હોય જ છે. મારે જોઈશે ત્યારે મંગાવીશ. સંકોચ નહીં રાખું. આજે જ રણોલીથી મારા

જૂના વિદ્યાર્થી ભાઈલાલ પટેલે ૨૫ શેર આફૂસ કેરી મોકલી છે. મેં તે મગનવાડીમાં આપી દીધી. પૂ. બાપુજી મને બે ચાર મોકલશે તે પ્રસાદરૂપે ખાઈશ. સંયમની દૃષ્ટિએ મુખ્યત્વે નહીં, પણ આદર્શ આહારની દૃષ્ટિએ પ્રયોગ કરતા રહીએ છીએ. હું જોઈ રહ્યો છું કે, શાકભાજીમાંથી જે ક્ષાર, પુષ્ટિ અને વિટામિન — પ્રાણતત્ત્વો મળે છે તે બધાં લીમડાનાં પાંદડાંમાંથી મળે છે. એટલે એ પાંદડાંની ચટણી બનાવીએ છીએ. વાટેલાં પાંદડાં અને થોડુંક મીઠું. બસ ઉત્તમ ચટણી થઈ જાય છે. એને દૂધમાં ભેળવો, દહીં કે ખાખરા સાથે ખાઓ, કે એમ ને એમ ચાટી જાઓ. મને લીમડો ખૂબ ભાવે છે. વૈદ્યો કહે છે તેવા ગુણો એમાં મેં નથી જોયા પણ ભાજી તરીકે ઉત્કૃષ્ટ છે. દૂધ યા દહીં, ખજૂર અને લીમડાનાં પાન, ત્રણ મળીને સંપૂર્ણ ખોરાક થાય છે.

ખોરાક તૈયાર કરવા પાછળ બહેનોની કેટલી શક્તિ અને કેટલો વખત ખર્ચાય છે એનો વિચાર કરું છું, ત્યારે દુઃખ થાય છે. બહેનોને પોતાની ઉન્નતિને અર્થે વાચન, શિલ્પ, મુસાફરી, જાહેર સેવા કશું કરવાનો વખત જ રહેતો નથી. અને પોતાનાં વહાલાં બાળકો પ્રત્યે પણ દુર્લક્ષ કરવું પડે છે. આપણો ખોરાક સાદો બનાવવો જ જોઈએ. તો જ બહેનોનો ઉદ્ધાર થઈ શકે. મને ખબર છે કે, સ્વાદિષ્ટ પદાર્થો બનાવી ખવડાવવામાં બહેનોને અસાધારણ સમાધાન મળે છે. પણ એની પાછળ કેવડો મોટો ભોગ અપાય છે!

ચિ. પ્રમોદિનીને માખણ સાથે સાકર આપશો. અને દૂધ સાથે એને માફક આવે તો મધ આપશો, અને સવારે ઊઠતાવેંત એ શૌચ જાય એની પણ કાળજી રાખશો. ટેવ ન હોય તો પાડવી જોઈએ. એનો ઘણો લાભ છે.

બોરગાંવમાં જ્યાં રહીએ છીએ, એ એક સરસ બગીચો છે. પીપળ, વડ, જાંબુ, આંબલી, લીમડો વગેરે ઊંચાં ઊંચાં ઝાડો છે. સંતરાનાં પણ ઝાડો છે. છતાં પવન તો ગરમ ને ગરમ જ રહે છે. કાલથી હવા બદલાઈ છે. પવન જોરથી વાય છે. ધૂળ તો છે જ. બેચાર છાંટા પડ્યા. હવે વરસાદ થવો જોઈએ.

મારી તબિયત સરસ છે.

હવે અમે થોડા જ દિવસોમાં ગામસફાઈનું કામ હાથ ધરવાના છીએ. લોકો ગામના રસ્તા પર અને આસપાસ જ્યાં ત્યાં શૌચ જાય છે અને મનુષ્યવસ્તીને ઉકરડાથી પણ ખરાબ કરી નાખે છે.

'લોકમાતા' કેવી ગમી? તેમાનું 'માર્કંડી'વાળું પહેલું પ્રકરણ મને વિશેષ પ્રિય છે.

'ગામડાંની વહારે' એ બાપુજીની લેખમાળા વાંચી છે? નાનકડી છે. વાંચવા લાયક છે.

નાની પ્રમોદિનીને અનેક શુભાશિષ.

એ હવે કેટલા વાગ્યે ઊઠે છે?

લિ. કાકાના
સપ્રેમ શુભાશિષ

૨૧

ૐ

બોરગાંવ,
સોમવાર, ૧૦-૬-'૩૫

પ્રિય ભાઈ નરેન્દ્ર,

તમારા ત્રણેયના માયાળુ કાગળો મળ્યા. બહેન ... ના કાગળમાંથી એમની ચિત્તવૃત્તિ અને હૃદયના ભાવ સ્પષ્ટ પ્રકટ થાય છે. તમારા પિતાશ્રી તો ભક્તિભાવના એક ધોધ જ છે. તમારા કાગળમાં મારી પ્રથમ અપેક્ષા તમારા પિતાશ્રીની તબિયતના સમાચારની જ હોય છે. એની સાથે તમારા ગમાઅણગમા, તમારા આદર્શો, તમારો જીવનરસ વગેરે જાણવાની ઇચ્છા રહે છે. પણ તમે તમારી જાતને હંમેશ પાછળ જ રાખો છો. એમ કેમ? જેમ તમે તમારા વાચન વિષે અવારનવાર લખો છો, તેમ જ તમારી પ્રવૃત્તિઓ અને બીજી વસ્તુઓ વિષે લખો, તો ઓળખાણ વધશે.

પિતાપુત્ર વચ્ચે આદરવાત્સલ્ય હોય, પ્રેમ હોય પણ વિચાર અને આદર્શની એકતા ભાગ્યે જ હોય છે. તમે શંકર-બાળને બીજી રીતે નિહાળો એ બને. તમારા પિતાશ્રીની દૃષ્ટિ જુદી હોય. હું તમને જાણવા માગું છું.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૨૨

'મગનવાડી', વર્ધા
૩૦-૬-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

આજે સવારે નાના ધર્માધિકારીને હું કહેતો હતો કે, નેત્રમણિભાઈનો કાગળ નથી. વખતે ચોમાસાને કારણે એમની તબિયત બગડી હોય તેથી જ કાગળ ન આવ્યો હોય. એમની તબિયત વિષે તપાસ કરવાનો કાગળ લખવો જોઈએ. સામાન્ય રીતે કાગળ આવ્યા વગર હું લખતો નથી, પણ આજે એનો અપવાદ થઈ જાત. પણ તમારો કાગળ આવી ગયો.

હું કહેતો હતો કે, નેત્રમણિભાઈના ધાર્મિક વિચારો ભકિતભાવથી તરબોળ છે, જ્યારે મારી ભકિતની વ્યાખ્યા મેં શંકરાચાર્ય પાસેથી લીધેલી છે:

स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।

એક કિલ્લામાં રાજા રહે છે. પણ એ કિલ્લાનો કબજો શત્રુએ લીધો છે. પ્રજા કિલ્લા બહાર છે અને રાજા કિલ્લાની અંદર શત્રુના હાથમાં કેદ પડેલો છે. પ્રજા જો કિલ્લા ઉપર હુમલો કરે, ગોળાઓ ફેંકે તો રાજાને વાગે. રાજાની આસપાસ લોકો રહે છે. એ કાંઈ રાજાના ન કહેવાય. રાજાની મહોર વાપરીને તેઓ રાજાને નામે હુકમ પણ કાઢે છે. પણ એ રાજાના હિતમાં નથી હોતા. રાજ્યના હિતમાં ક્યાંથી જ હોય? આવી સ્થિતિ આપણી છે. આત્મા એ આપણા શરીરરૂપી કિલ્લામાં રહે છે. અને એને ઘેરીને રહેલી વાસનાઓ આત્માને નામે સ્વાતંત્ર્ય માગે છે. આત્મતૃપ્તિનો પ્રયત્ન કરીએ ત્યાં ઇંદ્રિયો પોતાની તૃપ્તિ શોધે છે. આવી સ્થિતિમાં ભારે કુનેહથી વાસનાઓ ઉપર વિજય મેળવી, હૃદયના રામરાજાને ઓળખી આપણા જીવનમાં એની જ આણ વર્તે એમ કરવું છે. દેહદંડનથી એ કામ પાર પડે છે જ એમ નથી. દેહદંડન એળે પણ જાય અને ઇંદ્રિયો વીફરે. એના કરતાં જીવમાત્રની શુદ્ધ સેવા કરતાં કરતાં પોતાની જાતને અને પોતાના ભોગોને ભૂલી જઈએ અને એમાં રહેલો રસ લૂંટતા રહીએ, એ જ

ઉત્તમ સાધના છે. માણસના ભોગ એની પૂજા દ્વારા ઈશ્વરને આપવા કરતાં ઈશ્વરના ભોગ આપણે ભોગવવાની એક શુદ્ધ કળા છે. બધા પ્રત્યે સમાન, સર્વત્ર ક્ષમાવાન, અખંડ જાગ્રત અને અખંડ સેવા-પરાયણ રહેવું એ જ ભગવાનનો ભોગ છે. એના અવતાર પણ એ જ કારણે થયા છે. જ્યારે શરીર ચાલતું હોય, ત્યારે તે ન વાપરવું એ હરામી છે. પણ અપંગ શરીરે પણ ઉત્તમ કોટિની સેવા થઈ શકે છે. શરીર ન ચાલે છતાં હૃદય વિશાળ બનાવી શકાય છે. બુદ્ધિશક્તિ હૃદયશક્તિ અને સંકલ્પશક્તિથી મહાન કાર્યો કરી શકાય છે. એટલે શક્તિ, તેમ જ અશક્તિ, આરોગ્ય અને રુગ્ણદશા, યશ તથા અપયશ—બધી ઈશ્વરની જ બક્ષિસ છે એમ સમજીને ચાલવું જોઈએ. મેં તો અનુભવ કર્યો છે કે, શુદ્ધ બુદ્ધિથી કરેલી મારી ભૂલોમાંથી પણ સારાં પરિણામો નીપજ્યાં છે. ઈશ્વરનું સ્વરૂપ જેટલું અકળ છે, તેટલી જ તેની યોજના પણ અકળ છે.

આપણને જરૂરનું છે તેટલું જ પોતાનું સ્વરૂપ ઈશ્વરે પ્રગટ કર્યું છે અને તે પ્રેમ છે. તે જ પ્રમાણે એની યોજના આપણે ન જાણતા હોઈએ તોયે આપણું દરેકનું કામ એણે ચીંધી આપ્યું છે અને તે નિષ્કામ સેવા છે. સેવા દ્વારા શુદ્ધ પ્રેમશક્તિ ખીલવતા રહેવું, એ જ જીવનયોગ છે.

મને લાગે છે કે, મારા એક પત્રમાં મેં સેવા અને પૂજા વચ્ચેનો ભેદ બતાવ્યો છે. ઈશ્વરનું નામ લેવું અને એના સ્વરૂપનું દર્શન કરવું એ શુદ્ધ પૂજા છે. એને સેવા પણ કહી શકાય. ખરું જોતાં એ પોતાને માટેની સાધના જ હોય છે. સેવા તો માણસની હોય. આપણને આપણા હૃદયનો વિકાસ કરવા માટે ઈશ્વર તક આપે છે. અને તેથી ગરીબ, અનાથ, દુખિયાં, અપંગ કે અસૂઝ લોકોની મૂંઝવણ ટાળવાની પરિસ્થિતિ ઈશ્વર આપણને દે છે. નમ્રપણે, ભક્તિભાવે એ તક વધાવી લેવી જોઈએ.

સત્સંગનું માહાત્મ્ય ખરેખર સૌથી મોટું છે. પણ સત્સંગ એટલે સદાચારી લોકોની શુદ્ધ અને સતત પ્રવૃત્તિનું નિરીક્ષણ, એનાં રહસ્યનું આકલન અને એની સાથેનો સહયોગ. પૂ. બાપુજીનું કામ ગમે ત્યાં બેસીને કરતો હોઉં, તોયે મને એમનો સત્સંગ છે. અને એમની

સાથે એમની ઓરડીમાં રહેતો હોઉં, પણ એમની પ્રવૃત્તિ પ્રત્યે વિમુખ હોઉં તો એમાં સત્સંગ ક્યાંથી? સત્સંગમાં આપણું મોટામાં મોટું રક્ષણ છે. કેમ કે એ આપણને આદર્શમાંથી, કર્તવ્ય પરથી, ખસતાં — ખરી પડતાં બચાવે છે, જાગ્રત રાખે છે. સત્સંગમાં પણ બધી જ ક્ષણો સરખી મહત્ત્વની નથી હોતી. સ્વાતિનો વરસાદ બધે વરસે છે. પણ જ્યાં છીપનું હૃદયકમળ એ બિંદુ સ્વીકારવા ખુલ્લું થયેલું — ઉન્મુખ હોય છે, ત્યાં જ એ ધન્ય ક્ષણ મળી જાય છે. એટલે હૃદયની તૈયારી કરતા રહેવું એટલું જ આપણું કામ છે. પછી ઈશ્વર ગમે તેવા માણસ મારફતે આપણને બોધ આપશે, દિશા દાખવશે અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ એને જોઈતું કામ આપણી પાસેથી લેશે. અને ન લે તોયે એનું દુઃખ શું?

સંગીતને હું વિનોદનું સાધન નથી ગણતો, પણ ભક્તિની સાધના ગણું છું. હું સંગીત શીખ્યો નથી. પણ નાનપણથી મારા પર સંગીતની અસાધારણ અસર હું જોઉં છું. જ્યારે સરસ સંગીત સંભળાય છે, ભાવપૂર્ણ ગીતો ગવાય છે, ત્યારે મારી ચિત્તવૃત્તિ એકદમ ઊંચી ભૂમિકાએ પહોંચે છે અને જીવનરહસ્ય સાચા સ્વરૂપમાં દેખાવા માંડે છે. સંગીત એ આત્માની ભાષા હોવી જોઈએ, હૃદયની તો છે જ. મારી માંદગીમાં દવા કરતાંય સંગીતે વધારે મદદ કરી, એવો મારો અનુભવ છે. બધા ઉપર સંગીતની સરખી અસર નથી થતી એ હું જાણું છું. પણ એનું મને આશ્ચર્ય છે.

આ ચોમાસાના દિવસો છે. મુંબઈનો વરસાદ તો આપણે બધા જાણીએ છીએ. તબિયત ખાસ સંભાળશો.

મને પોતાને ઊંઘની મુસ્કેલી હોતી જ નથી. સવારે, બપોરે, રાત્રે, મરજીમાં આવે ત્યારે ઊંઘી શકું છું. પણ તમને જો ઊંઘ ન આવતી હોય તો એક ઉપાય સૂચવું. શરીરમાં કળતર હોય અથવા બેચેની હોય તો વખતે એ તરત લાભ ન આપે, પણ સામાન્ય રીતે એ અસરકારક છે. મેં એ અનુભવ્યો છે અને બીજાઓને પણ એથી લાભ થતો મેં જોયો છે.

અનુકૂળ પથારીમાં શાંતપણે ચત્તા પડ્યા રહેવું. પગ સાવ સીધા ઢીલા રાખવા, હાથ માથા તરફ કે પડખે જેવી ટેવ હોય અને ફાવતું

હોય તેમ ઢીલા રાખવા અને પછી મન પણ ખાલી કરી દેવું. શરૂઆતમાં એ અશક્ય જેવું લાગે, પણ થોડાક નિશ્ચયથી એ શક્ય બને છે. પછી જાણે શરીરના બધા જ સાંધા છૂટી ગયા હોય, શરીર કટકા થઈને પડી ગયું હોય, એવી ભાવના કરી એને સાવ ઢીલું, છૂટું મૂકી દેવું. હઠયોગમાં શવાસન બતાવેલું છે. તેથીયે આમાં જરાક આગળ જવાય છે. મન ઉપર કશોય ભાર રહેવા ન દેવો. न किंचिदपि चिंतयेत् — આવી સ્થિતિમાં ત્રણચાર મિનિટ પડ્યા હોઈએ તોયે ઊંઘની અસર જણાવા માંડે છે. પછી જરૂર પડચે પડખું ફેરવી સૂઈ જવું. આવી ઊંઘ શરીર માગે છે તેટલા પ્રમાણમાં જ ટકે છે. એ બે કલાક પણ ટકે અને સાત કલાક પણ ટકે.

આજકાલ ઊંઘનો વિચાર કરું છું ત્યારે સાત કલાક ઊંઘવું એ મને ભયાનક લાગે છે. રાત્રે ચાર કલાક અને દહાડે એક કલાક એમ બે કટકે સૂઈને માણસ તબિયત ઉત્તમ સાચવી શકે એમ લાગે છે. ભારે શારીરિક શ્રમ કરનાર મજૂરો માટે આ નથી કહેતો. પણ બેઠાડુ લોકોથી તો આ નિયમ સહેજે પળાય.

લિ. સ્નેહાધીન
કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૨૩

વર્ધા, ૧૨-૭-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૧૦ જુલાઈનો કાગળ મળ્યો. મેં સાથેના બે કાગળમાં બધું લખ્યું છે, એટલે આમાં ફરી નથી લખતો. તમે તો માંદગી ભોગવતા ભોગવતા એમાં શૂરા થઈ ગયા છો. આટલી માંદગી ફરી ફરી સહન કરવી એ કાંઈ નાનીસૂની વાત નથી. એમાંથી પણ શરીર અમુક શક્તિ તો મેળવી લે જ છે.

મને જિંદગીમાં કડવા અનુભવ બહુ ઓછા થયા છે. મારી નાલાયકીનું મને ભાન છે, એટલે દુનિયાની ઉદારતાની મારા પર ભારે અસર થાય છે. દુનિયા આપણે માનીએ છીએ એટલી સાવ ખરાબ

કે દુષ્ટ નથી. એ છે ત્યાંથી જલદી બહુ ઊંચે આવતી નથી એટલી જ દુઃખની વાત છે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૨૪

વર્ધા,
૧૨–૭–'૩૫

ચિ. સૌ. . . . બહેન,

તમારો માયાળુ કાગળ મળ્યો. આશા રાખું છું કે ભાઈ નરેન્દ્રને હવે સાવ સારું હશે.

ચિ. બાળે નાહક તમને ગભરાવી મૂક્યાં. મને તાવ તો એક જ દિવસ આવ્યો. તે દિવસે મેં અપવાસ કરી નાખ્યો અને રોજ એક વાર ક્વિનાઈનનો ભાગ લેતો. ચાર દિવસ ક્વિનાઈન પીધું.

પિતાશ્રીની તબિયતને તમે બંને ખૂબ સાચવો જ છો, એટલે ભલામણ તો શું લખવાની હોય? ચોમાસું છે તેથી હવાની અસર થાય.

હું તો ભાગ્યે જ માંદો પડું છું. મને માંદું પડયે પોસાય પણ નહીં. હવે તબિયત બરાબર થઈ ગઈ છે અને કામ બરાબર થાય છે.

અહીં વરસાદ અને ઉઘાડ વારાફરતી થાય છે તેથી કંટાળો નથી આવતો.

મારે માટે તમે પ્રાર્થના કરો છો એની પણ અસર હશે જ. એટલે હું તરત સારો થઈ ગયો.

ચિ. પ્રમોદિનીને વરસાદમાં બહાર જવા નહીં દેતાં. ઘરમાં એને કોણ કોણ ભણાવે છે? પિતાશ્રી માટે અને ભાઈ નરેન્દ્ર માટે પણ તમારે તમારી તબિયત ત્રાંબા જેવી કરી મૂકવી જોઈએ.

લિ. કાકાના સપ્રેમ
શુભાશિષ

૨૫

બોરગામ, વર્ધા,
૧૨-૭-'૩૫

પ્રિય ભાઈ નરેન્દ્ર,

આજે રાત્રે અલ્લાહાબાદ જાઉં છું. ત્યાંથી અહીં પાછો તા. ૧૬મીએ રાત્રે આવ્યો હઈશ. હિંદી સાહિત્ય સંમેલનનું કામ છે. મારી તબિયત સારી છે. તમે માંદા પડ્યા એ ચિ. બાળે લખ્યું હતું.

મને તો એક જ દિવસ તાવ આવેલો. ખોરાકમાંથી અનાજ અને ઘી કાઢી નાખ્યું છે એટલે જરા નબળાઈ રહેતી હતી. હવે શરીર નવા ખોરાકથી ટેવાઈ ગયું છે અને નબળાઈ પણ નથી. જો બીજી મુશ્કેલી ન આવે તો દહીં, ફળ અને ખજૂર પર જ રહેવું છે. ફળ નથી મળતાં માટે શાક કે ભાજી વાટીને લેવાનો વિચાર છે. અખતરો સદશે એમ માનું છું.

આવા ચોમાસાના દિવસોમાં તમે ગરમ પાણી પીતા હશો જ. જેમાં રેષા છે એવાં શાક ન ખાવાં. બાકી શાકભાજી એ વસ્તુ સરસ છે. ચોમાસામાં દાળ કે કઠોળ સારાં નહીં.

હું મારી શક્તિની અંદર રહીને જ કામ કરું છું અને તેથી તબિયત બરાબર સાચવું છું. આટલુંય કામ ન કરું, તો મને કોણ ખવડાવે? મને હક જ ન રહે. ખરેખર, હું મારી શક્તિ કરતાં વધારે કામ કરતો જ નથી. એટલે હંમેશ આરામ જ છે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૨૬

વર્ધા, ૪-૮-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તમારા તરફથી કાગળ કેમ નથી એની ચિંતા કરતો હતો, એટલામાં ચિ. . . . બહેનનો કાગળ આવ્યો. હવે તમે ચિંતા કરતા હશો કે, મારો કાગળ કેમ નથી. આનંદ કે સુખ એ જીવન નથી પણ અનુભવ એ જીવન છે. એ રીતે વિચારતાં તમે અનેક રીતે અનેક અનુભવ લઈ જીવન સમૃદ્ધ કરી રહ્યા છો. આના બાહ્ય લાભ ન દેખાય.

પણ આધ્યાત્મિક જીવનમાં મોટો પલટો કરવાની શક્તિ એવા અનુભવ ધરાવે છે. પ્રભુની કેળવણીની પદ્ધતિ આપણે કળી શકતા નથી. પણ એને પ્રસન્નપણે વશ થવાનું આપણા હાથમાં છે.

. . . પોતાના વાચનની નોંધ રાખે છે કે નહીં ? અને રોજની વાસરી (ડાયરી) લખે છે કે નહીં ?

મને લાગે છે કે, વિનોદ તરીકે તમારે પણ વાસરી લખાવવી જોઈએ. અનેક વિચારો, કલ્પનાઓ અને અનુભવો કીમતી હોવા છતાં અલોપ થઈ જાય છે. તે વાસરીમાં સંગ્રહીત રહે એ સારું છે અને જૂનાં સંસ્મરણો પણ કેમ ન લખાવો ? એક જમાનાનો થોડોક ઇતિહાસ ભેગો થશે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૨૭

વર્ધા, ૪-૮-'૩૫

ચિ. સૌ. . . .

તમારો ૨૭-૭નો કાગળ વખતસર મળ્યો હતો. બીજાં કામોમાં રોકાણ થવાથી અને ખાસ કરીને પૂ. ગંગાધરરાવ દેશપાંડે અહીં આવ્યા છે તેથી જવાબ લખવામાં ઢીલ થઈ છે.

પિતાશ્રીના કાનના દર્દની વાત સાંભળી ચિંતા થાય છે. હવે તો ઠીક હશે. એમને કહેશો કે, જાતે કાગળ ન લખે. પણ એમના સમાચાર અવારનવાર તમારી પાસેથી મળે એટલે બસ. એમના અક્ષર કરતાં તમારા અક્ષર વાંચવામાં વધારે સગવડ છે.

મારે અલ્લાહાબાદ ફરી જવું હતું, પણ પૂ. શ્રી ગંગાધરરાવ તથા બીજા મિત્રો આવ્યા માટે માંડી વાળ્યું. હવે જવું પડશે. ક્યારે તેની હજી ખબર નથી. ગમે ત્યારે જવાનું થશે માટે ફળ વગેરે ન જ મોકલતાં.

મારી તબિયત તદ્દન ઠીક છે. કશી જ ફરિયાદ નથી. વજન ઘટ્યું છે. તે તો ઘટવું જ જોઈતું હતું. નવા ખોરાકમાં એ તો ઘટે. પણ શક્તિ અને સ્ફૂર્તિ બરાબર છે.

નાગરી લિપિનું અને હિંદીનું કામ હાથમાં લીધું છે, તે અઘરું છે એ જાણીને જ લીધું છે. સહેજે સફળતા મળે, તો માણસનું ભેજું

ઠેકાણે ન રહે. પ્રવાહથી ઊલટું, પણ મહત્ત્વનું કામ હોય છે ત્યારે જ મને રસ છૂટે છે. ચિ. કીકીને સપ્રેમ શુભાશિષ. વરસાદને લીધે એની રમતો અટકી હશે.

લિ. કાકાના સપ્રેમ
શુભાશિષ

૨૮

વર્ધા, ૩-૯-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તા. ૩૦નો કાર્ડ મળ્યો. મારે અલ્લાહાબાદમાં લગભગ સાત દિવસ રહેવું પડ્યું અને તબિયતને કારણે મેં મદ્રાસ તરફ જવાનું માંડી વાળ્યું. મારી તબિયત ઠીક છે. છાતીમાં જરાક દુખાવો છે તે માલિશથી મટી જશે. આ અઠવાડિયું મારે ગણપતિઉત્સવને અંગે અનેક ઠેકાણે જવાનું થશે; ત્યાર પછી ભાઈ નરેન્દ્ર ઉપર કેટલાક નવા અક્ષરો મોકલીશ. તે ભાઈ ધારગળકર તૈયાર કરી આપશે.

હિંદુ સંસારે સ્ત્રીજાતિ પ્રત્યે જે ઘોર અન્યાય કર્યો છે અને એની પાંખ કાપી એને સાવ અપંગ બનાવી છે, તે જોતાં આપણા અધઃપાતનું કારણ બરાબર સમજાય છે. હજીયે કેટલું વેઠવાનું આ સમાજના ભાગ્યમાં છે કોણ જાણે!

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૨૯

વર્ધા, ૨૨-૯-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તા. ૧૨-૯નો કાગળ મળ્યો. કાગળના અક્ષર પરથી તમારી તબિયતનું અનુમાન કરું છું. તબિયત સાધારણ ઠીક લાગે છે.

હું તમને પહેલી વાર મળેલો ત્યારે તમે તમારા જન્મે-ગુરુશ્રીની કંઈક વાત કરેલી. મને એમાં બહુ સમજણ ન પડી. એટલે ધ્યાન નહોતું આપ્યું. કુલાચાર પ્રમાણે અને વડીલોની વ્યવસ્થા પ્રમાણે જે કાંઈ કરવું ઘટે તેમાં ન જ ચુકાય.

મારી તબિયત હવે સારી છે. ડૉ. . . . રોજ સાંજે માલિશ કરે છે અને વેપરબાથ આપે છે. મારો ખોરાક પૂરતો અને સંતોષજનક છે. જરૂર જણાય તો અનાજ લેતાં સંકોચ ન કરું. પણ એની જરૂર છે જ નહીં. હાલ બપોરે હમેશના ખોરાક સાથે જવારનો કાચો લોટ દહીંમાં પલાળી લઉં છું. કશું નુકસાન જણાયું નથી. દૂધ, દહીં, ગોળ, ઘી, ફળ કે શાકભાજી — એના કરતાં વધારે નરવો ખોરાક શો?

ચિ. શંકર વિષે તો વિચાર કરવાનું પણ મેં છોડી દીધું છે. એના સંકલ્પોને જોરે એ ગમે તે રસ્તે જાય; એ સ્વતંત્ર છે. એણે મારે રસ્તે જ જવું જોઈએ એવો આગ્રહ મારાથી કેમ કરાય? ચિ. બાળ પણ એ જ સરકારી કેળવણીની શરૂઆત કરે છે; આગળ કયો રસ્તો લેશે એ કોણ કહી શકે? જ્યાં સુધી અસર પાડી શકાય ત્યાં સુધી સમજાવીએ. બન્ને વિષે મેં વિશ્વાસ ખોયો નથી.

ચિત્રકાર ધારગળકર માટે વધુ કામ મોકલવાનો છું. એના કામથી મને સંતોષ થયો છે. એને પૈસા આપવાના છે. બધા જ છેલ્લે અપાય કે કામ થયું છે તેના તરત આપવા જોઈએ તે જણાવશો. એટલે તે પ્રમાણે મોકલી દઈશ.

ભાઈ નરેન્દ્રની તબિયત સારી હશે. આ વખતે મુંબઈમાં એમણે મારે માટે જરૂર કરતાં પણ વધારે તસ્દી લીધી છે. પણ તેથી જ હવે તેમને વધુ તસ્દી આપતાં સંકોચ નહીં કરું.

ચિ. . . .ને મારા શુભાશિષ. પ્રમોદિનીને બરાબર કેળવવા માટે એમણે કેળવણીનું શાસ્ત્ર પોતાનું કરવું જોઈએ. . . . બહેનને કઈ કઈ ભાષાઓ આવડે છે?

શ્રી. કાણેની 'હિંદુધર્મવિચાર' કે એવા જ નામની એક ચોપડી તમારે ત્યાં તમે બતાવેલી એ જો મોકલી શકો, તો મોકલી દેશો. મારે વાંચવી છે. અને મહાદેવભાઈને પણ

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

30

વર્ધા, ૧૯-૧૦-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૪ ઑકટોબરનો અને ભાઈ નરેન્દ્રનો ૬-૧૦નો કાગળ, બન્ને મળ્યા. ચિ. બાળ કાલે અહીં આવી પહોંચ્યો. એણે સ્વાદિષ્ટ ફળો ઇત્યાદિ પ્રેમની વસ્તુઓ પણ આપી. અમારી પડોશમાં એક હરિજન બાળક માંદું છે એને થોડીક અંગૂર (દ્રાક્ષ) સરસ કામ આવી. બાકીનું બધું અમે ત્રણ જણા — નાના, બાળ અને હું — એ ખાધું. આ દિવસોમાં કેરી ક્યાંથી મળી એ આશ્ચર્ય થયું. દિવાળી માટે કશું મોકલવાની તસ્દી નહીં લેતા. કેમ કે, તે વખતે અહીં કોઈ આવનાર ન હોય અને રેલવેનું નકામું ખર્ચ શા માટે કરીએ? પાઈ પાઈની બચત કરી ગરીબોને પહોંચાડીએ, તો દિવાળી સરસ ઊજવાઈ ગણાય.

'ધર્મશાસ્ત્રવિચાર'વાળી ચોપડી વખતસર મળી. હાલ મહાદેવભાઈને વાંચવા આપી છે. 'હરિજનબંધુ'માં એનો ઉપયોગ કરશે.

'ગોપીહૃદય' છપાવવું છે, તે માટે પૈસા મંગાવ્યા છે. આવતાવેંત પૈસા અને હસ્તલિખિત સાથે જ મોકલીશ. બીજાં કામનાં દબાણ તળે લિપિનું રહી ગયું છે. તૈયાર કરી ધારગળકર માટે મોકલીશ.

મારી તબિયત સારી છે. મિત્રો પણ સુધારો જોઈ શકે છે.

ચિ. પ્રમોદ હવે દિવાળીના દહાડા ગણતી હશે અને ફટાકડા પણ ફોડતી થઈ હશે.

હાલ મગનવાડીમાં (પૂ. મહાત્માજીને ત્યાં) સોયાબીન્સનો પ્રયોગ ચાલે છે. હું પણ ખાવાનો છું. સોયાબીન્સમાં મગફળી, દાળ, ઘઉં અને દૂધનાં તત્ત્વો છે, નિર્દોષ છે અને ઉત્તમ પૌષ્ટિક છે. એનું શાક પણ થાય. દૂધ અને દહીં પણ થાય. રોટલી, પૂરી બધું થઈ શકે છે. હું એને ફક્ત ઉકાળીને ખાવાનો છું. ઠીક ઠીક ઉકાળવાં પડે છે.

મને લાગે છે કે, તમારે પણ સોયાબીન્સનો પ્રયોગ કરી જોવો. ગોદરેજ એના સોલ એજન્ટ છે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૩૭ અ

વર્ધા, ૧૬-૧૦-'૩૫

મુરબ્બી નેત્રમણિભાઈ,

તમે આપેલી શેરડીની વસ્તુઓ કાકાસાહેબે ખાધી; કારણ બગડી ન હતી. મને તો બગડ્યા જેવી ન લાગી. પણ મેં બધી તેમને ન ખવડાવી. થોડીક ખવડાવી. સૌ. . . . એ આપેલું ગળ્યું ખાવાનું તો અહીં આવ્યા પછી મેં, નાના ધર્માધિકારીએ અને મારા ખાસ મિત્ર કાંતિલાલે (ગાંધીજીના પૌત્રે) મળીને ખાધું. ખૂબ આનંદથી ખાધું. અમને ત્રણેને ગળ્યું ભાવે; એટલે સુંદર નાસ્તો થયો.

તમારી પ્રેમાળ આગતાસ્વાગતા આગળ તમે મને ગૂંગળાવી દો છો અને તેથી હું સાચે જ ગૂંગળાઉં છું. તમારે ત્યાં હું ઘણી વાર પોતાની મેળે જમવા આવીશ પણ તમારે ખાસ વસ્તુ બનાવવી નહીં એ શરતે. એમ ખાસ બનાવો તો મને પછી ઘર જેવું કેમ જ લાગે ?

ઠીક, એ જવા દઈએ. પૂ. કાકાસાહેબે હવે સોયાબીન્સ ખાવાનું નક્કી કર્યું છે. તમે મને કહેલું કે, તેઓ કયું અનાજ ખાય છે તે લખજો. એટલે જ આ લખું છું. સોયાબીન્સનો લોટ ચીકણો હોય છે, તેથી તેની ભાખરી કે રોટલી બની શકે છે.

હું ધૂળિયા ગયો એટલે ત્યાંથી પાછાં ફળ મળ્યાં એટલે કાકાસાહેબને સારી પેઠે ફળ મળ્યાં. કાકાસાહેબ પૂ. બાપુજીને મોકલવાની વાત કરતા હતા, પણ મેં એ વાત ટાળી દીધી. કારણ હું જાણું છું કે, તમે ઇચ્છો છો કે તે ફળ કાકાસાહેબ જ ખાય.

તમારી તબિયત સારી હશે. એ જ.

લિ. બાળના સાદર
પ્રણામ

૩૧

'મગનવાડી' વર્ધા, ૩૧-૧૦-'૩૫

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો કાગળ મળ્યો. આપણા કાગળો ભેગાયા — ક્રૉસ થયા. મારી તબિયત સારી છે. જો માંદો પડું તો પૂજ્ય બાપુજીને ચિંતાનું કારણ થઈ પડું. એટલે એ કારણસર પણ મારાથી માંદા ન પડાય.

આ કાગળ ખાસ કામસર લખું છું. હું છેલ્લે મળ્યો ત્યારે શ્રી. અબ્બાસ તૈયબજીનાં દીકરી રેહાના બહેનની એક અંગ્રેજી કૃતિ 'ગોપીહૃદય' કરીને છે તે છપાવવાની વાત કરેલી. એ છપાવવાનું કામ જો ભાઈ નરેન્દ્ર કરી આપે, તો મારી એટલી સગવડ થાય. મને લાગે છે કે, દેશી મિલમાં હાથે બનાવેલા કાગળો મળે છે. તે ઉપર ચોપડી સરસ છપાશે. હું ધારું છું કે, ગ્રામઉદ્યોગના હાથકાગળ પણ હવે સારા મળવા લાગ્યા છે. એના ઉપર પણ છાપી શકાય. હમણાં જ એક ચોપડી મારા હાથમાં આવી છે. એ બહુ મજાની છે. કર્ણાટક પ્રેસવાળા સરસ છાપી આપશે. પણ ક્યાં છપાવવી એ તો તમે જ નક્કી કરો.

આ ચોપડીની દોઢસો નકલો ભેટ માટે અલગ સારા કાગળ ઉપર છાપીશું; અને બાકી પાંચસો નકલો સામાન્ય પણ દેશી કાગળ ઉપર છાપીને વેચવા માટે રાખીશું.

નરેન્દ્રભાઈ આટલી મહેનત ઉઠાવવા તૈયાર હોય, તો જવાબ આવતાંવેંત ટાઇપ કરેલું લખાણ અને રૂપિયા મોકલવાની ગોઠવણ કરીશ.

'ધર્મશાસ્ત્રવિચાર' વખતસર મળી ગયું. રોજ થોડું થોડું વાંચું છું. એમાંનો અસ્પૃશ્યતા-વિચારનો ઉપયોગ 'હરિજન' માટે કરીશું.

લિ. કાકાના સપ્રેમ

વંદેમાતરમ્

૩૨

જળગાંવ, ૧-૧-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

બંને કાગળો મળ્યા. લિપિ વિષેનો બ. ક. ઠાકોરનો લેખ મોકલ્યો તે સારું કર્યું. મને ગુજરાતી છાપાં મળતાં નથી એટલે મારે વિષે કે મારાં કામ વિષે છાપાંમાં જે કાંઈ આવે તેની કાપલીઓ મોકલવાનું રાખશો, તો ઘણી સગવડ થશે. આજે અહીં કાર્યકર્તાઓની પરિષદ છે તે માટે આવ્યો છું.

શ્રી બ. ક. ઠાકોર આમ વિરોધ કરે છે, પણ ખાનગીમાં કદર પણ કરે છે. એ એના સ્વભાવમાં છે. ચિ. બાળ પારલે ગયો છે. એને તમારે કશો આગ્રહ કરવો નહીં. એને ઘણો સંકોચ થાય છે.

હું ઇન્દોર ગયો હતો. ત્યાં મારો લિપિસુધારનો ઠરાવ એકમતીથી પાસ થયો.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૩૩

સુરત સ્ટેશન ૫-૨-'૩૬
રાતના ૮ વાગ્યે

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો માયાળુ કાર્ડ મળ્યો હતો. મારી તબિયત સરસ છે. કાનનું હજી પૂરતું મટ્યું નથી પણ સુધારા પર છે. વર્ધાના ડૉક્ટરે એની માવજત કરી, પણ મને વખત જ મળતો નથી. આજે વડોદરે જાઉં છું. ત્યાં બેત્રણ દિવસ રહી અમદાવાદ જઈશ. ત્યાં આઠ દિવસ રહી મુંબઈ થઈને વર્ધા જઈશ. ચિ. પ્રમોદને બોલાવજે.

બોચાસણવાળા શામળભાઈ વખતે તમને મળી જશે. એ મારા જૂના જેલના સાથી છે. 'ઓતરાતી દીવાલો'માં એમનું નામ તમે વાંચ્યું જ છે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૩૪

'મગનવાડી' વર્ધા, ૨૫-૨-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

ખાવાની અમુક અમુક વસ્તુ માણસ છોડી દે છે અને પછી સગાંવહાલાં અને ઇષ્ટમિત્ર એ નિયમની અંદર કઈ કઈ વાનીઓ તૈયાર કરી શકાય અને શું શું ખવડાવી શકાય એનો વિચાર કરે છે. આ ગજગ્રાહ રમણીય તો ખરો જ. એમાં સંયમનો મૂળ હેતુ સચવાય એટલે બસ.

આ વખતે બીજી વાર તમારે ત્યાં આવવાની મેં વાત કરી હતી પણ ન આવી શક્યો એ મને સાલે છે. ચિ. સૌ. . . . એ બધું તૈયાર રાખ્યું હશે અને રાહ જોઈને કંટાળ્યાં હશે. ભારતવર્ષની બહેનો એટલે ધીરજ અને ક્ષમાની મૂર્તિ. આ સદ્‌ગુણથી એમનો ઉદ્ધાર થતો હશે પણ પુરુષો આવા સ્નેહ, ધીરજ અને ક્ષમાની કદર કરવાને બદલે એનો ફક્ત લાભ જ ઉઠાવે છે. એથી પુરુષના સ્વભાવમાં આર્યતા આવતી નથી.

લિ. સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ

૩૫

વર્ધા, ૧૪-૪-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

ઘણા દિવસ થયા મેં તમને કાગળ લખ્યો નથી. કાલે લખનૌથી પાછો આવ્યો અને 'કૌમુદી'માં 'બિલ્વાશ્રમનું પુનર્દર્શન' એ મારો લેખ વાંચ્યો. લેખો લખીને હું ભૂલી જાઉં છું. એટલે છપાઈને આવે છે ત્યારે મારો લેખ તમને જેટલો નવો લાગે છે, એટલો જ મને પણ નવો લાગે છે. લેખ સાંભળીને નાનાને તમારું સ્મરણ થયું. 'હિમાલયનો પ્રવાસ' વાંચતાં તમને આટલો રસ છૂટે છે, તો બિલ્વાશ્રમનું વર્ણન તમને ગમશે જ. એમાં મેં લખ્યું છે કે, મેં સ્વાદ જીત્યો છે પણ આહાર જીત્યો નથી. આજે પણ પ્રમાણબહાર ખવાઈ જાય છે તે વાંચી તમને આશ્ચર્ય થશે. પણ સત્યની ખાતર જ લખ્યું છે. મારો અભિપ્રાય છે કે, માણસમાત્ર પ્રમાણબહાર ખાય છે. રોજ પ્રમાણ સાચવતો હોય તોયે એકાદ દિવસ તો વધારે પડતું ખાય જ. મહાત્માજીને કે ભણસાળીભાઈને પણ અપવાદમાં મૂકવાની મારી હિંમત નથી ચાલતી. સાબરમતી

આશ્રમમાં એક વાર લાલા લાજપતરાય સાથે ખૂબ વિગતવાર વાતો થઈ હતી. તેઓ પણ મારા જ મતના હતા કે, માણસ માંદો પડે છે એનું મોટું કારણ જિહ્વાસંયમનો અભાવ જ હોય છે. લાલાજી પોતાનો અભિપ્રાય બોલતા હતા તે વખતની એમની મુખમુદ્રા હજી નજર આગળ તાજી છે. મારા એક મિત્રની તબિયત વિષે એમની પાસે પૂછપરછ કરતાં એ વિષય નીકળ્યો હતો. એ મિત્ર વિષે અમારી બંનેની પ્રેમની લાગણી હતી, એમાંથી જ એ ચર્ચા નીકળેલી.

હૃષીકેશ, લક્ષ્મણઝૂલાથી પાછા આવી બબલભાઈએ અને મેં હરદ્વારના રળિયામણા ઘાટ ઉપર થોડો વખત ગાળ્યો હતો એનું વર્ણન ‘કુમાર’માં જોશો.

આધ્યાત્મિક અનુભવ લખતાં ઘણો સંકોચ થાય છે. (ગોપીઓએ કૃષ્ણપ્રેમની વાતો ક્યાં લખી છે?) તેથી સંકોચથી સહેજસાજ ઇશારો કરી દઉં છું. લખવા કરતાં બોલવામાં સંકોચ એથીયે વધારે હોય છે.

હું અહીં ૨૦મી સુધી છું. પછી નાગપુર જઈશ. ત્યાં હિન્દી સાહિત્ય સંમેલન અને ભારતીય સાહિત્ય પરિષદ છે. ૨૭ સુધી ત્યાં રોકાણ થશે. ત્યાર પછી મુંબઈ થઈને પૂના જઈશ એવો સંભવ છે. ૨૮મીએ જો મુંબઈ આવ્યો તો નવાઈ નહીં. નક્કી થયે તમને જણાવીશ.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૩૬

નંદીદુર્ગ ૩૦-૫-’૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૨૮-૫નો કાગળ હમણાં જ મળ્યો. તમને હવે લંબાણપૂર્વક નહીં લખું, કેમ કે, કાલે સવારે ઊઠીને ગઢ ઊતરવો છે. આજે જવાની તૈયારી કરવી છે. ઘણે દિવસે આજે તડકો સરસ નીકળ્યો છે; આખી સૃષ્ટિ પ્રસન્નમુખે હસે છે અને ધોળાં ધોળાં વાદળાં એ દૃશ્ય જોવા તટસ્થપણે આકાશમાં ઊભાં છે.

હવે કાગળો બેંગલોર સિટીમાં કુમારા પાર્કમાં મળશે.

મને પણ બાળની જન્મગાંઠનો ખ્યાલ જ ન હતો. ચિ. સૌ. . . . બહેનના કાગળ પરથી જ સ્મરણ થયું.

મારી તબિયત અહીં આવી ખૂબ જ સુધરી છે. પણ વજન વધ્યું નથી. સનાતની રહ્યા એટલે વધઘટની આશા ન રખાય. ૧૦૪ લઈને આવ્યો, ૧૦૪ સાથે જ નીચે ઊતરું છું.

શકિત, ભકિત, વિરકિત વિષે ફરી કોક વાર લખીશ.

લિ. સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૩૭

નંદીદુર્ગ, ૩૦-૫-'૩૬

ચિ. સૌ. . . . બહેનને કાકાના શુભાશિષ,

તમારો તા. ૨૮નો કાગળ હમણાં જ મળ્યો. ચિ. બાળને એની જન્મગાંઠનો દિવસ યાદ રાખી એને આશીર્વાદ આપનાર પ્રેમાળ મોટી બહેન મળ્યાં છે એ એનું ભાગ્ય છે. બાળ તો ઘણું ઇચ્છે છે કે, એ ઠેકાણે પડ્યા પછી મારો કબજો લેવો અને મારી સેવા કરવી. પણ મને અંદરથી થાય છે કે, છોકરાઓની સેવા લેવાનો પ્રસંગ જ નથી આવવાનો. મેં મારી માનસિક અને આદર્શ દુનિયા રચી છે, તેમાં જ હું રહેવાનો અને એમાં જ ખપી જવાનો. મને એમાં જ પ્રસન્નતા અને સમાધાન હશે. હિમાલયનાં જંગલોમાં જ્યારે અજાણ્યો મુસાફર હું એકબે વાર સખત માંદો પડ્યો હતો ત્યારે તદ્દન અજાણ્યા લોકોએ આવી અનહદ સેવા કરી હતી. આખો જન્મારો જાહેરની સેવા લીધી છે અને કીધી છે. એટલે નાના કુટુંબમાં હું પ્રથમથી જ સમાતો ન હતો — સમાયો ન હતો. આજે પણ ચિ. બાળ સાથેનો સંબંધ કૌટુંબિક છે તે કરતાં આધ્યાત્મિક વધારે છે. બાળ એ જાણે છે. એના મનમાં કૌટુંબિક ભાવ વધારે છે એ હું જાણું છું. મને એમાં દોષ જેવું લાગતું નથી. કૌટુંબિક ભાવનામાં વ્યાપક થવાનો અવકાશ નથી રહેતો ત્યારે જ તે શાપરૂપ થાય છે.

ચિ. કીકીને હવે સારું થયું હશે. મને લાગે છે કે, એને થોડા દિવસ કેવળ ફળના રસ ઉપર રાખવી જોઈએ. ઝાડા બરાબર ન આવતા હોય તો એનિમા આપવો, જેથી લોહીમાં ભેગું થયેલું ઝેર ઓછું થાય. ડોકટરને પૂછી જોશો. અહીં મારી સાથે કોઈ ગુજરાતી લખનાર હોત

તો હું કીકી માટે એકએ વાર્તા લખી મોકલત. કીકીનો સ્વભાવ રમતિયાળ છે. એને પથારીમાં પડ્યા રહેવાનું ખૂબ વસમું લાગતું હશે. પણ એ ડાહી છોકરી છે એટલે કજિયા ન કરે.

અમે કાલે સવારે અહીંથી કોલારની સોનાની ખાણો જોવા જવાના છીએ. મુંબઈમાં લિફ્ટ હોય છે, તેવા પારણામાં બેસી પૃથ્વીના પેટમાં ૫૦૦૦ કે ૭૦૦૦ ફીટ અંદર જઈએ એ અનુભવ ખરો! એક વાર જઈ આવ્યો છું. એનું વર્ણન 'કુમાર'માં કે 'કિશોર'માં ક્યાંક આપ્યું પણ છે.

તા. ૧લીએ અમે બેંગલોર જઈશું. ત્યાંનું સરનામું કુમારા પાર્ક, બેંગલોર સિટી — એ છે. તા. ૧૨ કે ૧૩મી જૂન સુધી ત્યાં રહેવાનું થશે. પછી મદ્રાસ જઈ બેલગામ પૂનાને રસ્તે પાછા વર્ધા જવાનો વિચાર છે. અહીં પ્રકૃતિમાતાનું રમણીય અને નિર્મળ દર્શન થાય છે, તેથી ખૂબ પ્રસન્નતા અનુભવું છું. સવારે નાસ્તો કરી આસપાસ રખડવા જાઉં છું, ત્યારે પ્રકૃતિ સાથે તલ્લીન થઈ જવાય છે. એમાં એક જાતનો શીતળ ઉન્માદ રહેલો હોય છે. કુદરતની આટલી નિર્મળતા દરેક ઠેકાણે જોવાને નથી મળતી. સાધના માટે આ સ્થાન અનુકૂળ જોઉં છું.

ચિ. કીકી સાથે બેસી ખૂબ વાતો કરજો.

લિ. કાકાના અનેક

શુભાશિષ

૩૮

વર્ધા, ૭-૭-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

ત્યાંથી આવ્યા પછી હું એટલો તો કામમાં ગૂંથાયો છું કે મુંબઈથી આવ્યે ઘણા દિવસ થયા એમ લાગતું જ નથી. હમણાં જ તો આવ્યો છું એમ જ મનમાં રહ્યું છે. મુંબઈથી એક ગાડી વહેલો આવ્યો, એ માત્ર મારે માટે પણ આશ્ચર્યકારક હતું. સામાન્ય રીતે ઠેરવેલો કાર્યક્રમ હું નથી બદલતો.

મારા ખાવાના નિયમો સાચવી જ્યારે ચિ. સૌ. . . . બહેન અનેક વસ્તુઓ તૈયાર કરે છે, ત્યારે એ હેતને કારણે બધી વસ્તુઓ હું આદરપૂર્વક ખાઉં છું, પણ પછી થાય છે કે, મારે માટે આ વસ્તુ બનાવવા

પાછળ કેટલી મહેનત લીધી હશે! અને પછી તમારા ઉપર ચિડાઉં કે, સરસ સરસ ખવડાવવાના તમારા આગ્રહમાંથી આ બધું ઉત્પન્ન થાય છે. તે દિવસે ટ્રેનમાં એ જ વિચાર મનમાં રહ્યો કે, હેતના બદલામાં હું ચીડ વ્યક્ત કરું એ કેટલું અજુગતું! ખાઉં છું સ્વાદથી અને વળી તકરાર કરું છું. તકરાર કરીને જો તમે તકલીફ ઓછી લો, તોયે એક જાતનો સંતોષ રહે. પણ તમારો પ્રેમાળ સ્વભાવ તમારી પાસેથી સંભ્રમ કરાવે છે. (સંસ્કૃતમાં 'સંભ્રમ' એટલે મહેમાનો આવ્યા હોય ત્યારે પ્રેમથી કરવામાં આવતી દોડાદોડ.)

લિ. સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૩૯

વર્ધા ૨૭ ૮-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

પૂ. શ્રી ગંગાધરરાવ આજે આવ્યા. તમે મોકલેલી વસ્તુઓ મળી. સાયકલનો બૅટરી લૅમ્પ મળ્યો. પથરાનો ખલ સરસ છે. આના કરતાં સહેજ નાનો હોત તો ચાલત. મોટો નાનાનું કામ આપી શકે, પણ નાનો કાંઈ મોટાનું આપી શકે?

તમે મીઠાઈ મોકલી એ નાનાને અને એના સાથીઓને ભાવી તો ખરી, પણ તેઓ બધા ઇચ્છે છે કે આવું કશું ન મોકલો તો સારું. આ વિષે તમને ઘણી વાર લખી ચૂક્યો છું, એટલે ફરી નથી લખતો એટલું જ. માણસ પડે છે તેની શરૂઆત સ્વાદમાંથી જ થાય છે. સ્વાદ, સ્પર્શ અને સ્તુતિ — આ ત્રણે વસ્તુમાં પાડવાની જબરદસ્ત શક્તિ છે.

'જીવનવિકાસ' ચોપડીમાં મારા અનુભવનો અને મારા હૃદયનો નિચોડ છે. એ પુસ્તકનાં અવલોકનો ગુજરાતી છાપાંઓમાં આવે એ વિષે હું સાવ બેફિકર છું. એ ચોપડી ખપવાની તો છે જ. જેટલા ખરીદશે તે બધા આખી ચોપડી વાંચશે એની ખાતરી નથી. કેટલાક તો એમાંથી સાહિત્યનો રસ જ લૂંટશે. જેમને કેળવણીની સાર્વભૌમતા પ્રતીત થશે, તેમણે જ એ ચોપડીનો લાભ ઉઠાવ્યો ગણાશે.

આજના સાહિત્યકારો અને કેળવણીકારો એ ચોપડીનો 'રિવ્યૂ' લખીને મારા મિશનની ખાસ સેવા કરશે જ એમ મને નથી લાગતું. મારી

યોગ્યતા હું ક્યાં નથી જાણતો? અને અયોગ્યતા હું જાણું છું તેટલી બીજા કોણ જાણે છે?

મારો વિશ્વાસ છે કે, એ મારી ચોપડી જીવવાની છે. એ શબ્દો પાછળ સર્વોચ્ચ આકાંક્ષાનું લોહી રેડાયું છે. વિદ્યાર્થીવૃત્તિથી જેઓ વાંચશે, તેમને એમાંથી મળશે. શબ્દો તળે જોવાની જેની શક્તિ હશે તેમને જ એનું વાતાવરણ જડશે. જેઓ સાચા શિક્ષણપ્રેમી હશે તેઓ મને ભાઈ ગણશે અને જેટલી વાર મને મળવાની ઇચ્છા થાય તેટલી વાર એ ચોપડીનાં પાનાં ફેરવશે.

એટલે તમે ક્યાંય 'જીવનવિકાસ'નો 'રિવ્યૂ' છપાવવાનો પ્રયત્ન નહીં કરતા. મને એ ગમે નહીં. એ ચોપડીમાં દૈવત હશે, તો એ ખૂણામાં નથી પડી રહેવાની.

મારો ફોટો પ્રસિદ્ધ કરવાની બાબતમાં હવે હું તમને નહીં રોકું. મને ફોટો પ્રસિદ્ધ થાય એની ઇચ્છાયે નથી અને પ્રસિદ્ધ થાય ત્યારે 'આ શું થયું' એવો સંકોચે નથી. હું જેમ સભાઓમાં છૂટથી જાઉં છું, લોકોને મળું છું, લોકો મને જુએ છે, તેમ મારા ફોટો માસિકોમાં કે છાપાંઓમાં જાય તો છો જતા. હું કાંઈ પડદાનશીન બીબી નથી કે, લોકો મને જુએ તો મારા મોઢા ઉપર શરમના શેરડા પડે.

આનો અર્થ એ નથી કે, તમે તમારી પાસેના ફોટો ક્યાંય મોકલો એમ હું ઇચ્છું. મને એમાં રસ કે સૂગ કાંઈ જ નથી.

ભાઈ નરેન્દ્રે માંદા પડવાની ટેવ છોડી દેવી જોઈએ. એવો વારસો સારો નહીં. 'જીવનવિકાસ'ની પ્રસ્તાવના પરથી જોયું હશે કે, 'સ્ત્રીકેળવણી' વિષે મેં હજી બહુ લખ્યું નથી. સ્ત્રીકેળવણી ઉપર એક સ્વતંત્ર પુસ્તક લખવાનો વિચાર છે. હાલ તુરત ન લખાય. નિવૃત્તિ મળ્યે લખીશ.

હમણાં બોરીવલીમાં રહી લખી તે 'જીવનવિકાસ'ની નહીં પણ આના પછી 'જીવનનો આનંદ' કરીને ચોપડી બહાર પડનાર છે, તેની પ્રસ્તાવના લખી કાઢી.

'પ્રયોગોની પરંપરા' તો ગયે વર્ષે જ લખી હતી.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૪૦

વર્ધા, ૧૦-૧૦-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

આજે કાંઈ લખવા જેવું નથી. તમારો ૫-૧૦નો કાગળ મળ્યો એટલું જ લખવું છે. ચિ. નાના હાલ શાંતાક્રૂઝ છે. ઘણા દિવસથી એને બંધકોષ છે. અને તમે જાણો છો કે, બંધકોષવાળા ઘણી વાર મંદોત્સાહ બને છે. નાના બંધકોષથી અકળાયેલા રહેતા એટલે એમને કેવળ દૂધ ઉપર રાખી નૈસર્ગિક ઉપચાર માટે શાંતાક્રૂઝ રાખ્યા છે. એમને આ ત્રણ મહિના સાવ એકાંત સેવવું છે, માટે એનું સરનામું નથી મોકલતો. એને મન થાય ત્યારે પોતે જ આવી તમને મળશે.

હું આ બારમીએ દિલ્હી જવાનો છું. ત્યાં આઠદશ દિવસ રહી ડેહરાડૂન, કન્યાગુરુકુળ જઈશ. ત્યાંથી બનારસ આવી, બે દિવસ રહી અલ્લાહાબાદ જઈશ. ત્યાં એકબે દિવસ કામ છે, તે પતાવી સાહિત્ય સંમેલન માટે અમદાવાદ જઈશ. ગુજરાતમાં આઠદશ દિવસ ગાળી, મુંબઈ થઈ જળગાંવ જઈશ. ત્યાં દશમીએ મહારાષ્ટ્ર સાહિત્ય સંમેલન છે. મુંબઈમાં આઠમી નવેમ્બરે મળી શકીશ એવી આશા સેવું છું. નાનાને પણ મળાશે. જળગાંવથી વર્ધા થઈને લાહોર જવાનો છું. પંજાબમાં આઠ દિવસ ગાળી સિંધ થઈને ફૈજપુર કોન્ગ્રેસ માટે પાછો આવીશ. તે વખતે પણ મુંબઈ આવું તો તમારે ત્યાં ડોકિયું કરી જઈશ. જાનેવારી તો દક્ષિણ માટે છે અને ફેબ્રુઆરી પણ ત્યાં જ જશે એમ માનું છું. માર્ચમાં ગાંધી સેવા સંઘનું સંમેલન બેલગામ નજીક ગંગાધરરાવના આશ્રમમાં છે. તે કરી પાછો વર્ધામાં પ્રસ્થાપિત થઈશ. શી મારી દશા! રખડુ પવનની પેઠે ફર્યા કરું છું. અને એકાંતવાસમાં રહી શેષ જીવન ધ્યાનમાં ગાળવાનાં સ્વપનાં ઘડું છું. મને રમાડનાર ભગવાન હસતો હશે અથવા મારી દયા ખાતો હશે. અથવા જ્યારે હું પોતે દંડે પેટે આ બધું ચલાવું છું, તો નિર્વિકારી ભગવાનને દયા ખાવાની શી પડી હોય?*

---

* આ પત્ર આટલેથી અધૂરો છે.

૪૧

લાજપતરાય ભવન,
લાહોર, ૨૨-૧૧-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

તે દિવસે મેં કંજૂસાઈ કરી નવું ટાઇમિટેબલ ન લીધું અને ગોટાળો થયો. તમે સ્ટેશન પર આવ્યા અને મળાયું નહીં. મારે માટે ખાવાનું તો આણ્યું હશે જ. ખેર, એ અન્નના નસીબમાં મારા પેટમાં જવાનું ન હતું, એટલે જે એનો માલિક હતો તેની પાસે એ ગયું. એ યથાયોગ્ય થયું!

તમે ક્રૉનિકલની કાપલી મોકલી તે વાંચીને રમૂજ પડી. આ વરસે પૂ. બાપુજી, મહાદેવભાઈ અને હું, ત્રણે પરાણે પ્રમુખ થયા હતા. ત્રણેની ટીકા થઈ. પણ બે જણને હરીફ ન હતા. મારે નસીબે હરીફ જાગ્યા. તેઓ છંછેડાયા એટલે તેમણે ચિડાઈને લખ્યું છે. બાળકો, માંદા લોકો અને ચિડાયલા લોકો જે કાંઈ કરે, તે પ્રત્યે ચીડ ન હોય, સહાનુભૂતિ જ હોય.

મને લાગે છે કે, હવે પછી એવો નિયમ કરવો જોઈએ કે, કૉન્ટ્રૅક્ટનાં ટેન્ડર મંગાવાય છે, તેમ પ્રમુખ માટેનાં ભાષણો મંગાવવાં. જેનું ભાષણ પસંદ થાય તેને પ્રમુખ બનાવવો અને બાકીના લોકોને ઇન્વિટેઇટિંગ રાખવા નહિ તો એમને કૉન્સોલેશન પ્રાઇઝ તરીકે કૉમ્પ્લીમેન્ટરી ટિકેટ્સ્ આપવી. કેવી મજાની સૂચના છે! આ ડેમોક્રૅટિક દિવસોમાં ખરેખર એ અમલમાં આવે તો નવાઈ નહીં!!

આ સાથે અહીં પડાવેલો મારો એક ફોટો મોકલું છું. અહીંના 'ટ્રિબ્યૂન'વાળાએ લીધો છે. તમને ભેગા કરવાનો શોખ છે, એટલે મોકલું છું. ચિ. બાળ મળવા આવે ત્યારે એને બતાવશો. ખાન અબ્દુલ ગફ્ફારખાન, નારાયણ મલકાણી અને હું ત્રણે જણા બેઠા છીએ એવો ફોટો તો તમને મળ્યો જ છે. નરેન્દ્રભાઈને સ્ટેશન ઉપર આપ્યો હતો. આ ફોટો કૉપીરાઇટ છે એટલે કોઈ છાપાવાળાને નથી આપવાનો.

મારી તબિયત સારી છે. અહીં ટાઢ સખત પડે છે, એટલે ઊની શર્ટ વાપરું છું અને ઊની જાકિટ પણ કરાવ્યું છે — ફોટોમાં આવ્યું છે તે. મારી સાથે ભાઈ જેઠાલાલ ગાંધી છે. ૨૫મી સુધી અહીં છું. અહીંથી સીધો અથવા દિલ્હી થઈને વર્ધા જઈશ.

કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૪૨

વર્ધા, ૧૧-૧૨-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

તા. ૮મીએ જ તમને લખવા બેઠો હતો. બીજે દિવસે એ કાગળ ફરી હાથમાં લીધો. પણ ગ્રામસેવક વિદ્યાલયના વિદ્યાર્થીઓનો વિદાયનો દિવસ હોવાથી મારે ત્યાં જવું પડયું એટલે લખવાનું અધૂરું રહ્યું. ૮મીએ મારા નિયમ મુજબ અપવાસ કર્યો હતો. રોજનો સામાન્ય કાર્યક્રમ રીતસર પૂરો કર્યો, છતાં આખો દિવસ અને આગળપાછળની ઉત્તરરાત્રિઓ અંતર્મુખ થઈ જીવન તપાસવામાં ગઈ. અહીં એક નવભારત વિદ્યાલય (હાઈસ્કૂલ) છે. ત્યાં તે દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને યાત્રાનું મહત્ત્વ સમજાવ્યું. મહિલાશ્રમમાં બહેનોને આપેલું પ્રવચન જુદું જ હતું. હિંદના ઉદ્ધારમાં હવે પછી બહેનોને મોટું સ્થાન હશે. પણ બહેનો પોતાનું નાનકડું કૂંડાળું છોડતી જ નથી. પવિત્રતા સાથે નિર્ભયતા અને ઉદારતા જોઈએ. ઈશ્વરે બહેનોને વિરાટ તક આપી છે. જો બહેનો એને ઝડપી ન લે, તો એ શાપ દીર્ઘકાળ સુધી પહોંચશે. આપણે બહેનોને કેળવણી આપીએ છીએ પણ કેળવાયેલી બહેનો પોતાનો જ વિચાર કરે છે, ગરીબોની દાઝ એમનામાં નથી દેખાતી વગેરે કહ્યું. તે દિવસે સૌથી વિશેષ ગૌરક્ષાના વિચારો આવ્યા. બીજે નંબરે હરિજન અને સ્ત્રીજનના આવ્યા.

રાત્રે મારે ત્યાં મિત્રો ભેગા થયા. ત્યાં મેં જિંદગીનો અનુભવ કહ્યો. છેક નાનપણથી મને અનુભવ છે કે ઈશ્વર છે. એ કોઈ ઍબ્સ્ટ્રેક્ટ પ્રિન્સિપલ નથી પણ પ્રેમાળ અને સર્વજ્ઞ વ્યક્તિ છે. મારું સ્વાતંત્ર્ય જાળવી એ મને દોરે છે, મારા ખોટા સંકલ્પો એ

તોડે છે, મને પડતાં સાચવે છે, દરેક રીતે નભાવે છે. આટલું છતાં જો જીવન પૂરતું ઉન્નત નથી થતું, તો એ મારી પામરતા છે વગેરે ઘણી વસ્તુઓ કહી, જે સામાન્યપણે હું નથી બોલતો. પણ તે દિવસે કોણ જાણે કેમ હું તણાઈ ગયો.

તા. પહેલીને માટે પણ તમે કાગળ લખેલો અને ૮મી માટે પણ લખ્યો. તમારું સ્મરણ બંને દિવસ અવારનવાર થતું હતું.

અલ્લાહાબાદ જવાનું હતું તે માંડી વાળ્યું. હવે ૧૬મી સુધી અહીં જ છું. ૧૭મીએ જળગાંવ થઈ અજંટાની ગુફાઓ જોવા જઈશ અને ૧૯મીએ ફૈજપુર જઈ કૉન્ગ્રેસમાં ભંગીકામમાં જોડાઈ જઈશ. કૉન્ગ્રેસના દિવસોમાં જ જો છૂટો થઈ શક્યો, તો એક દિવસ માટે મુંબઈ આવી જઈશ. જાન્યુઆરી ફેબ્રુઆરી વર્ધા જ રહેવું છે, કેમ કે અહીં રાષ્ટ્રભાષાના પ્રચારકો તૈયાર કરવા માટે અધ્યાપન મંદિર ખોલવું છે.

કાકાના

સપ્રેમ વંદેમાતરમ્

૪૩

વર્ધા, ૧૧-૧-'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો કાગળ મળ્યો. 'જીવનનો આનંદ' તમને વખતસર ન મળ્યું એનું જ આશ્ચર્ય છે. હું તમને બીજું શું આપી શકું? સન્ત તુકારામે કહ્યું છે:

'आम्हा घरीं धन शब्दाचीच रत्नें ।
शब्दाचीच वस्त्रें यत्न करूं ।
शब्दचि आमुच्या जीवीचें जीवन ।   ઇત્યાદિ.

એટલે શબ્દોનો વિલાસ જ ભેટ તરીકે અપાય. શબ્દ પરબ્રહ્મનું પ્રતીક પણ છે અને કલિનો પ્રતિનિધિ પણ છે. વાણી અને વિચારની શુદ્ધિ, ચારિત્ર્યની શુદ્ધિની પેઠે જ જાળવી હોય તો એક સરસ સાધના થાય.

ત્રણ દિવસ થયાં અમારે ત્યાં કેટલાક કાગળો પડેલા મેં જોયા. ક્યાંથી આવ્યા છે કોણ જાણે! છે તમારા, એટલે તમારી પાસે મોકલી દઉં છું. ચિ. બાળ મને અવારનવાર લખે છે, પણ તમારી પાસેથી જ એના સમાચાર વધારે મળે છે. છતાં હું નથી ઇચ્છતો કે, વખતોવખત બાળને મળી આવવાની ફરજ ભાઈ નરેન્દ્રને માથે રહે. મારો સ્વભાવ ચિંતા કરવાનો છે જ નહીં. બાળ હવે નાનો નથી. એને આશ્રમની કેળવણી મળી છે. એ પોતાને સાચવશે. અને જો એને વિષે સમાચાર કાઢવા જેવું હશે, તો હું તમને લખીશ જ. એને જ્યારે મન થાય ત્યારે એ તમારે ત્યાં આવી શકે છે, એટલું બસ છે.

મારી તબિયત સરસ છે. આ વખતે તો ભાઈ નરેન્દ્રની પ્રસાદી મળી. મને ખ્યાલ ન હતો કે ભાઈ નરેન્દ્ર પણ ચિ. સો. . . . બહેન જેટલા જ કુશળ છે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૪૪

વર્ધા, ૧૯–૧–'૩૬

[કાર્ડમાંથી થોડો ભાગ]

પ્રિય નેત્રમણિભાઈ,

નરસિંહરાવભાઈ તો ચાલ્યા ગયા. એમને વિષેનાં તમારાં સંસ્મરણો બધાં ભેગાં કરી લખી ન કાઢો? કામનાં છે કે નકામાં, એનો વિચાર ન કરતાં બધાં લખાવી મને જોવા મોકલશો તો મજા પડશે. એનો સરસ ઉપયોગ પણ થશે.

લિ. સ્નેહાધીન
કાકાના સપ્રેમ વંદેમાતરમ

ત્યાં સૌને યથા યોગ્ય.

૪૫

વર્ધા, ૨૦-૧-'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

નરસિંહરાવભાઈ વિષે મેં એક નાનકડો લેખ લખ્યો છે. 'હરિજનબંધુ'માં અથવા 'પ્રસ્થાન'માં મોકલીશ. મારે નરસિંહરાવનાં બધાં પુસ્તકો જોવાં છે: ખાસ કરીને એમના 'વિલ્સન ફાઇલૉલૉજિકલ લેક્ચર્સ' બે ભાગ અને 'વસનજી માધવજી લેક્ચર્સ' તેમ જ 'સ્મરણમુકુર' અને 'મનોમુકુર'. આ પુસ્તકો પાંડુરંગ જોડે મોકલી દેશો. જે ચોપડીઓ તરત ન મળે તે પાછળથી મોકલશો તો ચાલશે. ઉતાવળ તો કશી છે જ નહીં.

લિ. કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૪૬

વર્ધા, ૨૩-૧-'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૨૧-૧નો કાગળ મળ્યો. ચિ. પાંડુરંગ આજે બપોરે આવ્યા. મારું ખાવાનું આણ્યું છે કે નહીં તે પ્રથમ તપાસ્યું. સ્વાદને જીત્યો છે; હેતને થોડું જ જીત્યું છે? અને હવે તો મારે માટે કઈ વસ્તુ આવશે એ તો જોયા વગર જ હું ઓળખું છું. મારી માતા મને કોપરાંના લાડુ બનાવી આપતી. ચિ. સૌ. . . . બહેને શિંગોડાની વડીઓ મોકલવાનું નક્કી કર્યું લાગે છે.

નરસિંહરાવભાઈ વિષે તમે જેટલું જાણ્યું છે, સાંભળ્યું છે અથવા પ્રત્યક્ષ પ્રસંગમાં જોયું છે, તે બધું લખશો. નરસિંહરાવભાઈ નિયમિત વાસરી લખતા હતા એ હું જાણું છું. એ વાસરિકા જ્યારે છપાશે, ત્યારે ઘણી આકર્ષક માહિતી આપણને મળશે.

તમે જ્યારે જ્યારે મારા 'ગીતાપાઠ અને પ્રણવજાપ' વગેરે વસ્તુવાળું પેલું 'હિમાલયના પ્રવાસ'વાળું વાક્ય ટાંકો છો, ત્યારે મને પણ થાય છે કે ક્યાં ગઈ એ હિમાલયમાંની નિવૃત્તિ અને મસ્તી! છતાં આજે શાંતિ તો છે. ઘણી વાર થાય છે કે, 'માણસ ચાલે નહીં તો

એને ઘણો વળગાડ વળગે છે.' પરિવ્રાજક થવું એ જ માણસનો — માણસમાત્રનો સ્વધર્મ છે.

ટૉલ્સ્ટૉય કૌટુંબિક જીવનથી અને એમાં વ્યાપેલા મહાન મનુષ્યદ્રોહથી અકળાઈને છેલ્લી ઘડીએ પરિવ્રાજક થયા હતા. મને પોતાને સાપ જેમ કાંચળી ઉતારીને જુવાન થાય છે, તેમ પરિવ્રાજક થઈને પ્રવૃત્તિનું ઘડપણ ફેંકી દેવાનું મન થાય છે. સાચી જુવાની નિવૃત્તિમાં જ છે. જીવનનો આનંદ તો એમાં છે જ.

'જીવનનો આનંદ' વાંચો છો, તો એના માર્જિનમાં તમારાં ચર્ચા વિનોદ લખી રાખશો? એ પણ તમારે માટે પથારીમાં પડ્યા પડ્યા વિનોદરૂપ નીવડશે.

તમારે ત્યાં 'વિહંગમ' આવે છે કે નહીં? ન આવતું હોય તો અહીંથી મારી નકલ મોકલીશ. પ્રકાશક ઉપર બોજો નહીં નાંખું. 'વિહંગમ' હજી બચ્ચું છે, હજી એ પાંખભેર થયું નથી. મુંબઈમાં એનો પ્રચાર કરનાર કોઈ મળી આવે ખરું?

લિ. સ્નેહાધીન

કાકાના સપ્રેમ વંદેમાતરમ

૪૭

વર્ધા, ૨૯–૧–'૩૭

પ્રિય ભાઈ નરેન્દ્ર,

ચિ. સૌ. . . . બહેનનો કાગળ કાલે મળ્યો. એમને કહેશો કે, 'વિશ્વશાંતિ' ઉપર નરસિંહરાવે જે અભિપ્રાય લખ્યો હતો, તેના જવાબમાં મેં એમને લાંબો કાગળ લખ્યો હતો. તેની નકલ ઉમાશંકર જોષી પાસે છે.

મારે એક સ્નેહી માટે એક સંસ્કૃત ચોપડી જોઈએ છે — 'કુમારસંભવ.' એની સાથે નોટ્સ્ અને અંગ્રેજી ભાષાંતર પણ જોઈએ છે. ઘણું કરીને એમ. આર. કાળેની આવૃત્તિમાં અંગ્રેજી અનુવાદ મળશે. આ જૂની ચોપડી સેકન્ડહેન્ડ બુકસેલરને ત્યાં મળવાનો સંભવ વધારે. નવી મળે તોયે ચાલે. હું એના પૈસા આપીશ. નરસિંહરાવભાઈની ચોપડીઓ સાથે આ ચોપડી પણ રેલવે પારસલથી મોકલશો. ત્યાંથી આવનાર કોઈ દેખાતું નથી.

નેત્રમણિભાઈની તબિયત કેમ છે?

'ધિ હાર્ટ ઑફ એ ગોપી'ની એક નકલ મેં તમને આપી છે કે નહીં? મને યાદ નથી. ન આપી હોય, તો એક નકલ શ્રી હરિશ્ચંદ્ર ભટ્ટ પાસેથી જરૂર લેજો. એ ભેટ મારે ક્યારની આપવી જોઈતી હતી. જરૂર જણાય તો શ્રી હરિશ્ચંદ્રને આ જ કાર્ડ બતાવશો. 'કુમારસંભવ' મેળવી આપવામાં એ મદદ કરશે. લિ. કાકાના સપ્રેમ

વંદેમાતરમ

૪૮

વર્ધા, ૪–૨–'૩૭

પ્રિય ભાઈ નરેન્દ્ર,

તમારો કાર્ડ મળ્યો. તમારા પિતાશ્રીનો કાગળ પણ મળ્યો. 'ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર' બે ભાગ, 'મનોમુકુર' બે ભાગ, 'સ્મરણસંહિતા', 'વિવિધ જ્ઞાનવિસ્તાર' ના બે અંકો અને 'કુમારસંભવ',— એટલી ચોપડીઓ મળી. 'કુમારસંભવ'માં પહેલા પાંચ સર્ગો જ છે. આખું કાવ્ય સત્તર સર્ગોનું છે. બીજા સર્ગોનું અંગ્રેજી ભાષાંતર નહીં મળતું હોય? સહેજ તપાસ કરશો.

નરસિંહરાવ વિષે મેં એક નોંધ લખેલી તે 'ગુજરાત' માટે શ્રી કનૈયાલાલ મુનશીને મોકલી છે. હવે આ ચોપડીઓ જોયા પછી જે લખીશ તે 'પ્રસ્થાન'ને મોકલીશ. 'મનોમુકુર' ઉપર લખાશે એમ માનું છું. કવિતા એ મારું ક્ષેત્ર નથી એટલે 'સ્મરણસંહિતા' ઉપર નયે લખું. છતાં કહેવાય નહીં. 'સ્મરણસંહિતા'નાં ચિત્રો તો મને ગમતાં જ નથી.

એ યુગ ચાલ્યો ગયો. હાજી મહમદે એનો પ્રારંભ કર્યો એટલા પૂરતો એને જશ ખરો.

નેત્રમણિભાઈએ નરસિંહરાવ વિષેનાં પોતાનાં સંસ્મરણો લખી મોકલવાનું કબૂલ્યું છે.

ચોપડીઓ વખતસર મળવાથી આનંદ થયો. કાકાના

સપ્રેમ વંદેમાતરમ્

સ્વ. નરસિંહરાવનાં 'વસનજી માધવજી લેક્ચર્સ (૧૯૩૦)' મળતાં નથી કે શું? કાકા

૪૯

વર્ધા, ૭–૨–'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તા. ૫ અને ૬, બંનેવાળા તમારા કાગળો મળ્યા. મારી પાસે 'વિવર્તલીલા' છે. નરસિંહરાવે પોતે જ આપી હતી. એટલે એ નહીં મોકલતા. માધવજીવાળી ચોપડી વાંચીશ ખરો. પણ એ ઉતાવળે મોકલવાની જરૂર નથી. હમણાં તો 'મનોમુકુર' છે. જો 'માધવજી લેક્ચર્સ'માં કેવળ નરસિંહ મહેતો જ હોય, તો મુનશી પાસેથી એમની ચોપડી ('નરસૈંયો ભક્ત હરિનો') મંગાવીને બંનેનાં દૃષ્ટિબિંદુ સરખાવી જોઈશ. 'કુમારસંભવ'નું મરાઠી કે ગુજરાતી ભાષાંતર મળતું હોય, તો તે ચાલશે. મારે અને ભાઈ પ્યારેલાલને એ આખું કાવ્ય જોવું છે. હું ઉતાવળે જોઈ જઈશ. પ્યારેલાલ ઊંડા ઊતરશે. 'અભિનયકળા'ની મને ખાસ જરૂર નથી. 'સ્મરણસંહિતા' મારે જરૂર વાંચવી છે. ૧
એમાંનાં રેખાચિત્રો સચોટ પણ કાંઈક અનુદાર છે એવી છાપ મારા મન પર છે. ચોપડીઓ માટે ભાઈ નરેન્દ્રને નાહક બહુ દોડાવતા નહીં.

'માધવજી લેક્ચર્સ' વખતે ઉમાશંકર પણ મોકલશે. તમે જો મોકલો તો ઉમાશંકરને ના કહી દેશો.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૫૦

વર્ધા, ૧–૩–'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

આટલી મહેનત કરી આખરે તમે 'કુમારસંભવ' મેળવ્યુ ખરું! એ સરસ આવૃત્તિ છે.

કાલે સવારે કલકત્તા મેલથી જાઉં છું. શ્રીરામકૃષ્ણ પરમહંસ શતાબ્દીને અંગે કલકત્તામાં સર્વધર્મ પરિષદ છે. આજે શરૂ થઈ હશે. પરમ દિવસનો પ્રમુખ હું છું. ત્યાં છઠ્ઠી સુધી રહી સાતમીએ સાંજે અહીં પાછો આવીશ. પંદરમી સુધીમાં મદ્રાસ પહોંચવું છે. મુંબઈ થઈને જઈશ તો મળીશ જ. બારોબાર જઈશ, તો કાગળ લખીશ. મારી

સાથે નાના આવે છે. એને ફિલસૂફી અને ધર્મની વાતો સાંભળવાનો શોખ છે. નરસિંહરાવવાળાં સંસ્મરણો મળ્યાં. રસ્તામાં વાંચીશ. મારાં સંસ્મરણો મુનશીના 'ગુજરાત'માં તથા 'પ્રસ્થાન'માં આપ્યાં છે. નરસિંહરાવની મૌલિક કૃતિ તો 'સ્મરણમુકુર' અને 'સ્મરણસંહિતા' એ બે જ છે. 'માનસી'માં નરસિંહરાવ વિષે લખેલું વાંચ્યું.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૫૧

વર્ધા, ૮–૩–'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો મધરાત પછી લખેલો કાગળ હમણાં જ વાંચ્યો. એક ભાઈ મળવા આવેલા એની સાથે વાતો કરું અને ઉતાવળે કાગળ વાંચું અને ખાતો પણ જાઉં. એ સ્થિતિમાં કોણ દાઝયું તે ધ્યાનમાં ન આવ્યું અને ખાઈને કાંતવા બેઠો. અને કાંતતી વખતે મૌન અને એકાન્ત હોય છે. એટલે કાંત્યા પછી જ કાગળ ફરી વાંચ્યો ત્યારે જોયું કે ભાઈ નરેન્દ્ર જ વ્યથા સહન કરે છે. મને તો જાણે મારા પોતાના શરીર પર જ ફોડા ઊઠ્યા હોય એવું થયું. નરેન્દ્રભાઈ શરીરે એવા મજબૂત નથી કે સહેલાઈથી ખમી શકે. ચિંચવડમાં એક વખતે મારા પગ ઉપર ઊકળતું પાણી ઢોળાયું હતું, અને પગની આખી ચામડી ઊપસી આવી ઊતરી ગઈ હતી, તે દિવસો યાદ આવ્યા.

આશા રાખું છું કે, હવે તાવ તો મટયો હશે જ. દઝાયેલી ચામડી પર મધ લગાડે છે, તે ઉપચાર તો કર્યો હશે જ. ભાઈ નરેન્દ્રની વેદના જોઈ તમે બેબાકળા થઈ ગયા હશો અને ચિ. . . . બહેને જ તમ બંનેને ધીરજ આપી હશે. આવે પ્રસંગે બહેનોની ધીરજ કાંઈ અજબ હોય છે.

આજકાલ તમારી મૂંઝવણ તો ઘણી હશે. જરૂર પડયે ચિ. બાળને બોલાવી લેશો. એ કેટલાક કલાક આપી શકશે. એની પરીક્ષા છે એની ચિંતા નહીં કરતા. અણીને વખતે માણસ કામ ન આવે, તો શો ઉપયોગ? તમો લખો તો ભાઈ પાંડુરંગને અહીંથી મોકલીશ.

મારે તો આ ૧૨મીએ મદ્રાસ જવાનું થશે. પણ સંભવ છે કે તે પહેલાં અલ્લાહાબાદ જવું પડશે. કાલે જ સાંજે કલકત્તાથી પાછો આવ્યો. ત્યાં દુનિયાના તમામ દેશના પ્રતિનિધિઓ આવ્યા હતા અને મોટું વ્યાખ્યાનસત્ર ચાલ્યું. હું રવીન્દ્રનાથ ઠાકુરને પણ મળી આવ્યો. તેઓ રાષ્ટ્રભાષા હિંદીના પ્રચારને અનુકૂળ છે. કેટલાક બંગાળી સાહિત્યકારોને 'આનંદબજાર પત્રિકા'ની ઑફિસમાં મળી આવ્યો. 'આનંદબજાર પત્રિકા' રોજ ૫૬,૦૦૦ નકલો વેચે છે. કલકત્તામાં જબરદસ્ત શક્તિ છે. બેલૂડ મઠ જોયો. ત્યાં જૂના ઓળખીતા સ્વામીઓ મળ્યા. સતીશબાબુનું ચર્માલય જોયું. ગુજરાતી સાહિત્યમંડળ ભેગું થયું હતું એમને મળ્યો. 'વિશ્વમિત્ર'વાળા મૂલચંદ અગ્રવાલે હિન્દી પ્રેમીઓને ભેગા કર્યા હતા. એમને પણ મળ્યો.

પણ આજે કામ ઘણું છે એટલે વિગતો નહીં લખું. મારું હૃદય તમારી પડખે છે એમ સમજજો અને વિના સંકોચે જોઈતી સેવા માગી લેજો.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ

ચિ. ભાઈ નરેન્દ્ર,

દુ:ખ આપીને માણસના અનુભવમાં ઈશ્વર સમૃદ્ધિ જ કરે છે. દુ:ખ માણસની કસોટી પણ છે અને કેળવણી પણ છે. એ જે અનુભવ કરાવે, તેને માટે તૈયાર રહીએ; બીજું શું?

કાકાના સપ્રેમ
શુભાશિષ

ચિ. સૌ. . . . બહેન,

ચિ. નરેન્દ્રના શરીરને વેદના છે, તે કરતાં તમારા દિલને વધારે વેદના વેઠવી પડે છે, એ હું જોઈ શકું છું. ઈશ્વરે સ્ત્રીજાતિને શક્તિ આપી છે, તેથી જ માણસ નભે છે.

લિ. કાકાના સપ્રેમ
શુભાશિષ

૫૨

મદ્રાસ, ૯–૪–'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો કાર્ડ મને અહીં મળ્યો. ચિ. નરેન્દ્રની તબિયત સુધારા પર છે, એમ જાણી ચિંતા દૂર થઈ. ભાઈ નરેન્દ્રે ઘણું વેઠ્યું અને તમારે તેટલી જ માનસિક ચિંતા વેઠવી પડી. ચિ. સૌ. . . . બહેને ભાઈની સેવા કરવામાં જીવ નિચોવી નાખ્યો હશે. અને નાની પ્રમોદિનીએ સવારથી સાંજ સુધી કેટલાંયે નાનાં નાનાં કામો કર્યાં હશે. નાનાં બાળકો ઝીણાં ઝીણાં કામો કરે છે તેનો હિસાબ કરવા જઈએ, તો મોટા માણસ કરતાં એનો સરવાળો ઓછો નથી થતો.

હું અહીં હિન્દી સાહિત્ય સંમેલન અને ભારતીય સાહિત્ય પરિષદને અંગે આવેલો. ત્યાર પછી કેમ રહેવું પડ્યું તે તમે 'હરિજનબંધુ'માં વાંચ્યું જ છે. આજે રાત્રે અહીંથી ઉપડી પશ્ચિમ કિનારે મંગળુર જાઉં છું. ત્યાંનો હિન્દી પ્રચાર જોઈ સ્ટીમરને રસ્તે ગોવા થઈ બેલગામ જઈશ. અથવા મંગળુરથી મોટરને રસ્તે બેલગામ પહોંચીશ. ત્યાં સોળમીથી બાવીસમી સુધી એક ગામડે ગાંધી સેવા સંઘનું સંમેલન છે તેમાં ભાગ લઈ પશ્ચિમ કિનારે પ્રચારને અર્થે ફરીશ. મે મહિનામાં ગમે ત્યારે મુંબઈ પહોંચીશ ત્યારે મળીશું.

તમારી તબિયત સારી હશે, હું તો છેક દક્ષિણમાં કન્યાકુમારી સુધી જઈ આવ્યો. યાત્રાભ્રમણ મારે મન ભારતમાતાની ઉપાસના છે. એટલે કામ સાથે ધ્યાન પણ સરસ થાય છે. પણ એ બધું લખી કાઢવાને અવકાશ નથી મળતો, એ દુઃખની વાત છે. જેમ જાનવરો ઉતાવળે ખાય છે અને નવરાશે વાગોળે છે, તેમ અત્યારે તો અનુભવના ઢગલા ભેગા કરું છું. પછી નિરાંતે બેસીને લખાશે.

આજે મદ્રાસ છોડવાની ઉતાવળ છે, એટલે આટલેથી જ પતાવું છું.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

ચિ. સૌ. . . . બહેન ભાઈના મંદવાડના દિવસોના પોતાના અનુભવો લખી કાઢશે ?

કાકા

૫૩

દેવરૂખ, ૧-૫-'૩૭

પ્રિય નેત્રમણિભાઈ

ઘણા દિવસ થયાં આપણે એકબીજાને કાગળ લખ્યો નથી. આ બે મહિના એવો તો ફર્યો છું કે, चक्रं भ्रमति मस्तके એમ કહી શકાય. કયે દિવસે ક્યાં હતો અને શું કર્યું એ કહેવું પણ મુશ્કેલ છે. બહુ મહત્ત્વના કાગળો પણ લખવાના રહી ગયા છે. એમાં વળી નાના પોતાના માંદા ભાઈની સેવા કરવા ઘેર—કોલ્હાપુર—ગયા છે. મારી સાથે દ્વારકાનાથજી છે.

મેં કાગળ નથી લખ્યા, પણ તમારી અને ચિ. નરેન્દ્રભાઈની યાદ તો ઘણી વાર આવતી. ચિ. બાળ લખે છે કે, નરેન્દ્રભાઈને હવે ઘણું સારું છે. છતાં હજી નબળાઈ તો છે જ. એમના પ્રાક્તનમાં આટલું વેઠવાનું હતું, બીજું શું?

તમે ચિ. બાળના મામાના લગ્નમાં હાજરી પૂરી આવ્યા! તબિયત ઉપર તાણ વેઠીને આવાં કામ ન કરવાં. પણ તમારો પ્રેમાળ સ્વભાવ તમને આરામ લેવા દે ત્યારે ના!

મુસાફરીનાં વર્ણનો રોજ લખવા માંડું, તો જોતજોતામાં એક ચોપડી થઈ જાય. પણ લખવાનો વખત જ મળતો નથી. અહીં કોંકણનું દૃશ્ય ભવ્ય છે અને વિવિધ છે.

એક દિવસ ઊટી (ઊટાકામંડ) ગયા હતા. ત્યાંનાં યુકેલિપ્ટસનાં ઝાડ તો ૨૦૦ ફૂટથી પણ વધુ ઊંચા! અને આખું વાતાવરણ એવું તો મહેકે!

હવે હું અહીંથી ચિપળૂણ જઈ, ત્યાંથી દાભોળ બંદરે સ્ટીમર લઈ તા. ૪થીએ સવારે ચાર કે પાંચ વાગ્યે મુંબઈ પહોંચીશ.

ત્યાં એક કે બે દિવસ રહી વર્ધા જઈશ. તમને મળવા જરૂર આવીશ. પણ એક શરત છે. ચિ. . . . બહેને પોતાના ભાઈ નરેન્દ્રની સેવામાંથી વખત ઓછો કરી મારે માટે ખાવાનું બનાવવાની તરખટમાં ન પડવું. હું તો દહીં ને ફળ ખાઈને સંતોષ માનીશ. અને ફળો તો સમારીને ન જ રાખવાં.

ચિ. પ્રમોદિની મારી સાથે ખાવા ન બેસે, તો મારાથી કેમ ખવાય? એટલે એને પણ કહેશો કે, મારી સાથે બેસીને ન ખાય તો એ અવિવેક જ ગણાય. એ કાગળ નથી લખતી એ ગુનો માફ.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૫૪

વર્ધા, ૨૬-૬-'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો પ્રેમથી ભરેલો કાગળ વાંચી અનેક વિચારો મનમાં આવ્યા. તમે રોમેરોમ વૈષ્ણવ છો. મારામાં ભક્તિ છે, પણ 'વૈષ્ણવ' ભક્તિ નથી. એટલું જ નહીં, પણ જે વૈષ્ણવ ભક્તિ તમારામાં જોઉં છું, તેના પ્રત્યે સહાનુભૂતિ પણ નથી.

કોઈ માણસ પ્રત્યે સદ્ભાવ જાગે એટલે તરત કલ્પનાનો રંગ એના પર ચડાવી એને શ્રેષ્ઠ સંત પુરુષ માની લેવો એમાં ભારે જોખમ છે એ અનિષ્ટ છે જ છતાં એ અમુક દરજ્જે સ્વાભાવિક છે. પણ જેને વિષે મનમાં આદરભાવ કે પૂજ્યભાવ વસ્યો તેના દીકરાને તેનો પ્રતિનિધિ માનવો, એ રાજભક્તિ અને ગાદી પ્રત્યેની નિષ્ઠાની જ એક નવી આવૃત્તિ છે. ચિ. બાળનો સ્વભાવ સ્વચ્છ હશે, એ પ્રેમાળ હશે, તમારા વાત્સલ્યનું એ પાત્ર હશે, ત્યાં સુધી હું સમજી શકું છું. એની સાથે મારે લેવા દેવા નહીં, પણ એને મારો પ્રતિનિધિ કે પ્રતીક ગણો, એ વૈષ્ણવવૃત્તિ મને ગમતી નથી. વૈષ્ણવોના ગુરુઓ અને વલ્લભ સંપ્રદાયના મહારાજાઓ આવી જ રીતે પ્રતિષ્ઠા પામ્યા અને કેટલાકની નાલાયકીનો બધો બોજો સમાજને ઉઠાવવો પડ્યો. જૂના સડાઓ જોઈ આપણે અકળાઈએ છીએ, ત્યાં નવા સડાનો મસાલો પેદા કેમ કરીએ?

જો મારો પ્રતિનિધિ કોઈ હોય, તો તે મારા કાગળો અને મારાં લખાણો હોઈ શકે. મારા કેટલાયે દોષો મારા કાગળો અને લખાણો સુધી પહોંચતા નથી, એટલે દરજ્જે મારા શબ્દો મારી સુધારેલી અને શુદ્ધ કરેલી આવૃત્તિ છે. બીજી રીતે મારી કેટલીક ઉત્કટ ભાવનાઓ શબ્દમાં વ્યક્ત ન થઈ શકે અને કાગળો અને શબ્દો તો તે તે કાળ પૂરતા જ સાચા

હોય છે. કાળ અને પરિસ્થિતિ બદલાય તેમ માણસ બદલાય છે. તેથી જ તેને આપણે જીવતો કહીએ છીએ. પણ લખેલા શબ્દો મૂર્તિની પેઠે સ્થિર થઈ બેસે છે, તેથી પ્રયોજન પૂરું થયા પછી તે નિષ્પ્રાણ થવા લાગે છે. શબ્દોમાં કરેલી પ્રાણપ્રતિષ્ઠા અમુક કાળ સુધી જ પૂરેપૂરી ટકે છે. પાછળથી એમાં પરિવર્તન થવા માંડે છે. એ ઇષ્ટ પણ હોય અને અનિષ્ટ પણ હોય. તેથી જ શબ્દને પ્રમાણ ન ગણાય. તે તે વખતની શુદ્ધ અંતઃકરણની પ્રેરણા એ જ પ્રમાણ ગણાય.

મૂર્તિપૂજા, ગ્રંથપૂજા, શબ્દપૂજા અને પ્રતિનિધિપૂજા, એ બધામાં અનાત્મની પૂજા આવી જાય છે. અને તેથી, તેટલે દરજ્જે, તેમાં જોખમ છે. એમાંયે પ્રતિનિધિપૂજામાં જોખમ વધારેમાં વધારે છે અને લાભ નહીં જેવો છે.

ચિ. બાળ તમને મુંબઈમાં અનેક વાર મળતો. એથીયે વધારે વાર તમને મળત, પણ તમારા પ્રેમ અને આગ્રહથી મારી પેઠે એ પણ અકળાતો હતો. કોઈને પોતાની સેવાથી અને પ્રેમથી સાવ દેવાદાર બનાવવો, એ સારું તો નથી જ. એ રીતે પણ માણસનું સત્ત્વ હણાય છે.

હું આશા રાખું છું કે, કરાંચીથી બાળ તમને ઘણી વાર લખશે. ચિ. નરેન્દ્રભાઈને હવે કેમ છે? ચામડીને રૂઝ તો આવી ગઈ છે. હવે માલિશનું જ કામ છે. એની સાથે એ ચામડીને સૂર્યસ્નાન પણ જરૂરનું છે. જેમ તડકો મળે, તેમ ચામડી પોતાનો રંગ પાછો મેળવી લેશે અને પછી જ એ મજબૂત થશે.

ચિ. સૌ....બહેનને મારા શુભાશિષ. તમારે ત્યાં આવું છું, ત્યારે આપણે આપણી વાતો જ કરીએ છીએ. એમની સાથે વાતો કરવાનો અવકાશ જ મળતો નથી. અને નાની પ્રમોદિની હજીયે શરમાય છે. આ વરસે મુંબઈમાં વરસાદ ખૂબ થયો છે, એટલે કીકીના બધા દાંત હવે ઝપાટાભેર ઊગશે એમ માનું છું!

તમારી તબિયત ખૂબ સાચવશો.

મારી તબિયત મારી દૃષ્ટિએ સરસ છે. હવે તો માખણ પણ લઉં છું.

લિ. કાકાના સપ્રેમ

વંદેમાતરમ્

૫૫

વર્ધા '૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૧૩–૭નો લાંબો કાગળ વાંચી આનંદ થયો. વૈષ્ણવ ભક્તિ પાછળ ગૂઢ તત્ત્વજ્ઞાન છે, એની ના નથી. તમારું આખું જીવન જે શુદ્ધ ભાવથી રંગાયેલું છે, તેની હું અવગણના ન કરું. હું પણ શુદ્ધ પ્રેમનો આશક છું. પણ સમાજમાં ચાલતી અનેક પ્રથા અને રૂઢિઓ જોઈ એટલો તો અકળાયો છું કે, ટાણે-કટાણે જાગ્રત અને સચેત થવાનું મન થાય છે. આ મારી વૃત્તિથી મેં મારા કેટલાયે મિત્રોને દૂભવ્યા છે. ખેર, તમે તો મારો ભાવ સમજો છો એટલે ચિંતા નથી. નાનુભાઈ વોરા અને નાના પાસેથી જાણ્યું કે તે દિવસે તમે જાતે સ્ટેશન પર આવેલા. ચિ. નરેન્દ્રભાઈની તબિયત નબળી. તેમાં વળી જો તમે પણ પથારીવશ થાઓ, તો ચિ. સૌ. . . . બહેન ઉપર કેટલો બોજો અને કેટલી ચિંતા આવી પડે! માટે કૃપા કરી તમારે આ ચોમાસામાં તો આવાં જોખમો ન જ ખેડવાં. ખરેખર જ્યારે તમે આવી તકલીફ ઉઠાવો છો, ત્યારે હું ચિડાઉં છું.

તબિયત બરાબર સાચવશો.

લિ. સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૫૬

વર્ધા, ૧૩–૮–'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તા. ૩–૮નો તમારો કાગળ મળ્યો. શ્રી. પરમાનંદ કાપડિયાએ મને પર્યુષણ પર્વ માટે મુંબઈ આવવા આમંત્રણ આપ્યું છે. જો તે સ્વીકારું તો સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં મુંબઈ જવાનું થશે. પહેલાં પૂના જવાની પણ વકી છે. પણ એ હજી નિશ્ચિત નથી. તમે ભક્તિમાર્ગનું જે વિવેચન કરો છો, તે અવશ્ય મનનીય હોય છે. મારી વૃત્તિઓ ધાર્મિક પરંપરામાં સંસ્કાર પામેલી છે, એટલે ગુરુશરણ,

સ્વાર્પણ અને ભક્તિરસ-સેવન, એ બધી વસ્તુઓ આદર્શ તરીકે હું સ્વીકારું છું, પણ આજે તે વ્યવહારમાં કેમ મુકાય એ જ મોટો સવાલ છે. તેથી એ આખી સંસ્કૃતિને વધારે શુદ્ધ અને સમયાનુકૂલ નવું રૂપ આપવું જોઈએ, એમ માનું છું. જો નવરાશ મળે તો એનો વધુ વિચાર કરી શકીશ. પણ અત્યારે તો જે સેવાક્ષેત્ર પસંદ કર્યું છે, તેમાં બધું ધ્યાન અને વખત આપવામાં જ સાધના રહેલી છે, એમ જોઉં છું. સમાજસેવાથી અળગા રહી અધ્યાત્મ ન કેળવાય. ઊલટું હું તો માનું છું કે, અધ્યાત્મને ઊંચી કોટીએ ચડાવી એને એવું તો વહેવારુ રૂપ આપવું જોઈએ કે, સાધુસંતોનો નોખો વર્ગ પેદા જ ન થાય — જેમ પ્રામાણિક લોકોનો, સદાચારી લોકોનો અને પરોપકારી લોકોનો નોખો વર્ગ નથી પેદા થયો. દરેક જણ પોતાની શક્તિ અને પોતાના સંસ્કાર પ્રમાણે એ આદર્શો ઓછાવત્તા પાળે છે.

ચિ. બાળનો કાગળ હાલ નથી પણ પૂ. બાપુજીને એ નિયમિત લખે જ છે એટલે મને ચિંતા નથી. તમને એ લખે છે એ મને બહુ ગમે છે.

હમણાં આ તરફ બે દિવસ થયાં ઉઘાડ છે એટલે હવા ખુશનુમા છે.

ભાઉ ધર્માધિકારી પ્રસન્ન છે. સુધારો તો ધીમે ધીમે જ થાય, પણ ચોક્કસ સુધારો જણાય છે એ જ સમાધાનની વાત છે.

ભાઈ મોહનલાલ —ને હું ઓળખતો નથી. એમને કહેશો કે, લેખો પરથી કોઈને વિષે અભિપ્રાય બાંધવો નહીં; એ તો દૂરથી ડુંગર રળિયામણા! ડિક્ટેટર થવાને જે લાયક હોય છે, તે ડિક્ટેટર થઈ જ જાય છે. મારામાં જે ઉપયોગિતા છે તે છે. એથી વધુ કરવા જતાં કામ બગડે. માણસમાં સાધનાની ઉગ્રતા અને ઉત્કટતા હોવાં જોઈએ પણ મહત્ત્વાકાંક્ષા તો એને પાડે જ અને કામને પણ બગાડે. એટલે જે સ્થાને છું એને માટે જ લાયક છું.

મજામાં હશો.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

વર્ધા, ૩–૯–'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૩૧–૮નો કાગળ મળ્યો. મને કાંઈક એવો ખ્યાલ રહી ગયેલો કે તમારા કાગળનો જવાબ મેં મોકલ્યો છે. એટલે નવો કાગળ આવે ત્યાં સુધી હું નિશ્ચિંત હતો. હવે જોઉં છું કે, મારી એ ભૂલ હતી. આજકાલ ખૂબ ભૂલકણો થયો છું !

નાના ધર્માધિકારી અખિલ મહારાષ્ટ્ર હિંદી પ્રચાર સભાના સંચાલક બનીને શંકરરાવ દેવ સાથે કામ કરવા પૂને ગયા છે. એ મુંબઈમાં તમને મળ્યા નહીં એનું આશ્ચર્ય છે. હું તા. ૫ મીએ નાગપુર જવાનો છું. છઠ્ઠીએ અહીંથી અકોલા જઈશ. સાતમીએ સાંજે કે આઠમીએ સવારે મુંબઈ પહોંચીશ. ત્યાં એક જ દિવસ રહી પૂને જઈશ. મારા કાર્યક્રમો વારેઘડીએ બદલાયા. પણ એ મારા હાથની વાત ન હતી. મારી પ્રકૃતિ ઠીક છે. આજે આખો દિવસ નાગપુરથી આવેલા કેળવણીખાતાના લોકો જોડે રચનાત્મક ચર્ચામાં ગયો છે. રાત્રે સૂતા પહેલાં આ કાગળ લખું છું.

ચિ. બાળ બીજી ઑકટોબર પછી અહીં મળવા આવશે.

પૂ. બાપુજીની તબિયત હવે સુધારા પર છે.

આશ્રમમાં લગભગ મારી સાથે જ જોડાયેલા શ્રી. છોટેલાલજી ટાઈફોઈડથી માંદા હતા. તાવની અસર મગજ ઉપર થઈ અને રાત્રે ઊઠીને તેમણે કૂવામાં પડી આત્મહત્યા કરી. ભારે તપસ્વી હતા. મધમાખોની ઊછેરમાં નિષ્ણાત હતા. એમના મરણથી અનેક વિચારો મનમાં આવે છે. અનેક અકસ્માતોમાંથી બચી જઈ માણસ સો સો વરસ સુધી જીવે છે, એ જ એક મોટું આશ્ચર્ય છે. મરી જવું એ તો સાવ સહેલી વસ્તુ છે.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

પુરુળિયા, ૨૬-૯ '૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

સંથાલ, શબર, હોડ, ઉરાંવ, મુંડા ઇત્યાદિ પછાત (અથવા આદિમ નિવાસી) લોકોની સ્થિતિ જોવા આ બાજુ ફરું છું. આ વખતે સંથાલ પરગણામાં સારી પેઠે થાક્યો. પરિણામે સળેખમ ને તાવ આવી પહોંચ્યાં. પણ મારો ખોરાક મારા તાબામાં હોવાથી ઝટ પ્રકૃતિ કાબૂમાં આવી. કાલે રેલવેમાં ત્રણ ઠેકાણે ગાડી બદલવાની હોવાથી ચાર કટકે સુવાયું. પણ મને એની તકલીફ નથી. ખૂબ જંગલી સ્થાને હાથી પર ચડીને ગયા હતા. આજે અહીં કુષ્ઠરોગીઓ માટે ચાલતું એક રુગ્ણાલય જોયું. દુનિયમાં આનો ત્રીજો નંબર છે. મિશનરીઓ ચલાવે છે. આપણા લોકો હવેલીમાં દાન કરી પાપ મેળવે છે, જ્યારે પરદેશી અને પરધર્મી લોકો અહીં આવી આપણાં ગરીબ લોકોને અપનાવે છે! રાંચીની આસપાસ લક્ષાવધિ સંથાલ લોકો ખ્રિસ્તી થઈ ગયા છે અને હજી થાય છે. કાલે એ સ્થાન જોવા જવાના છીએ. ત્યાંથી તાતાનગર, બનારસ, અલ્લાહાબાદ અને લખનૌ થઈને તારીખ પાંચમી ઑક્ટોબરે વર્ધા પહોંચીશ.

ચિ. બાળ તે અરસામાં કરાંચીથી મુંબઈ થઈ વર્ધા આવનાર છે. એકાદ મહિનો વર્ધા રહેશે.

પ્રવાસમાં પ્રભુની લીલા નિહાળવાના અનેક પ્રસંગો મળે છે. અને તે વખતે તમ બધાનું સ્મરણ થાય છે.

મારી તબિયત આજે સરસ છે. ચિંતાનું કશું જ કારણ નથી. આજે પણ અહીંનું ખાદી પ્રદર્શન જોવા ગયો હતો. શ્રીરાજેન્દ્રબાબુએ તે ખોલ્યું. એક કુષ્ઠાશ્રમ દેશી લોકોએ ખોલ્યો છે. તે પણ જોવા ગયા હતા.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૫૯

વર્ધા, ૭-૧૦-'૩૭

પ્રિય નેત્રમણિભાઈ,

મુઝફ્ફરપુર, દેવઘર, સંથાલ પરગણા, પુરુળિયા, રાંચી, બનારસ, અલ્લાહાબાદ અને લખનૌ થઈને તેમ જ કાલે નાગપુર થોભીને સાંજે અહીં આવ્યો. ઘણું ફર્યો, ઘણું જોયું, ઘણાને મળ્યો. હવે એક મહિનો ક્યાંય જવું નથી. અહીં જ રહીશ. મારી તબિયત હવે ઉત્તમ છે. ખોરાકે જ મને માંદો પડતાં બચાવ્યો. મારા સાથી સત્યનારાયણજી પુરુળિયા રાંચીમાં માંદા પડ્યા. ખૂબ હેરાન થઈ ઇન્ફ્લુએન્ઝા, મલેરિયા ને ટાઈફસ લઈને અહીં આવ્યા છે. હાલ ઇસ્પિતાલમાં છે.

ચિ. બાળ મુંબઈ આજે પહોંચ્યો હશે. એનો ૨૧ સપ્ટેમ્બરનો કાગળ હતો. એને માટે ઉતાવળ કરી હું પાછો આવ્યો. અને ભાઈ સાહેબ તો હજી અહીં પહોંચ્યા જ નથી ! એનાં સ્નેહીઓ ઘણાં એટલે શું કરે !!

સંથાલ, મુંડા, ઉરાંવ, ખેરિયા વગેરે આદિમ-નિવાસીઓનું જીવન જોઈ ઘણા વિચારો મનમાં આવે છે. આપણે કેટલું પાપ સૈકાઓથી સંઘર્યું છે ! પાઘડીનો વળ છેડે એમ કહેવાય છે, તે પ્રમાણે સ્વરાજ્ય-પ્રાપ્તિ વખતે એ બધાં પાપો લેણદારની પેઠે નિષ્કૃતિ માગે છે !

તમારા બે કાગળો અહીં મારી રાહ જોતા હતા. આજે કામનો ઢગલો પડ્યો છે તે પતાવીને રાત્રે નિરાંતે તમારા કાગળો જોઈશ. તમારા કાગળો ઉતાવળે કેમ વંચાય ! ચિ. પ્રમોદિનીને કહેશો કે, હાથી પરનું અમારું સરઘસ ખૂબ મજાનું હતું. સંથાલ લોકો જંગલી વાજિંત્રો લઈને આવ્યા હતા. એવા તો નાચે અને ગાય ! અને રાજપ્યારી હાથણી ડોલતી ડોલતી ચાલે ને ઝાડની ડાળીઓ તોડી તોડીને ખાતી જાય. વાંસને પણ છોડે નહીં. પ્રમોદિનીએ બાંબુનું અથાણું ખાધું હશે પણ અમારી હાથણી તો કુમળો બાંબુ (વાંસ) આખો ને આખો ખાઈ જાય ! મેં જાણી જોઈને મારો ચપ્પુ ઉપરથી નીચે ફેંકી દીધો. મહાવતે હાથણીને કહ્યું કે ચપ્પુ શોધીને, ઊંચકીને ઉપર આપી દેજે.

એક ક્ષણની અંદર સૂઢના ટેરવા વતી ચપ્પુ પકડીને એણે અમને ઉપર આપી દીધો !

નરેન્દ્રભાઈને હવે સારું હશે. ચિ. સૌ. . . . બહેનને કહેશો કે, લખનૌમાં કાચાં શિંગોડાં મેં ઘણાં ખાધાં, ત્યારે એમનું સ્મરણ પણ ખૂબ થયું. તમારી તબિયત સારી હશે. સાથેનો કાગળ ચિ. બાળ માટે છે. એને આપશો.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૬૦

વર્ધા, ૩૦-૧૧-'૩૭

ચિ. સૌ...બહેન,

તમારો તા. ૨૮-૧૧નો કાગળ ગઈ કાલે મળ્યો. સાથેની કાપલી જોઈ રમૂજ પડી. તે પહેલાંના અઠવાડિયામાં 'ચિત્રા'એ મારા કલ્યાણના ભાષણ સામે સખત લખ્યું હતું.

નેત્રમણિભાઈની તબિયત સારી નથી રહેતી એ જોઈ ચિંતા થાય છે. દવાઓ તો ચાલતી હશે જ; પણ મને લાગે છે કે, કોઈ સારા જાણકાર લોકોની મદદથી એમને માટેનો યોગ્ય ખોરાક કયો, એ નક્કી કરવું જોઈએ. અનુકૂળ ખોરાક હાથ આવે તો તબિયત સુધરી જાય. ઋતુ બદલાઈ કે તબિયત લથડી જ છે, એ સ્થિતિ સારી નથી.

મારી તબિયત સરસ છે. મારો ખોરાક મને ફાવતો આવ્યો છે. પૂ. ગાંધીજીની તબિયત ચિંતાજનક કહેવાય. આટલો આરામ લીધા પછી લોહીનું દબાણ ઠેકાણે આવવું જોઈતું હતું. આશા છે કે ધીમે ધીમે આવશે.

હવે મુંબઈમાં પણ ટાઢ શરૂ થઈ હશે. સવારે ઊઠીને નિશાળે જતાં કીકીબહેન આનાકાની કરે છે કે નહીં ? એને મારા વતી કહેશો કે, ટાઢ જ્યારે ગાલ ઉપર ગદબદિયાં કરે છે ત્યારે માણસનું લોહી વધે છે; માટે ટાઢથી બીવું નહીં. ગાલ કાચકાગળ જેવા થઈ જાય તોયે બીવું નહીં.

તા. ૨૭મીએ મેં અપવાસ કરેલો. એકાંતમાં રહેવાની ઇચ્છા હતી; પણ એમ બન્યું નહીં. નજીવા કારણસર પણ લોકો આવે છે. પછી એમને વખત આપવો પડે છે.

શ્રી. નરેન્દ્રભાઈને કહેશો કે, 'પ્રકાશ' મારી પાસે આવે છે. એમાંની મુલાકાત મેં જોઈ છે. નેત્રમણિભાઈની સારવારમાં તમારો આખો વખત જતો હશે, છતાં વખત કાઢીને તમે મને કાગળ લખ્યો તેથી મને અનંદ થયો.

લિ. કાકાના સપ્રેમ
શુભાશિષ

૬૧

વર્ધા, ૨૧-૧-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

હવે તો મારો જાણે નિયમ જ થયો છે કે, તક મળે કે મુંબઈ જવું ને તમારે ત્યાં અમુક વખત ગાળવો. ચિ. સૌ. . . . બહેન જે કાંઈ હેતથી ખવડાવે તે ખાવું અને વધારાનું સાથે લઈ વર્ધા ઊતરતાં પહેલાં હિંગણઘાટ કે પુલગાંવ પર એનો નાસ્તો કરવો. તમે મને વર્ધા ભૂખે પેટે ઊતરવા દીધો જ નથી. અહીં આવ્યો કે કામે ચઢ્યો. તમારું આપેલું અથાણું તો ખૂટતું જ નથી.

હવે આ ૨૯મીએ સાંજે નીકળી ૩૦મીએ સવારે મુંબઈ પહોંચવાનો. સાંજે હિંદી કૉન્વોકેશનનું ભાષણ. ૩૧મી મુંબઈ તથા માટુંગા ગાળીશ અને પહેલીએ સવારે વર્ધા હઈશ.

મારી તબિયત સરસ છે. તમારી તબિયત સાચવવાની કળા તમારે શોધવી જ જોઈએ. એમાં ડૉકટરો મદદ ન કરે.

ચિ. કીકીને બોલાવજો. બધાંને યથાયોગ્ય.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૬૨

વર્ધા, ૯-૨-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૪-૨નો કાગળ મળ્યો. ખંડુભાઈ માટેનો લેખ આજે લખી કાલે મોકલીશ.

હું તમને મળવા આવ્યો તે જ વખતે તમારે ત્યાં ભિન્ન વૃત્તિનાં બીજાં મહેમાન આવ્યાં તેથી તમે આટલા બધા અસ્વસ્થ કેમ થયા? જ્યાં ગૃહસ્થનું ઘર છે ત્યાં બધી જાતના સ્નેહીઓ આવે. મેં તો તે દિવસે તમારે ત્યાં કદી નહીં ખાધેલું એટલું ખાધું — માગીને ખાધું અને શાંતિ અનુભવી. ચિ. . . . બહેનને પૂછી જોજો. તમે જ્યારે તમારી વાતોમાં કે કાગળોમાં દીનતાનાં વચનો, ભક્તિના ઉદ્‌ગારો વગેરે કાઢો છો ત્યારે હું ત્રાસી જાઉં છું. મળવા આવ્યાનો પશ્ચાત્તાપ થાય છે. ભાગી જવાનું મન થાય છે. એમાંય કાગળો મારફતે જે અકળામણ થાય છે તેના કરતાં પ્રત્યક્ષ વ્યવહારમાં વધારે થાય છે. તમે ચરણસ્પર્શ કરો એ તો મારાથી જરાય સહન થતું નથી. મારી યોગ્યતા હોય કે ન હોય, પણ એ રિવાજ જ ખોટો છે. અને તમે તો લાગણીના ઊભરામાં પોતાની નબળી તબિયતનો પણ ખ્યાલ કરતા નથી.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૬૩

ડિગ્બોઈ, આસામ,
૧૩-૪-'૩૮

ચિ. સૌ. . . . બહેન,

તા. ૫-૪નો કાગળ મળ્યો. આસામભ્રમણ આજે પૂરું થયું ગણાય. આજે ભારતના ઇશાન્ય ખૂણામાં છું. નકશામાં જોજો. આસામમાં છેક ઉત્તરપૂર્વે ડિબ્રુગઢ, તિનસુખિયા અને ડિગ્બોઈ છે. આજે આ ત્રણે ઠેકાણે વ્યાખ્યાનો થયાં, ઈશ્વરની કૃપા કે અહીં સુધી આવી શક્યો.

નેત્રમણિભાઈની તબિયત વિષે ચિંતા થાય છે.

ઈશ્વર પરની મારી શ્રદ્ધા વધતી જાય છે. મારા દોષો સહન કરી મને ક્ષણે ક્ષણે બચાવે છે તેથી પ્રભુ પરની શ્રદ્ધા અને ભક્તિ કેમ ન વધે? જેમ પૂ. બાપૂજીના પ્રેમનો રોજ અનુભવ કરું છું, તેમ જ ઈશ્વરની કૃપાનો પણ અનુભવ કરું છું.

ધર્મ વિષેની લોકોની શ્રદ્ધા શુદ્ધ કરવાની જરૂર છે. તે પ્રયત્ન અનેક રીતે કરું છું. મળીશું ત્યારે વિગતવાર પૂછજો.

કાકાના શુભાશિષ

ચિ. પ્રમોદિનીને શુભાશિષ

૬૪

સિંહગઢ નેચર ક્યોર ક્લિનિક,
પૂના, ૪-૫-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ

તમારી તબિયત સારી નથી એમ સાંભળેલું, એટલે મળવાને વિશેષ ઇંતેજાર હતો, પણ મળાયું નહીં. એનું તમારા કરતાં મને ઓછું દુઃખ નથી. જુહૂ-માટુંગા કામ હતું એટલે ત્યાં રહ્યો. ત્રણ વાર મુંબઈ આવ્યો છતાં મળાયું નહીં, એ કેટલી દુઃખની વાત!

હવે બારમી અથવા તેરમી તારીખે મુંબઈ જવાનું થશે તે વખતે મળવાનો પ્રયત્ન કરીશ. મારી તબિયત સારી છે છતાં ચિ. બાળ અને હું સિંહગઢ આવ્યા છીએ. અહીં કેટલું રહેવાશે એ નક્કી નથી. તમારી તબિયત હવે સારી હશે. ચિ. . . . બહેનને તથા કીકીને મારા શુભાશિષ.

કાકાના
સપ્રેમ વંદેમાતરમ

૬૫

C/o જ. પી. ત્રિવેદી,
ટિળક રસ્તા, પૂના ૨
૧૦–૬–’૩૮

ચિ. સૌ. . . . બહેન,

તમારો ૭–૬નો કાગળ મળ્યો. સાથેની કાપલી પણ મળી. લિપિમાં પણ આ લોકો ધર્મને લઈ આવે છે ! હદ કરી ! !

નેત્રમણિભાઈની તબિયતની ચિંતા થાય છે. અહીં વાદળાં ઘેરાય અને વરસાદ પડે એટલે એમનો જ વિચાર આવે છે. એમને ‘જીવનભારતી’ વાંચતાં મનને વિસામો મળે છે, એ વાંચી આનંદ થયો. હું તારીખ છઠ્ઠીથી અહીં પૂને આવ્યો છું. ચિ. બાળ હજી સિંહગઢ પર જ છે. તે આજે સાંજે પાછો આવશે. મારી તબિયત સારી છે. બાળની ઘણી સુધરી છે. ચિ. પ્રમોદિની હવે મારી સાથે છૂટથી બોલતી થઈ છે તે જોઈ મને વિશેષ આનંદ થયો. હું ચૌદમીએ કલ્યાણથી બારોબાર વર્ધા જઈશ. તમે તમારી તબિયત પણ બરાબર સાચવશો. પિતાશ્રીની સેવા માટે પણ તમારે તમારી તબિયતનો ખ્યાલ રાખવો જોઈએ.

લિ. કાકાના શુભાશિષ

૬૬

વર્ધા, ૯–૭–’૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો લાંબો કાગળ મળ્યો. મહાએકાદશીના વાતાવરણમાં એ લખેલો છે એમ સ્પષ્ટ થાય છે. આજકાલ અહીં સમિતિઓ ઘણી બેઠી. સવારે ઊઠીને રાત્રે પથારી પર શરીર ફેંકી દેતા સુધી નવરાશ જેવું કશું મળતું નહીં. પણ આવી પ્રવૃત્તિને કારણે થાક નથી લાગતો. ઊલટો સંતોષ રહે છે કે, એક દિવસ તો સારો ગયો ! જ્યારે હું માંદો હતો ત્યારે મિત્રોને કહેતો કે, મરવાને આળસે જીવું છું. આજે કહી શકું કે મરવા જેટલી પણ ફુરસદ ન મળે એટલે જીવ્યે જ છૂટકો.

મારી તબિયત સારી છે. આજકાલ સેગાંવથી ગાયનું માખણ મંગાવીને ખાઉં છું. પહેલાં એમાં જેવો સ્વાદ આવતો તેવો હવે આવતો નથી. કેમ કે મન સાથે નિશ્ચય કર્યો છે કે માખણ છોડી દેવું. એ વિરાગ જામ્યા પછી માખણમાં દૂધ દહીં જેવો સ્વાદ આવતો જ નથી. મને લાગે છે કે, તબિયતને પણ હવે એ ફાયદો ન કરે. એટલે થોડા દિવસ એનો અનુભવ લઈ પાછું છોડી દઈશ. માખણ ન ખાવાનું વ્રત લીધું નથી, છતાં વિરક્તિ પૂરી જામી છે, એટલે હવે એ ખાવાથી લાભ થવાનો નથી. દહીંમાં માખણનું તત્ત્વ હોય જ છે. તેટલું શરીરને માટે માફક આવે છે. વચમાં કેળાં મળતાં ન હતાં એટલે બાફેલું શાક લેતો. હવે કેળાં મળે છે છતાં શાક ચાલુ રાખ્યું છે. એ બહાને થોડુંક મીઠું પણ હવે પેટમાં જવા લાગ્યું છે. એની સારી કે માઠી અસર જણાતી નથી.

આ વરસે ઊંઘની માત્રા વધારવી પડી છે એટલે દરજ્જે નબળાઈ વધી ગણાય. ખોરાકને કારણે જ શક્તિ ટકી રહી છે એમ માનું છું.

મને તો ફરી ફરીને એમ જ થાય છે કે, તમે જો દવાઓ લેવાનું છોડી દઈ અથવા ઓછું કરી તમારે યોગ્ય ખોરાક શોધી કાઢશો, તો તમારી તબિયત ઘણી સુધરશે. તમારું કાઠું મજબૂત છે; પ્રાણશક્તિ ટકેલી છે; આહારનું અને ઊંઘનું તત્ત્વ જાળવવાની કૂંચી હાથમાં આવે, તો હજીયે તબિયત સાચવી શકશો.

તમારો લેખ વાંચી ગયો. તમે સમન્વય–દૃષ્ટિ રાખી છે તે જ બરાબર છે. જ્ઞાનનો સાક્ષાત્કાર કેવળ ભેજાથી નથી થતો, તર્કપ્રયોગથી નથી થતો, પણ જ્ઞાનને એટલે કે તત્ત્વબોધને જીવનમાં ઉતારવાથી જ થાય છે. ચિંતન, ભજન, શ્રદ્ધા અને અનુભવથી જે તત્ત્વબોધ થાય છે, તેને જીવનરૂપ કરવા જતાં જે જે પૂર્વ કર્મો, સંચિતો, પ્રારબ્ધો અને ક્રિયમાણો, સંકલ્પ-વિકલ્પો આડે આવે છે તે જ્ઞાનયુક્ત, અનાસક્ત અને સાથે સાથે અત્યંત ઉત્કટ એવા કર્માચરણથી જ દૂર થાય છે. ગીતાની જ્ઞાનની વ્યાખ્યા જીવનપૂરક જ છે. **अभयं सत्त्व संशुद्धिः** આદિ શ્લોકોમાં જીવનસ્વરૂપી કર્મ જ છે.

અને ભક્તિ એટલે શું? ભક્તિ એટલે કાંઈ લોભી માગણનું દાતા પ્રત્યેનું ખેંચાણ નહીં, પણ જીવાત્માનું પોતાના જ પૂર્ણસ્વરૂપ તરફનું આકર્ષણ અથવા ખેંચાણ છે. તેથી જ શ્રી. શંકરાચાર્યે કહ્યું :

मोक्षकारण सामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।।

વીજળીનો પ્રકાશ આપણને મળે છે એ પણ એવા જ ખેંચાણને કારણે. બે પાણી વચ્ચે લેવલનો ભેદ હોય એટલે જેમ પાણી વહેવા માંડે છે, તેમ જ જ્યારે વીજળીમાં ડિફરેન્શિયલ પેદા થાય છે, ત્યારે વીજળી વહેવા માંડે છે.

આ ઉદાહરણ ઉપરથી મારો એક અભિપ્રાય સ્પષ્ટ થાય છે કે, જીવોમાં પરમાત્મા પ્રત્યે જેટલું ભક્તિનું આકર્ષણ છે તેના કરતાં પરમાત્મામાં જીવો પ્રત્યે વાત્સલ્યભક્તિ અધિક હોય છે — જેમ માતા અને બાળકો વચ્ચે હોય છે તેમ. પરમાત્માના એ વાત્સલ્યને વશ થવું એટલું જ સાચું જોતાં આપણું કામ છે. એને જ સ્વાત્માર્પણ કહીએ છીએ. એ પરિપૂર્ણ થઈ જાય, એટલે આપણા દોષો બળી જ જાય છે અને ઇશ્વરી પ્રવાહ આપણામાં વહેવા માંડે છે. એને માટે ઇશ્વર ગમે તેવી ગોઠવણ કરશે — એનું કામ એ જાણે!

આ તત્ત્વનો જે અનધિકારી માણસ દુરુપયોગ કરશે તે નરકે જશે.

અહીં પણ આજે વરસાદ ખૂબ પડ્યો. શિયાળામાં જેમ તળાવ ઉપર વરાળનાં મોજાંઓ આવે છે, તેમ જ લીલા ઘાસ ઉપર વરસાદનાં મોજાંઓ દોડતાં હતાં. અહીં વરસાદ ઠીક ઠીક છે, છતાં એ અકળાવતો નથી. હવા ખુશનુમા છે — જાણે કુદરતનું ભક્તિસ્તોત્ર જ!

ચિ. પ્રમોદિનીને અહીં રમતાં કેટલો આનંદ આવત! મુંબઈમાં તો વરસાદના દિવસો એટલે કેદખાનું! બિચારી અકળાઈને માને હેરાન કરતી હશે.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૬૭

વર્ધા, ૧૬-૭-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

થોડાક કામ માટે આ કાગળ લખું છું. ધુંડીરાજ શાસ્ત્રી આપટે લખેલું આર્યોના સંસ્કારો પરનું પુસ્તક ક્યાં મળે છે, તેની મને ખબર નથી. પ્રસિદ્ધ થયે વર્ષ દોઢ વર્ષ જ થયું છે. સંભવ છે કે મુંબઈમાં એ માધવબાગમાં કે બીજે મળતું હશે. નરેન્દ્રભાઈ એની તપાસ કરી એ ચોપડી મને મોકલી દેશે? એની કિંમત બે રૂપિયાની અંદર જ હશે.

મજામાં હશો. તબિયત આવા વરસાદના દિવસોમાં ખાસ સાચવશો.

લિ. કાકાના

સપ્રેમ વંદેમાતરમ્

૬૮

વર્ધા, ૭-૮-'૩૮

ભાઈશ્રી નેત્રમણિ શ્રોફ,

તમારું કાકાસાહેબ પરનું પત્તું, તે પર પાણી પડેલું હોવાથી પસરેલી શાહીને લીધે બરાબર ઊકલતું નથી. પણ તમે 'સર્વોદય' મળવાથી રાજી થયા એટલું તે પરથી જાણ્યું. તે જ મુજબ, તમે અહીંના બનાવોથી સાવ અજાણ્યા છો એમ પણ અનુમાન થયું.

જણાવતાં દિલગીરી થાય છે કે ભાઈ પાંડુરંગ ભુરકે તથા ગજાનન દાબકે અનુક્રમે તા. ૨ જી અને ૩ જી એ કૉલેરામાં ઊપડી ગયા. કાકાસાહેબ પોતે પણ કૉલેરાથી પટકાયેલા છે. આશા તો છે કે એમને ધક્કો નહીં પહોંચે. છતાં ચિંતા નથી જ એમ ન કહેવાય. બીજા પણ ત્રણને થયેલો, તેઓ બચી ગયા છે. કાકાસાહેબના છેલ્લા બે દિવસ બહુ ચિંતામાં ગયા. કાલથી સારાં ચિહ્નો જણાય છે. અશક્ત ખૂબ થઈ ગયા છે. બે એક મહિના સુધી તો સારા થયા પછીયે પથારીવશ રહેશે, એમ ડર છે. એ જ.

કિશોરલાલ ઘ. મશરૂવાળાના

વં. મા.

૬૯

વર્ધા, ૧૧-૮-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

તમે તો હદ કરી! પોતે માંદા અને નરેન્દ્રભાઈને અહીં મોકલી દીધા! ત્યાં ચિ. સૌ. . . . બહેન ઉપર કેવડો બોજો પડ્યો હશે! અને ચિ. કીકી પર પણ એની શક્તિ પ્રમાણે. તમારું ચાલત તો તમે એરોપ્લેન કરી બધાં ઊડી આવત! મને એમાં શંકા નથી. પણ આ બધું સારું નથી. ગૃહસ્થધર્મની પોતાની મર્યાદા હોય છે, જે સાચવીને જ તે શોભે. મારી તબિયતમાં સહેજ પણ બગાડો કે સુધારો થાય, તો હું રોજ તે પ્રમાણે જણાવીશ. હવે જો તમે તાર કર્યા તો આપણો વહેવાર બંધ. નરેન્દ્રભાઈ આવી ગયા. સોળ રૂપિયાનું પાણી થયું. તમારી પાસે પૈસાની છૂટ હોય, તો મને સોંપી દો. હું તેનો સારામાં સારો ઉપયોગ કરી બતાવીશ. મારી સાથેનો વહેવાર મારી શરતે જ ચાલે. પૈસા તો અંતે લોહીબુંદના પરસેવામાંથી પેદા થાય છે. મારી તબિયત ધીમે ધીમે સુધરતી જાય છે. બે વખતનાં ભજન અને ગીતાપાઠ મને પરમ શાંતિ આપે છે. બાકીની બધી વિગતો નરેન્દ્રભાઈ કહેશે એટલે અહીં નથી લખાવતો.

આટલી ચિંતા કરીને પણ શરીર તો અંતે જવાનું જ છે. તેનો મોહ જેટલો વધારે, તેટલું નકામું દુઃખ વધારે. કાકાના

સપ્રેમ વંદેમાતરમ્

૭૦

વર્ધા, ૧૬-૮-'૩૮

શ્રી નેત્રમણિભાઈ,

પૂ. કાકાસાહેબની તબિયત સારી છે. શકિત આવતી જાય છે. પથારીમાં અઢેલીને ઠીક ઠીક બેસી શકે છે. હજી ચાલવાની શકિત આવતાં પંદરેક દિવસ લાગશે. ખોરાકમાં મોસંબીનો રસ, મઠો, ટમાટાનો સૂપ વગેરે લે છે. અહીં ટમાટા જોઈએ તેવા સારા નથી મળતા અને ઘણી વખત તો મળતા જ નથી. તેથી આપને અગવડ ન પડે, તો અઠવાડિયામાં બે પાર્સલ અહીં મોકલી શકો તો સારું.

દરેક પાર્સલમાં આઠ પાઉંડ ટમાટા મોકલશો. છૂંદાય નહીં એવી રીતે અને ત્રણચાર દિવસ ચાલે એમ મોકલશો. તસ્દી માફ.

લિ. સેવક

અમૃતલાલ

૭૧

વર્ધા, ૧૯–૮–'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

ચિ. નરેન્દ્રભાઈની સાથે મોકલેલો કાગળ તમને બિલકુલ નહીં ગમ્યો હોય. તમે જાણતા હતા કે, વર્ધામાં કૉલેરા છે. અહીંની જ હવામાં રહેલા લોકો પ્રમાણમાં સુરક્ષિત ગણાય. એમની પાસેથી પૂરતી સેવા મળતી હતી. મેં ચિ. બાળને અહીં આવવાની ના પાડી. નાના ધર્માધિકારીને આવેલો પાછો કાઢ્યો. તમે તમારા એકના એક દીકરાને આવી હવામાં મોકલો તે હું કેમ સહન કરું ? તમે પોતે માંદા, ચિ. . . . બહેનની સ્થિતિ લગભગ અસહાય. પણ તમારો પ્રેમનો ઊભરો તમને આંધળા કરી મૂકે છે. નરેન્દ્રભાઈ પણ આજ્ઞાધારક પુત્ર! તમે મોકલતાની સાથે એ આવી પડ્યા !

ચિ. બાળ ઉપર પણ મેં એવો તો તીખો તાર મોકલ્યો કે, ચિંતા કરવાને બદલે ચિડાઈને સમસમી ગયો હશે. હવે એ કાગળ જ લખતો નથી. વેર વાળે છે. ભલે ચિડાય, પણ સુરક્ષિત તો છે !

મારી તબિયત સુધરતી જાય છે. હજી એનિમા વગર પેટ સાફ થતું નથી. પણ ભૂખ ઊઘડી છે. શક્તિ આવવા લાગી છે. માત્ર પગ હજી અસાધારણ નબળાઈ બતાવે છે. આજે પગ વાપરી જોયા. એમાં બિલકુલ શક્તિ રહી નથી.

આજે ભાઈ નાણાવટીએ તમને ટમાટા માટે કાગળ લખ્યો છે. એક બે પાર્સલ મોકલશો એટલે બસ. પછી તો દહીં અને ફળ ઉપર પાછો આવી જઈશ. તમારી તબિયતના સમાચાર લખશો. ચિ. સૌ. . . . બહેનને શુભાશિષ. ચિ. પ્રમોદિની મને કાગળ કેમ ન લખે ?

કાકાના સપ્રેમ

વંદેમાતરમ્

૭૨

વર્ધા, ૨૬-૮-'૩૮

ચિ. સૌ. . . . બહેન,

ચિ. પ્રમોદિનીનો કાગળ જોઈ ખૂબ રાજી થયો. એને કહેશો કે, એના બાળમામા દિવાળીની રજામાં મારી પાસે આવી રહેવા માગે છે. હું જો એ વખતે બંગાળ ગયો, તો એટલે દૂર ન આવી શકે. પછી તો એણે મામા બની મુંબઈ જવું જ રહ્યું. હું તો એક અઠવાડિયા પછી મુંબઈ આવવા માગું છું.

હવે અહીં દૂધીનું શાક મળે છે, સરસ કેળાં મળે છે. દહીં પણ હવે પૂરતા પ્રમાણમાં લઉં છું. મોસંબીનો રસ પણ લઉં છું, એટલે મુંબઈથી ફળ મંગાવવાપણું રહ્યું નથી. ટમાટા પણ હવે અહીં મળી શકે છે. બહુ મોંઘા હોય છે. પણ હવે એની જરૂર પણ રહી નથી. મુંબઈથી કંઈ પણ મંગાવવાની જરૂર હોત તો હું સંકોચ ન કરત.

કાલે શ્રી. જમનાલાલજી મને મોટરમાં સેગાંવ લઈ ગયા હતા. નવો જન્મ થયા પછી પૂ. બાપુજીના ખોળામાં માથું મૂકતાં અસાધારણ આનંદ થયો. બાપુજીની આંખોમાં પણ ઝળઝળિયાં આવ્યાં હતાં.

તમારા પિતાશ્રીની તબિયત હવે કેમ છે, એ તો તમે તમારા કાગળમાં લખ્યું જ નથી. હું મુંબઈ આવીશ ત્યારે મોઢામાં બચી ગયેલા પાંચ દાંત પણ કઢાવી નાખીશ. જેથી કૃત્રિમ દાંતોનું ચોકઠું બરાબર બેસી શકે.

લિ. કાકાના
શુભાશિષ

૭૩

હરિજન કોલોની, કિંગ્ઝવે,
દિલ્હી, ૨૨-૮-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

તમે કેમ આવા ખાદી કાગળ નથી વાપરતા? મુંબઈમાં ખાદી કાગળો સરસ મળે છે. ન મળતા હોય, તો પૂનેથી 'હરિજનબંધુ' કાર્યાલયમાંથી મેળવી શકો છો.

સિમલાની મુસાફરી નિર્વિઘ્ને પાર પડી. ચડઊતર ઘણું હતું. નાનાના ખભાનો આશ્રય લઈ અને જમણા હાથમાં પહાડી લાકડી લઈ જ્યારે હું ચડતો હતો, ત્યારે તમે મને જોવાને આવ્યા હોત તો હસી પડત. ત્રણચાર વાર રિક્ષામાં પણ બેસવું પડયું. તબિયત સારી રહી. એક રાત ઇન્ટરની મુસાફરી કરવી પડી તે સાલે છે. સિમલાનું હિંદી સાહિત્ય સંમેલન તોફાની થાય એવાં ચિહ્નો હતાં, પણ પ્રમુખ વ્યક્તિઓની કુનેહથી બધું સરસ રીતે પાર પડયું અને જ્યાં વિખવાદ હતો ત્યાં પ્રેમાદર જામ્યો. માંડવાળ જરૂર કરવી પડી પણ સરવાળે બંને પક્ષને જીત્યાનું સમાધાન મળ્યું. ખરું જોતાં કોઈની હારેય ન હતી અને જીતેય ન હતી. ગેરસમજ દૂર થઈ એટલું જ.

મારા પગની કમજોરી હજીયે છે. જો નિયમિત માલિશ કરાવત તો ક્યારની મટી ગઈ હોત. પણ એમાં વાંક મારો જ છે. સિમલાની હવાની અસર સારી જ થઈ. ત્યાં જો એકાદ મહિનો રહી શકત તો તબિયતમાં મોટો ફેરફાર થાત. પણ આરામ તો આ ભવે ચોરીને લેવાય તેટલો જ અને ચોરીને આરામ લેવો એટલે દેવું કરીને લેવો.

તમારી તબિયત હવે સારી હશે. ચોમાસું વીત્યું હશે. હું અહીંથી ૨૫મીએ ઊપડી વર્ધા જઈશ. ત્યાંથી ૨૮મીએ સાંજે નીકળી મુંબઈ એક દિવસ (તા. ૨૯) ગાળીશ અને ૩૦મીએ સવારે મુંબઈ છોડી કર્ણાટક જઈશ. જતાં જો ન મળી શક્યો, તો કર્ણાટકથી આવતાં ઑક્ટોબરની પાંચમીની આસપાસ અવશ્ય મળાશે. ચિ. બાળ પણ એ જ અરસામાં મુંબઈ આવ્યો હશે. પછી એક મહિનો જુહૂ રહેવું કે પૂના કે વર્ધા તે નક્કી કરીશું.

કાકાના સપ્રેમ

વંદેમાતરમ્

૭૪

ગુરુકુલ, હરદ્વાર,
૨૩-૯-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

આજે દિલ્હીથી ખાસ હરદ્વાર આવી પાંડુરંગ ભુરકે અને ગજાનન દાબકે બંનેનાં ફૂલ ગંગાજીમાં વિસર્જન કર્યાં. ચિ. નાના મારી સાથે છે. અમારી બંનેની લાગણીઓ કેવી હશે તેનો તમે ખ્યાલ કરી શકશો. પાંડુરંગ તો નાનાના મિત્ર તરીકે મારી પાસે આવ્યા હતા અને એણે નાનાનું સ્થાન સાચવ્યું પણ હતું. આજે અમે બંનેએ એની છેલ્લી સેવા કરી અને મનના વિષાદમાં પણ એક જાતનો સંતોષ અનુભવ્યો. જાણે પાંડુરંગે પોતાના સ્નેહથી અમને બંનેને વધુ એકત્ર બાંધ્યા.

હરદ્વારથી અમે ઋષીકેશ અને લક્ષ્મણઝૂલા સુધી જઈ આવ્યા અને પાછા વળતાં મોટરમાં જ તમને આ કાગળ લખીએ છીએ. યાત્રાના પુણ્યસ્થાને તમારું સ્મરણ અમને બંનેને થયું એમાં શું આશ્ચર્ય ? બબલભાઈને લઈને અહીં આવ્યો હતો, ત્યારે સ્વર્ગાશ્રમનું પુનર્દર્શન દૂરથી જ કર્યું હતું. આ વખતે હિંમત કરી સ્વર્ગાશ્રમમાં ચાલતા ગયા. નાનાના ઉત્સાહને કારણે મારી તે વખતની કુટી પણ જોઈ આવ્યા. અત્યારે એ છાપરા વિનાનું ખંડેર છે. આસપાસ ઘાસ ઊગ્યું છે. પણ એનું વર્ણન નાના પોતે જ કરવાના છે. ગંગાના પવિત્ર પ્રવાહ ઉપર થઈને જલવિહાર કરતા અમે પાછા આવ્યા, તે વખતના ભાવ અનેરા હતા. લક્ષ્મણઝૂલા પાસે હિમાલયના પહાડોની રચના અને એમાંથી અકલ્પિત રીતે બહાર નીકળતા ગંગાના પ્રવાહની શોભા ગમે તેવા ક્ષુબ્ધ હૃદયને અપાર શાંતિ આપવા સમર્થ છે. અસ્થિ-વિસર્જન પછી આ પુણ્યદર્શનની શાંતિ ન મળી હોત, તો ચિત્ત લાંબા વખત સુધી અસ્વસ્થ રહેત. હરિની પાયડી સામે ગંગાના પ્રવાહમાં ઊતરી જ્યારે એક એક ડબો ખોલી અસ્થિઓ માતાના પેટમાં પહોંચાડી દીધાં, ત્યારે જીવન અને મૃત્યુ બંનેનો જાણે એકસામટો સાક્ષાત્કાર થતો હોય અને એ દર્શનનો ભાર ઝીલવાને હૈયું અસમર્થ હોય એમ થતું હતું, એટલે

તરત શ્રાદ્ધ વખતે જે વપરાય છે તે ઈશોપનિષદના મંત્રોનો પાઠ મેં પ્રવાહમાં ઊભા ઊભા કર્યો.

આજે રાત્રે જ્યારે એકાંત મળશે ત્યારે કઠોપનિષદનું સ્મરણ કરીશ.

આજે સારી પેઠે રખડી શક્યો છતાં તબિયત પર માઠી અસર નથી દેખાતી. ૨૯મીએ સવારે મુંબઈ પહોંચવાનો છું. વચગાળે દિલ્હી અને વર્ધામાં બબ્બે દિવસ ગાળવાનો છું.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

સહુને સપ્રેમ યથાયોગ્ય.

૭૫

વર્ધા, ૪-૧૧-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

હું પરમ દિવસે અહીં પાછો આવ્યો છું. તમારો તા. ૩૦–૧૦નો કાગળ મળ્યો. મારી તબિયત સારી છે. મુસાફરીમાં કશી તકલીફ પડી નહોતી. હવે થોડા દિવસ અહીં જ રહેવું છે. ચિ. બાળનો કાગળ આવ્યો હતો. બાળને મળવા માટે નરેન્દ્રભાઈને મોકલી તમે નરેન્દ્રભાઈને હેરાન કરો છો એમ મને લાગે છે. જુહૂ સુધી જઈ આવવું એટલે વખત સારી પેઠે બગડે.

આજકાલ તમારી તબિયત કેમ રહે છે? હવે તો શિયાળો આવ્યો એટલે તબિયત સુધરી હશે. આ વખતે ઓરિસાની મુસાફરી કરી. ઘણો આનંદ આવ્યો.

૧૦–૧૧–'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

ઉપરનો કાગળ અધૂરો રહેવાથી મોકલ્યો નહોતો. આજે પાછો હાથમાં આવ્યો. ચિ. બાળ હાલ ભાઈ ચંદુલાલને ત્યાં — રીજ રોડ, મલબાર હિલ, મુંબઈ હશે. એ ૧૨મીએ કરાંચી જવાનો છે. આજે મારી તબિયત સહેજ નરમ છે. કામ તો બરાબર ચાલે છે. ચિંતા જેવું તો નથી જ. પૂ. બાપુજી અહીં કાલે સાંજે આવે છે. અહીંની હવા સરસ છે.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૭૬

વર્ધા, ૧૬-૧૧-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૧૩-૧૧નો કાગળ મળ્યો. તમે તમારી પોતાની તબિયત વિષે લખતા જ નથી.

આજે મારી જન્મગાંઠ છે. સવારે તમને આ લખી રહ્યો છું. આખો દિવસ ઉપવાસ રાખવાનો છું. મારી પ્રકૃતિ સારી છે. ત્રેપન વરસ પૂરાં થયાં. હવે પ્રવૃત્તિનો વિસ્તાર ઓછો કરવા માગું છું, જેથી કાર્યમાં અને જીવનમાં ઊંડાણ વધે.

ચિ. સૌ. . . . બહેનને મારા શુભાશિષ. શિયાળામાં તમારી તબિયત સાચવશો.

ચિ. બાળનો કાગળ આજે આવવો જોઈએ.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૭૭

વર્ધા, ૧૩-૧૨-'૩૮

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો પહેલી ડિસેમ્બરનો કાગળ જવાબની ઉઘરાણી કરે છે. આ સોળમીએ મદ્રાસ જવાનો છું, ત્યાંથી પાછો વળી દહેરાદૂન જઈશ અને ત્યાંથી અલ્લાહાબાદ, અમદાવાદ ફરી દસમી જાન્યુઆરી સુધીમાં પાછો આવીશ.

હવે તો અહીં પણ સરસ ટાઢ પડે છે. વર્કિંગ કમિટીની ધમાલ ચાલે છે. પણ અમે સાવ નિર્લિપ્ત છીએ.

તમે મોકલેલો તમારો લેખ સાચવી રાખ્યો છે. મુસાફરીમાં વાંચીશ.

આજકાલ મારા ખોરાકનું ઠીક ઠીક ગોઠવ્યું છે. શાક લઉં છું. અહીં જ મગનવાડીમાં તૈયાર થયેલું મધ લઉં છું. એટલું સરસ મધ ભાગ્યે જ મળે.

આ શિયાળામાં તમારી તબિયત કેમ રહે છે એ અવશ્ય લખશો.

અહીં મારા નવા સેક્રેટરીને એક ફાઉન્ટન પેન જોઈએ છે. દેશી ફાઉન્ટન પેનમાંથી શાહી ઊતરતી નથી એટલે પૈસા એળે જાય છે. બ્રિટિશ લેવી નથી. 'પારકર' બહુ મોંઘી હોય છે. ત્રણચાર રૂપિયાની 'બ્લૅક બર્ડ' 'કાકરિયલ' અથવા એવી જ સારી શોધીને મોકલી દેશો. ત્રણચાર રૂપિયા સુધીની કિંમત હોય તો ઠીક. એની નિબની અણી ઝીણી જોઈએ છે.

એવી જ બીજી બે પેનો પણ અહીંના મિત્રોને જોઈએ છે. એટલે ત્રણ પેનો પોસ્ટ મારફતે મોકલશો તો સારું. સોળમીએ સવારે અહીં મળે તોયે ચાલે. પેનો સાથે અલગ અલગ બિલ પણ મોકલશો. એક જ જાતની ત્રણ જોઈએ છે એવું નથી. જોકે પછી અહીં ઝઘડો થવાનો. હું તટસ્થ હોઈશ એટલે મને મજા પડશે.

લિ. સ્નેહાધીન
કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૭૮

વર્ધા, ૨૭-૩-'૩૯

મુ. શ્રી. નેત્રમણિભાઈ,

આપનો પત્ર પૂ. કાકાસાહેબને મળ્યો. હજી આજે જ બપોરે પ્રવાસમાંથી પાછા ફર્યા છીએ. કાલે સવારે અગિયારથી રાતના સાડા નવ સુધી મુંબઈમાં હતા. આપને મળવાની ઘણી ઇચ્છા છતાં ન મળી શકાયું. અને ઘણી વખત આપની બોરીબંદર સ્ટેશને હાજરી હોય છે પણ કાલે ન હોવાથી અતડું અતડું લાગતું હતું. પોર્ટુગીઝ ગોવાના પ્રવાસમાંથી આજે જ પાછા ફર્યા. ગોવામાં લોકોનો ઉત્સાહ ખૂબ. સૃષ્ટિસૌંદર્ય તો અદ્ભુત છે. અમે ગયા તે વખતે જાણે વસંત બેઠી હોય તેમ ફૂલ અને ફળથી અમને વધાવી લીધા. ગોવાના લોકો પ્રેમાળ, ચતુર, ઉત્સાહી અને કળાપ્રિય. ત્યાં લગભગ અર્ધી વસ્તી ખ્રિસ્તી થયેલા હિંદુની છે. વળી ગોવા તો પૂ. કાકાસાહેબની મૂળ ભૂમિ.

તેમના કુળદેવતા મંગેશ મહાદેવ ગોવામાં જ છે. ત્યાં જઈને અમે પ્રણામ કર્યા. ગોવાના સારસ્વત-બ્રાહ્મણ-સમાજનો વાર્ષિક ઉત્સવ ગુડી પડવાને દિવસે હતો અને તેનું પ્રમુખસ્થાન પોતાના જ્ઞાતિબંધુને આમંત્રીને આપવાથી લોકો હર્ષઘેલા થઈ ગયા હતા,

કાકાસાહેબ આવતી પહેલી ને બીજી એપ્રિલે અમળનેર શિક્ષક પરિષદનું પ્રમુખસ્થાન લેવા જશે. દસમીથી ચૌદમી સુધી દિલ્હીમાં હિન્દુસ્તાની તાલીમી સંઘની વાર્ષિક બેઠકમાં જશે. ત્યાંથી બિહારમાં ગાંધી સેવા સંઘની બેઠકમાં જશે. એમ આખા એપ્રિલ મહિનાનો કાર્યક્રમ ભરેલો છે. નરેન્દ્રભાઈ તથા . . . બહેનને આશીર્વાદ લખાવ્યા છે. આપની તબિયત સારી હશે.

લિ. સેવક
નાણાવટીના પ્રણામ

૭૯

વર્ધા, ૨૭-૭-'૩૯

પ્રિય નેત્રમણિભાઈ,

હમણાં મૈસૂર, અહમદનગર, અમદાવાદ આદિ સ્થાને ખૂબ ફરીને પાછો આવ્યો છું. મુંબઈમાં દોઢ દિવસ હતો. તમારે ત્યાં અવાયું નહીં એનું ભારે દુઃખ રહ્યું. કોટમાં ગયો હતો ત્યાંથી માંડ સ્ટેશને પહોંચ્યો. તમને મળ્યા વગર આવ્યો એ જાણે કંઈક ગુનો કર્યો હોય એવું જ લાગ્યું. મુંબઈમાં હાલ વરસાદ નથી એની તબિયત ઉપર સારી અસર છે કે ખરાબ એ પણ જાણવા ઇચ્છું છું.

સ્નેહાધીન કાકાના
સપ્રેમ વંદેમાતરમ

૯૦

૧૨-૮-'૩૬

પ્રિય નેત્રમણિભાઈ,

તમારા કાગળનો જવાબ લખવાનો રહી જ ગયો હતો. આ ક્ષણે નાના આવ્યા છે એટલે બીજું બધું કામ કોરે મૂકીને પ્રથમ તમને જ કાગળ લખું છું. નાનાને હાથે તમને કાગળ લખાવવાના દિવસો હવે રહ્યા નથી એટલે આજની તક લઈ લઉં છું.

જ્યારે જ્યારે તમારું સ્મરણ કરું છું ત્યારે ત્યારે મન પર એક બોજો રહે છે. તમારું પ્રેમાળપણું મારામાં શી રીતે આવે! ઉત્કટ પ્રેમ સામે એટલો જ ઉત્કટ પ્રેમ આપી શકાતો હોય ત્યારે જ માણસનું જીવન કૃતાર્થ થઈ શકે છે. તમારા પ્રેમને મર્યાદા જ નથી. નાના પ્રેમાળ છે પણ વ્યવહારકુશળ છે. તમારામાં વ્યવહારકુશળતા નથી. મારામાં બંને નથી. છતાં એક વિચાર હંમેશ મનમાં આવે છે. જો ઈશ્વર મારામાં પ્રેમનો અંકુર પેદા કરવા માટે જ અને મને પ્રેમની દીક્ષા આપવા માટે જ મારી પાસે મારો અધિકાર ન હોવા છતાં પ્રેમાળ માણસોને મોકલતો હોય, તો મારે એ દીક્ષાથી શા માટે ભાગી જવું? દુનિયામાં એક ઢબે રહેતો આવ્યો છું, હવે એ ઢબમાંથી નિવૃત્ત થઈ બીજી ઢબ અજમાવવાનો પ્રયત્ન કરીશ. જોઉં એનું પરિણામ શું આવે છે? બાવાના બેઉ બગડે તોયે શું? જેનું કોઈ કાળે કશું સુધર્યું નથી એનું એક બગડ્યું તો શું અને બેઉ બગડ્યાં તો શું?

ચિ. સતીશ આ ૨૦મીએ સ્વદેશ આવશે એમ સંભળાય છે.

સ્નેહાધીન

કાકાના સપ્રેમ વંદેમાતરમ્

૮૧

વર્ધા, ૭-૯-'૩૯

પ્રિય નેત્રમણિભાઈ,

ઉત્તર તરફનો પ્રવાસ પૂરો કરી કાલે સાંજે આવ્યો છું. ચિ. સતીશ વિષે હવે ચિંતા કરવા જેવું રહ્યું નથી એમ લાગે છે. એ સિંગાપુર ઊતર્યો હશે. એનો કાગળ અહીં નથી. પૂ. બાપુજી આજે સાંજે અહીં આવશે.

મારી તબિયત સરસ છે. જોકે ડાબો કાન ફરીથી મંદ પડતો જણાય છે. જમણો તો ક્યારનો ગયો છે. હું આ મહિનાની તેરમી કે ચૌદમીએ મુંબઈ જવા માગું છું. ત્યાં બેત્રણ દિવસ રહી પૂના જઈશ.

ચિ. ગંગુ તો મુંબઈમાં જ હશે. આ ચોમાસામાં તમારી પ્રકૃતિ કેમ છે? મળીશું ત્યારે સવિસ્તર વાતો કરીશું.

બધાંને કાકાના સપ્રેમ

વંદેમાતરમ

૮૨

વર્ધા, તા. ૨૬-૯-'૩૯

પ્રિય નરેન્દ્રભાઈ,

પિતાશ્રીની નરમ તબિયતની ચિંતામાં હશો, છતાં તમને એક તકલીફ આપવા માગું છું. અમે 'સબકી બોલી' કરીને એક હિંદી માસિક રાષ્ટ્રભાષા પ્રચારને અર્થે ચલાવવાનું નક્કી કર્યું છે. તા. ૧૦મીએ પહેલો અંક બહાર પડશે. એ માસિક માટે કવર ઉપર છપાવવાને એક બ્લૉક જોઈએ છે. માસિકનો આકાર ડેમી આઠ પેજી છે. એટલે કે આ સાથેની 'લોકશિક્ષણ'ની સાઈઝ. ઉપરનો બ્લૉક, પણ લોકશિક્ષણની પેઠે કોઈ રંગીન ધરતી પર ધોળા અક્ષરો દેખાય એવી રીતે તૈયાર કરવો છે. અક્ષરો કેવા દેખાય એની રફ કલ્પના આ સાથેના કાગળો પર મેં અક્ષરો દોર્યા છે તે ઉપરથી આવશે. પિત્તળના તારના કકડા કરી એના છેડા ઘસી, ગોળ કરી એમાંથી અક્ષરો ગોઠવ્યા હોય અને જેવા દેખાય તેવા આ બનેલા હોવાથી આ અક્ષરોને વાયર પૅટર્ન

કહે છે. ઊભા કાના, નીચે ગુજરાતી અક્ષરોની પેઠે વાળેલા હોય. પણ વળાંક મેં બતાવ્યો છે તેવો હોય. આ બધું હરિહર શર્માને અને તમને સાથે બેસાડી હું બતાવવા માગતો હતો પણ તેવો જોગ ન આવ્યો. હવે તમારે જ ધારગળકર પાસે જઈને આ અક્ષરો પ્રમાણસર દોરાવવા જોઈશે અને એ પ્રમાણે તૈયાર થયા પછી અક્ષરો ઝીંક પ્લેટમાં કોતરાય અને બાકીનો ભાગ શાહી પકડે એવી રીતે તૈયાર કરાવવો છે. ધારગળકર પાસેથી ડિઝાઈન કરાવ્યા પછી કોઈ સારા બ્લોકમેકર પાસેથી તૈયાર કરાવીને તરત મોકલશો. બીજી તારીખ સુધીમાં બ્લોક અમારી પાસે આવી જાય એવી ગોઠવણ કરશો. તમે અનુભવી છો એટલે આને માટે યોગ્ય દામ આપી તૈયાર કરાવી મોકલશો. બિલ આવતાવેંત એના પૈસા ચૂકવી દઈશ.

જો કોઈ કારણે તમે ન કરાવી શકો તો મને તાર કરશો એટલે કોઈ માણસને ખાસ નાગપુર મોકલી ત્યાં કરાવીશ. પણ તમારી મારફતે કરાવી શકું તો મારે બીજી તકલીફ નથી ઉઠાવવી.

તમારા પિતાશ્રીની તબિયત વિષે લખશો. . . . નાં ભાભીને — નામ તો હું ભૂલી જ ગયો — પણ શુભાશિષ. એમનું નામ જણાવશો.

બ્લોકની કિનારી સીધી લેવાને બદલે ગોળ કરકરીવાળી હોય તો ઠીક.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૮૩

વર્ધા, તા. ૨૪-૧૦-'૩૯

પ્રિય નેત્રમણિભાઈ,

તમારી તબિયત નરમ હોવા છતાં તમે જાતે કાગળ લખ્યો! નરેન્દ્રભાઈને કહેત તો પણ ચાલત.

હું હિંદી સાહિત્ય સંમેલનને અંગે બનારસ ગયો હતો. ચિ. ગંગુતાઈ તથા સરોજિનીબહેન સાથે આવ્યાં હતાં. પ્રયાગનું સ્નાન, બનારસની યાત્રા, બધી વસ્તુઓ આનંદદાયક હતી. આ ૨૧મીએ અમે પાછાં આવ્યાં છીએ.

આ ૨૭મીએ અહીંથી ઊપડી હું સીધો પૂના જવાનો છું. ત્યાં મુંબઈ સરકારે ગોઠવેલી બુનિયાદી તાલીમ પરિષદ છે. ત્યાં ચોથી સુધી રહીશું. પાછા વળતાં પણ મુંબઈ રોકાવાશે એમ લાગતું નથી. બનારસમાં સંમેલનને અંગે ઉજાગરા વગેરે ઠીક ઠીક થયા હતા પણ ત્યાર પછી પૂરજોસમાં ઊંઘી લઈ વળતર વાળ્યું છે.

કૉંગ્રેસ પ્રધાનો રાજીનામું આપશે તોયે પૂનાવાળી પરિષદ તો થવાની જ છે. મારી તબિયત સરસ છે અને ગમે તેટલો ઘરડો થાઉં તો પણ એ તો સરસ રહેશે જ એમ આશા છે. તમારી તબિયત સુધારવાનું કંઈક સૂત્ર તમારે શોધી કાઢવે જ છૂટકો. શ્રી. નરેન્દ્રભાઈ, બહેન તથા એમનાં ભાભી (એમનું નામ હું ભૂલી ગયો છું અને નરેન્દ્રભાઈ એમનું નામ લખતા નથી), બધાંને સપ્રેમ શુભાશિષ.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૮૪

વર્ધા, ૭-૧૧-'૩૯

પ્રિય નરેન્દ્રભાઈ,

'સબકી બોલી'વાળી આ વખતની ડિઝાઇન સરસ થઈ છે. આને માથે અને પગે જે મોજાંઓ જેવી લીટીઓ દોરી છે તે બહુ જ પાતળી છે. બ્લોક-રીડકશનમાં એટલી બધી પાતળી થશે કે તે તૂટી જવાની. એટલે આ લીટીઓ કાઢી નાંખી ઠીક ઠીક જાડી લીટીઓ રાખવી જોઈશે. બાકી બધું બરાબર છે. હવે આના બે બ્લોક બનાવવા છે. એક ધોળા કાગળ ઉપર કાળા અક્ષર દેખાય એવો અને બીજો એથી ઊલટો, ધોળા અક્ષર દેખાય એવો. ત્રાંબાની પ્લેટ ઉપર એ રીવર્સ બ્લોક બનાવવો અને કાળા અક્ષરો માટે ઝીંક પ્લેટ ઉપર એચિંગ કરાવવું.

પછી માસિકની અંદર પહેલા પાન ઉપર મૂકવા માટે કવરની સાઇઝ કરતાં અર્ધી સાઇઝનો આનો જ રિડયૂસ્ડ બ્લોક પણ જોઈએ.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૮૫

વર્ધા, ૬–૧૨–'૩૯

પ્રિય નેત્રમણિભાઈ,

આજને દિવસે સ્મરણપૂર્વક તમે કાગળ લખ્યો એથી મને ઘણો આનંદ થયો. મારી તબિયત સરસ છે. મારા શિરસ્તા પ્રમાણે આજે મેં અપવાસ કર્યો છે અને રોજનાં આવશ્યક કામો કરતાં છતાં જેટલો વખત આત્મનિરીક્ષણ તથા આત્મચિંતનમાં ગાળી શકાય તેટલો ગાળું છું. ઉપવાસને કારણે ચિત્ત વિશેષરૂપે પ્રસન્ન છે. આ વરસને અંતે ઘણી ઉપાધિઓમાંથી નિવૃત્ત થવાનો વિચાર હતો પણ સેવા-કાર્યમાંથી નિવૃત્ત થવું એમાં પુરુષાર્થ નથી એમ લાગવાથી અને સ્વરાજ્યસંકલ્પ પણ નજર આગળ હોવાથી તુરતાતુરત નિવૃત્ત ન થવાનો વિચાર કર્યો છે. પણ વલણ નિવૃત્તિ તરફ વધતું જાય છે. બધાંને મારા આ દિવસના શુભાશિષ. ચિ. પ્રમોદિનીએ સુંદર અક્ષરોમાં મારે માટે પ્રાર્થના કરી એ જોઈને મને હર્ષ થયો.

પ્રમોદિનીની વર્ષગાંઠ મારા કરતાં પહેલી આવે છે એટલે એ મારા કરતાં વડીલ ખરીને? એણે કેટલાં વરસ પૂરાં કર્યાં અને કેટલામા વરસમાં પ્રવેશ કર્યો છે તે એ મને પોતે જ લખે.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૮૬

વર્ધા, ૧૫–૪–'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

તે દિવસે તમને મળ્યો પણ આનંદ ન થયો. જ્યારે આવું છું ત્યારે તમે શક્તિબહાર પરિશ્રમ કરો છો. ઊઠવાની જરૂર ન હોવા છતાં ઊઠો છો, શક્તિબહાર બોલો છો.

અને ચિ. . . . બહેન કંઈક ને કંઈક ખાવાનું તૈયાર કરવામાં મશગૂલ રહે છે એટલે વિગતવાર કશું બોલાતું જ નથી.

આ ફેરે મેં જોયું કે, તમે વિશેષ નબળા દેખાતા હતા. ચિ. . . . માટે તમે શી શી વ્યવસ્થા કરી છે એ વિષે હવે સહેજ જાણવાની ઇચ્છા થઈ હતી પણ તમને પૂછી ન શક્યો.

હવે તમારી તબિયત કેમ છે? તબિયત સુધારવા માટે શી શી સાવચેતી રાખો છો વગેરે બધું વિગતવાર લખશો.

આ મહિનાની ૨૭મીએ મુંબઈ પહોંચી ત્યાં ત્રણ દિવસ ગાળવાનો હતો પણ એ કામ લંબાયું છે એટલે તે પહેલાં જ મુંબઈ પહોંચી વિશેષ રોકાયા વગર પૂના ચાલ્યો જઈશ. ત્યાં તરત જવાની જરૂર છે. ૨૪મી પહેલાં અહીંથી નીકળવાનો નથી.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૮૭

૧૬, બૉમ્બે રોડ,
પૂના ૩, તા. ૮-૬-'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

હું ખરેખર છસાત દિવસ મુંબઈમાં હતો. ત્રણ દિવસ હીરાબાગ જવું પડેલું પણ કાંદાવાડી તમારે ત્યાં ન આવી શક્યો. બે વાર ઇચ્છા થયેલી, પણ અનુકૂળતા ન હતી. માટુંગા રહેતો ત્યાંથી પણ ન અવાયું. ચિ. બાળ મારી સાથે અહીં આવ્યો. આજે સવારે પાછો ગયો છે. મોટાભાઈ વિલાયત જઈ આવ્યા એટલે નાનાભાઈને અમેરિકા જવાનું મન થયું છે. જો જાપાનને રસ્તે જાય તો જોખમ નથી એમ મનાય છે.

મારી તબિયત સરસ છે. તમે વરસે વરસે નબળા પડતા જાઓ છો એ સારું નથી. તમારે દવાના ટેકા પર આધાર ન રાખતાં અનુકૂળ ખોરાકની શોધ કરવી જોઈએ.

ચિ. . . . બહેનને શુભાશિષ. એમનામાં સ્વાવલંબન આવી જાય એટલી કેળવણી અને ઉદ્યોગહુન્નર એમના હાથમાં હોવાં જોઈએ. પણ એ બધો વિચાર હવે તમારે કરવાનો નથી. નરેન્દ્રભાઈ અને બહેન મળીને વિચાર કરે.

'ગગનને ગોખે' એ મથાળું તમે લખો છો એવું જ છે.

ચિ. પ્રમોદિની રેંટિયો ફેરવતી થઈ એ આનંદની વાત છે.

સહુને યથાયોગ્ય.

કાકાના
સપ્રેમ વંદેમાતરમ્

૮૮

વર્ધા, ૨૩-૬-'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૧૬મીનો પત્ર મળ્યો. આજકાલ બહુ કામમાં છું. મુશ્કેલીથી કાગળ લખું છું.

તમે તકલીફ લઈ દાદર સુધી ચિ. સતીશબાળને મળવા ગયા એ તમારું માયાળુપણું સૂચવે છે; પણ તમે આમ તકલીફ ઉઠાવો એ મને ગમતું નથી. પણ તમને એ હું શી રીતે સમજાવી શકું? ચિ. ચંદન માંદી હોય તો સતીશ અને બાળ એ પ્રસંગને પહોંચી વળે. તમે સેવા માટે દોડવાની તમારી ફરજ માનો એ પણ મને ગમતું નથી. તેઓ મદદ માગે તો આપવી એ મનુષ્યધર્મ છે. તમારી પોતાની ઘરની અગવડો શું ઓછી છે?

ચોમાસામાં વધારે સારે સ્થાને કેમ ન જાઓ?

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૮૯

વર્ધા, ૨૦-૭-'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૧૮મી જુલાઈનો કાગળ મળ્યો. એની સાથે મોકલેલાં કાતરણો પણ મળ્યા. તમે કેટલી મહેનત લો છો!

ચિ. બાળ અમેરિકા ગયો એની સહેજ ચિંતા રહે છે. જોખમના દિવસો છે માટે એ ન જાય એમ તો મનમાં કોઈ દિવસ થયું જ નથી.

તમારી તબિયત સારી નથી રહેતી એથી વિશેષ ચિંતા રહે છે. હું કહું છું તેમ તમે ખોરાકના થોડાક અખતરાઓ કરી માફક ખોરાક કેમ નથી નક્કી કરતા? ખોરાક જો બંધબેસતો આવી જાય તો ઘણી મુશ્કેલીઓ ઓછી થઈ જાય.

તમે મોકલેલું કાતરણ કયા છાપામાંથી લીધેલું છે એની ખબર ન પડી. પેલો લેખ લખનાર ભાઈ ઇચ્છતા નથી કે હું ગુજરાતી સાહિત્ય પરિષદનો પ્રમુખ થાઉં. એમને મારી ઉદાસીનતાનો ખ્યાલ નહીં હોય.

મેં તો ગુજરાતી લિપિ સુધારવાનો સવાલ હાલ છોડી દીધો છે પણ પેલા ભાઈને ખબર નહીં હોય કે હું તો ગુજરાતી લિપિમાં સહેજ સાજ સુધારા કરી, સંજોગો અનુકૂળ બનતાં એ જ લિપિ સુધરેલી નાગરી તરીકે હિંદુસ્તાન આગળ રજૂ કરવાનો હતો. પણ જો ગુજરાતીઓને પોતાને જ એ ઉત્સાહ ન હોય તો ગુજરાત ઉપર હું કોઈ સુધારો લાદવાનો પ્રયત્ન ન કરું, કેમ કે મારો એ અધિકાર હું માનતો નથી. હું હૃદયથી ગુજરાતી બની ગયો છું પણ તે સેવા કરવા અને પ્રેમ મેળવવા માટે; અધિકાર ભોગવવા માટે નહીં. કોઈ પણ જાતનો અધિકાર ભોગવવાની ઇચ્છા મેં ગુજરાતમાં રાખી જ નથી એમ હું હૃદયથી કહી શકું છું.

બાકી વાત રહી હિન્દી પ્રચારની. એ તો હું કરી જ રહ્યો છું. વર્ધામાં બેઠા બેઠા ગુજરાતનો મારો હિન્દી પ્રચાર ઠીક ઠીક ચાલે છે. રાષ્ટ્રભાષા પ્રચારનું કામ મેં મારા હાથમાં એટલા માટે લીધું છે કે એ પ્રવૃત્તિમાં પ્રાન્તીય ભાષાઓનું પૂરેપૂરું રક્ષણ થાય. હિંદીવાળાઓ ભાષિક સામ્રાજ્યવાદ લઈને બેસી શકે છે. હું તો સ્વરાજ્યવાદી છું. પ્રાન્તીય ભાષાઓનો ઉત્કૃષ્ટ વિકાસ થાય અને એની સાથે રાષ્ટ્રભાષાનો પણ પ્રચાર થાય એ મારી નીતિ છે. સંકુચિત પ્રાન્તવાદી લોકો હિન્દુસ્તાનીના પ્રચારથી ડરે છે. ગુજરાત પણ જો રાષ્ટ્રભાષાથી ડરીને દૂર રહેશે તો આજે એને હિન્દુસ્તાનને દોરવાનું જે ભાગ્ય લાધ્યું છે તે તેના હાથમાંથી સરી જશે. ગુજરાત અને ગુજરાતીના ભક્ત તરીકે જ હું વિચાર કરતો અને ચાલતો આવ્યો છું. પણ ગુજરાતીઓ કરતાં હું વધારે નિષ્ઠાવાન ભક્ત હોવાનો દાવો નથી કરતો. ગુજરાતને જે વસ્તુ પ્રિય ન હોય તે કોઈ કાળે એના પર લાદવાનો પ્રયત્ન નહીં કરું. લોકો મને પોતાની સાહિત્ય પરિષદનો પ્રમુખ બનાવે એવી મેં માગણી નથી કરી પણ તેઓ મારાથી ડરે નહીં એટલું તો એમની પાસેથી જરૂર માગી લઉં.

એ લેખમાંનાં છેલ્લાં વાક્યથી તો હું ખુશ થઈ ગયો છું. તમે બહુ મોટા છો અને સારા છો માટે અમારા કામના નથી — કેવી મજાની દલીલ ! !

કાકાના સપ્રેમ

વંદેમાતરમ

વર્ધા, ૨૩-૭-'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

આ કાગળ એટલા જ માટે લખું છું કે પરમ દિવસે ગુજરાત સાહિત્ય પરિષદને અંગે મેં તમને લખ્યું તે ભૂલથી છાપાંજોગ મોકલવાનું તમને મન થાય એવી શંકા મનમાં આવી. તે આવવાથી એ બધું છાપામાં ન જ આવવું જોઈએ એ મારો અભિપ્રાય સ્પષ્ટ જણાવી દઉં.

બીજું, મારે ત્યાં લોકમાન્ય તિલકનું મરાઠી ગીતારહસ્ય બે ભાગ હતું તે હવે જડતું નથી એટલે બન્ને ભાગ નવેસર ખરીદવા રહ્યા.

જો નરેન્દ્રભાઈ એ બે ભાગની સારી સરખી આવૃત્તિ મેળવીને ત્યાં રાખી મૂકે અને તેની કિંમત મને જણાવે તો એના પૈસા મોકલી દઈશ અને જો નજીકના ભવિષ્યમાં મુંબઈ આવીશ નહીં, તો પોસ્ટ મારફતે મંગાવી લઈશ.

તમારી તબિયત સારી હશે. બધાંને યથાયોગ્ય.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૯૧

વર્ધા, ૧૫-૯-'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો તા. ૧૩મીનો કાગળ મળ્યો. ચિ. સતીશ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પહોંચી ગયો છે. ચિ. ચંદન આજે અથવા કાલે ત્યાં પહોંચી જશે. ચિ. બાળ ૨૮ મીએ કેપટાઉન પહોંચ્યો હતો ત્યાર પછી કોઈક બેટમાંથી એનો કેબલ હતો એમ ચંદન લખે છે.

તમારી તબિયત ખૂબ સાચવશો. પાણી તો ગરમ કરી, ઠંડું કરીને જ પીતા હશો. બેત્રણ કલાક પછી એ પાણી ફેંકી દેવું અને નવું તૈયાર કરવું.

ત્યાં બધાં મજામાં છે જાણી આનંદ થયો. શ્રી. નાણાવટી અહીં એવા તો કામે ચઢ્યા છે કે એમને ફુરસદ મળતી જ નથી.

મારી તબિયત સરસ છે. સાતઆઠ દિવસ પ્રયાગ જઈ આવ્યો.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૯૨

વર્ધા, ૫–૧૦–'૪૦

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૧–૧૦નો લાંબો કાગળ મળ્યો. તમે એમાં તમારું હૃદય ઠાલવ્યું છે. શારીરિક શક્તિ એ જ કાંઈ જીવનની એકમાત્ર શક્તિ નથી. શરીર ભલે લથડે, તમારું ભક્તહૃદય જ્યાં સુધી જાગ્રત છે ત્યાં સુધી શરીર દ્વારા કશો પુરુષાર્થ આજે ન થઈ શકતો હોય તોયે દુ:ખ કરવાનું કારણ નથી.

મૂર્તિપૂજા લાંબા વખત સુધી ચલાવ્યા પછી જેમ માણસને માનસપૂજાનો હક પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે શરીર બરાબર ચાલતું હોય ત્યારે કસીને કર્મયોગ ચલાવ્યો હોય તો શરીર નબળું પડ્યા પછી કેવળ ધ્યાનયોગની અને ભક્તિયોગની પાત્રતા એની મેળે ખીલે છે.

પૂ. બાપુજી કહે છે કે માણસે શક્તિનો સંચય ન કરવો જોઈએ. રોજ સવારે ઈશ્વર તરફથી જે શક્તિ મળે છે તે આખા દિવસમાં વાપરી નાખી માણસ જો સાંજે લોથપોથ થયો હોય, તો તે સ્થિતિ ખરેખર સ્પૃહણીય છે. એવી જ રીતે જો આખો જન્મારો કામમાં જ ગાળ્યો હોય અને ઘડપણમાં જો લોથપોથ થયા હોઈએ તો તે પણ અભિનંદનીય વસ્તુ છે. અને એ સ્થિતિમાં જો માણસ પાસે મોટો પુણ્યનો સંચય હોય તો એમાંથી જ અહંકાર જાગે અને શરણાગતિ મોળી પડે. એના કરતાં ઈશ્વરનું અખંડ સ્મરણ કરાવનારી અસહાયતા માણસને ભાગે આવી હોય તો એ પણ એક સદ્‌ભાગ્ય જ છે. બાળક જેમ સાવ નાગું માના ખોળામાં જઈને બેસે છે, તેમ આપણે બધા જો પરમાત્માના ખોળામાં બેસી શકતા હોઈએ તો એથી વધારે રૂડું શું?

તમે જ્યારે ગંભીર માંદગીમાં હો છો ત્યારે તમને તમારું બધું વાચન યાદ આવે છે એમ લાગે છે. એક કાગળમાં તમે કેટલીયે વસ્તુઓ ભરી છે.

તમારી તબિયત હવે કંઈક સારી છે એ જાણીને ઘણો આનંદ થયો. ચિ. . . . બહેન છે, ચિ. . . . છે એટલે તે તમારી સંભાળ તો રાખતાં હશે જ. નરેન્દ્રભાઈ ઉપર કામનો બોજો ઘણો હશે.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૯૩

વર્ધા, ૧૫-૫-'૪૧

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૯મી મેનો લાંબો કાગળ મળ્યો. હું હમણાં ઓરિસામાં ફરું છું. આજે રાત્રે એક વ્યાખ્યાન આપી બાલાસોર જઈશું. (સાથે શ્રી. અમૃતલાલ નાણાવટી છે) ત્યાંથી શ્રી. ગોપબંધુ ચૌધરીના બરી કટકના આશ્રમમાં જઈશું.

હું મુંબઈમાં એક દિવસે સવારે તમારે ત્યાં ગયેલો. બંને બાજુનાં બારીબારણાં બંધ જોઈ વિસ્મય થયું. પાછળથી જાણ્યું કે બધાં નાશિક ગયાં છે.

* * *

જો કોઈના જન્મથી રાજી થવાનો માણસને અધિકાર હોય, કોઈ સારા માણસના મૃત્યુથી દુઃખી થવું જો સ્વાભાવિક હોય, તો કોઈ નીચ માણસની પજવણી કાયમને માટે બંધ થયાનો સંતોષ થવો બિલકુલ સ્વાભાવિક છે. આપણે કોઈએ ઇચ્છયું ન હતું કે એ મરી જાય.

સારાનરસા બધા જ મરે છે. સારા લોકોના જવાથી દુઃખી થવાય છે તો નઠારા માણસના જવાથી જેટલાને આશાએશ મળતી હોય તેટલાને તો હાશ જેવું થવાનું જ.

આપણા આદર્શ પ્રમાણે એક માણસ ખરાબ હોય પણ બીજા કેટલાકના આદર્શ પ્રમાણે એને સારો પણ ગણાય. અને જે સૂક્ષ્મ

જીવોને આપણે જાણ્યે અજાણ્યે પજવીએ છીએ તેમની દૃષ્ટિએ આપણે પણ મહાન પાપી છીએ.

અહીંની મુસાફરીનું વર્ણન લખવાનું મન થાય છે પણ વખત નથી. ઘણું જોવાજાણવાનું મળે છે. દેશની અને સમાજની સ્થિતિમાં ઊંડે ઊતરાય છે.

નાશિકના દેવધર શાસ્ત્રી વિખ્યાત વૈદ છે. એમની દવા ધીરજપૂર્વક લેશો તો સારું જ છે. પછી તો જેવો તમારો અનુભવ.

તમારી તબિયત જ્યારે આટલી નરમ રહે છે ત્યારે તમારી સેવામાં રોકાવું એ જ . . . નો ધર્મ છે.

બાળની જન્મગાંઠ તો મને યાદ રહેતી જ નથી. મારી જન્મગાંઠ પણ, અપવાસ કરવાનો રિવાજ ન હોત તો, હું ભૂલી જાત.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૯૪

કલકત્તા, ૪-૬-'૪૧

પ્રિય નેત્રમણિભાઈ,

ઉત્કલમાં ઘણું ફર્યા. ત્યાર પછી કરસિયાંગ, દાર્જિલિંગ, કાલિમ્પોં, રંગપો વગેરે હિમાલયનાં સ્થાનો જોઈ, ભવ્ય પર્વતશિખરો અને પાવન નદીઓ જોઈ પાછો આવ્યો છું. આવતી કાલે આસામ જવાનો છું. ત્યાં બારપંદર દિવસ ફરાશે; પછી ફરી કલકત્તા.

૨૩-૨૪ જૂન બે દિવસ અહીં પૂર્વ ભારત રાષ્ટ્રભાષા સંમેલન કરીને રાંચી, વૈદ્યનાથધામ, પારસનાથ થઈ ને જૂનને અંતે વર્ધા જઈશું.

હવે તો અહીં ચોમાસું બેઠું કહેવાય, ત્યાં પણ તુરત બેસશે. આ ચોમાસામાં તમારી તબિયત ખાસ સાચવશો. જરૂર જણાય તો મુંબઈ છોડી બહારગામ સારી કોરી હવામાં જશો.

કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૯૫

વર્ધા, ૭-૮-'૪૧

પ્રિય નેત્રમણિભાઈ,

તમારો ૬-૭નો (જોકે લખ્યું છે '૬-૬') કાગળ મળ્યો. સામાન્ય રીતે તમારા અક્ષરો ઉકેલવાની મહેનત પડે જ છે પણ આ વખતે તો મહામુશ્કેલીએ એ વાંચી શક્યો. મારી સૂચના છે કે ભાઈ નરેન્દ્ર, ચિ. . . . અથવા . . . બહેન પાસેથી લખાવવાનું રાખશો એટલે લખવાની કે વાંચવાની તકલીફ નહીં રહે.

આખરે કાર્ડ વાંચ્યો ખરો. મારી તબિયત સરસ છે. બે મહિના ઉત્કલ, બંગાળ, આસામ, દાર્જિલિંગ તરફ ખૂબ ફરી આવ્યો.

આવીને ત્રણ દિવસના ઉપવાસ કર્યા. તબિયત તો સારી જ છે, અને પ્રસન્ન છું. ઉપવાસ અમસ્થા હતા. આ મહિનામાં એક વાર મુંબઈ જવું છે પણ ક્યારે તે નક્કી નથી.

ચિ. બાળના કાગળો આવે છે. એ પ્રસન્ન છે. સતીશ બનારસ ગયા. એને એક દીકરી આવી છે.

લિ. સ્નેહાધીન
કાકાના સપ્રેમ
વંદેમાતરમ્

૯૬

દળવીનો બંગલો, ફુબે પાર્ક,
શિવાજી નગર, પૂના, ૨૭-૮-'૪૧

પ્રિય નરેન્દ્રભાઈ,

તમારો તા. ૨૬નો કાગળ મળ્યો. ચિ. અમૃતલાલનો પણ એની સાથે જ આવ્યો. તમારા પિતાશ્રીની તબિયત હજી પણ ખરાબ છે એ જાણી વિશેષ ચિંતા થાય છે. મનુષ્યશરીર છે તે કોક વખતે પડવાનું છે જ. પણ નેત્રમણિભાઈએ બીજા કોઈને માટે નહીં તો પણ ચિ. . . . બહેનને માટે વધારેમાં વધારે જીવવું જોઈએ. બહેન તો એકાગ્રતાથી પિતાની અનહદ સેવા કરતાં જ હશે. પણ મનમાં અનેક રીતે અસ્વસ્થ પણ થતાં હશે. એટલે તમારે જેટલી નેત્રમણિભાઈની કાળજી લેવાની છે, તેટલી જ બહેનની પણ લેવાની છે.

તમે મોકલેલો 'મુંબઈ સમાચાર'વાળો લેખ જોઈ ગયો. એ તો નેત્રમણિભાઈના હૃદયનો અરીસો છે.

ડૉક્ટરો પોતાનાથી બનતું કરતા જ હશે પણ મુખ્ય આધાર નેત્રમણિભાઈની પ્રાણશક્તિ (વાઈટાલિટી)નો જ છે. હું માનું છું કે તે મજબૂત હશે.

મારે અહીં ૩૧મી સુધી રહેવાનું છે. ત્યાર પછી પ્રથમ વિચાર હતો કે સીધો વર્ધા જાઉં પણ નેત્રમણિભાઈની તબિયતના સમાચાર જાણ્યા પછી મેં નિશ્ચય કર્યો છે કે મુંબઈ થઈને જ જાઉં. ઘણું કરીને ૩૧મીએ રાત્રે કે પહેલીએ સવારે અહીંથી નીકળીશ. મારો વિચાર ૩૧મીએ બપોરે જ નીકળી રાત્રે ત્યાં પહોંચવાનો છે. જેથી પહેલીએ સાંજે વર્ધા માટે મુંબઈ છોડી શકું.

તમારો આજનો કાગળ વાંચતાં નેત્રમણિભાઈનો સૌથી પહેલો કાગળ યાદ આવ્યો, જે એમણે અસાધારણ બીમારીને પ્રસંગે લખ્યો હતો અને તમે એ કાગળ સાથે પિતાશ્રીની બીમાર હાલત વિષે અને એમને સાંત્વનની જરૂર છે એ વિષે લખ્યું હતું.

લિ. કાકાના સપ્રેમ
વંદેમાતરમ

૯૭

વર્ધા, ૧૬-૯-'૪૧

પ્રિય નરેન્દ્રભાઈ,

હમણાં જ બપોરે તમારો કાગળ મળ્યો. કાલે જ ચિ. સરોજિની અને હું નેત્રમણિભાઈ વિષે અને ચિ. . . . બહેન વિષે વાતો કરતા હતાં. રવિવારે તમે કાગળ લખી ન શક્યા એ સહેજે સમજી શકું છું. તમને અને તમારાં બહેનને હું શું આશ્વાસન આપું ? તમને બધાંને દુ:ખ થાય એ સ્વાભાવિક છે. પણ ખરેખર, દુ:ખ કરવા માટે કારણ છે ખરું ? નેત્રમણિભાઈએ જીવનનાં જે કર્તવ્યો પાર પાડવાં હતાં તે તેમણે પોતાની શ્રદ્ધા, સમજ અને શક્તિ પ્રમાણે પાર પાડ્યાં હતાં. તેમનાથી થઈ શકતું હતું તે બધું તેમણે કર્યું હતું. હવે તો અપંગ દશા ભોગવતાં આસપાસ ચાલે છે તે જોવાપણું જ એમને ભાગે હતું. એ દુ:ખદ સ્થિતિ કેવળ ઈશ્વરનિષ્ઠાને જોરે જ તેઓ સહન કરતા હતા. જ્યાં જીવવાની દરેક ક્ષણ કષ્ટમય હોય ત્યાં એ યાતનામાંથી તેઓ મુકત થયા એને માટે ખરું જોતાં સમાધાન જ માનવું જોઈએ. મેં જોયું હતું કે છેલ્લે છેલ્લે તમારાં બહેન જ એમને આશ્વાસન આપતાં હતાં. શિરછત્ર દૂર થયું એમ અત્યારે લાગે પણ એમનું શિરછત્રપણું ક્યારનું પૂરું થયું હતું. બધો ભાર કેટલાંડાનો તમે જ વહન કરો છો. અને તમારાં બહેને તો સેવા કરતાં પોતાની કાયા નિચોવી નાખવામાં મણા રાખી ન હતી.

તમારા કાર્ડનું છેલ્લું વાક્ય હૃદયનો વલોપાત વ્યક્ત કરે છે. 'કોણ જાણે ક્યાં ગયા હશે!' શું એ વિષે શંકા હોઈ શકે ? થાકેલું શરીર તમારે હાથે જ અંતિમ ક્રિયા મેળવી વિલીન થયું. પણ નેત્રમણિભાઈ પોતે તો ક્યાંય ગયા નથી. તેઓ તો પ્રેમલોકમાં જ વિરાજે છે. જે ઉત્કટતાથી તેઓ સગાંસંબંધીઓને અને ઇષ્ટ મિત્રોને ચહાતા હતા, તે પ્રેમનો કોઈ કાળે નાશ થવાનો નથી. તેમની ઈશ્વરનિષ્ઠા પણ અમર જ છે. શરીરનો અંતરાય છોડી દઈ નેત્રમણિભાઈએ બધા સ્નેહીઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો છે. આપણે એમનું સ્મરણ રાખીએ, પ્રેમપૂર્વક એમની સ્મૃતિ કેળવીએ એ જ એમનું મરણોત્તર જીવન છે. અને એ જીવનને આપણા સ્નેહ અને પ્રેમથી પરિપુષ્ટ કરવું એ જ હવે

પછીની શ્રાદ્ધની સેવા છે. એ જ સાચું શ્રાદ્ધ છે. લૌકિક શ્રાદ્ધ કરવું જ હોય તો કરો પણ એની પાછળ નકામો દ્રવ્યનો અપવ્યય નહીં કરતા.

ચિ. . . . બહેને જાણે નેત્રમણિભાઈ ગયા જ નથી એ રીતે શાંત અને પ્રસન્ન રહેવું જોઈએ. તમે બધાં ભાગ્યશાળી ખરાં. કેમ કે વરસો સુધી તમો પ્રેમાળ પિતાની દરેક જાતની સેવા કરી શક્યાં. દરેક દીકરીને એવું ભાગ્ય નથી મળતું.

જો મુંબઈમાં રહી ચિત્તશાંતિ ન જળવાતી હોય તો . . . બહેન ચિ. પ્રમોદિનીને લઈને અહીં આવી શકે છે. થોડા દિવસ માટે સ્થાન-ફેર થાય તો મનની ઉદાસીનતા સહેજે દૂર થશે.

મેં જોયું હતું કે તમારાં પત્ની પણ નેત્રમણિભાઈ પ્રત્યે પિતા જેવો ભાવ રાખતાં હતાં. તમારા કૌટુંબિક વાતાવરણની સાત્ત્વિકતા ખરેખર સુવાસિક છે. તમારાં બહેનને કહેશો કે તેઓ મને જરૂર એક કાગળ લખે અને હૃદયનો ભાર હળવો કરે. અને મારો તો આગ્રહ છે કે બાર દિવસ પૂરા થતાં વેંત, થોડા દિવસને માટે તેઓ અહીં આવી જાય.

તમે પોતે શાંતિ જાળવીને બધાંને આશ્વાસન આપશો જ એટલે તમને કશું લખતો નથી.

બધાંને કાકાના સપ્રેમ
શુભાશિષ

આ મહિનાની ચોથી તારીખે શ્રી. અમૃતલાલ નાણાવટીના પિતાશ્રી સુરત મુકામે, હૃદય બંધ પડવાથી, એકાએક ગુજરી ગયા. અમૃતભાઈ હાલ સુરત છે. એમને આજે કાગળ લખું છું.

૯૮

અલ્લાહાબાદ જતાં ટ્રેનમાં,
૬-૧૨-'૪૧

પ્રિય નરેન્દ્રભાઈ,

આજે અમે અલ્લાહાબાદ જઈએ છીએ. ટ્રેનમાં થોડી નવરાશ છે એટલે તમને લખીએ છીએ. ઘેર હોઈએ ત્યારે કામનો આરો આવતો નથી તેથી ઇચ્છા હોવા છતાં લખાતું નથી, માટે જ અત્યારે લખવાનું મન થયું.

કાઠિયાવાડથી પાછા ફરતાં મુંબઈ એક દિવસ રહ્યાં હતાં છતાં તમારે ત્યાં અવાયું નહીં. ઇચ્છા તો ઘણી હતી પણ વખત ન હતો એ એક વાત, અને આવીએ તો જબરજસ્તીથી ખવડાવશો એ બીક! તેથી ન આવ્યા. મેં પૂ. બાપુજીને સાક્ષી રાખીને નક્કી કર્યું છે કે કોઈના આગ્રહને વશ થઈને કશું ખાવું નહીં. શ્રી નેત્રમણિભાઈ આગળ કશું ચાલતું નહીં અને તેઓ માંદા રહ્યા, તેમને નારાજ કરાય નહીં, એટલે અમુક દરજ્જે ચલાવી લેતો અને પાછળથી ઓછું ખાતો. પણ તમે તો મારી સ્થિતિ સમજી શકો છો એટલે તમારી પાસેથી એટલી મદદ જરૂર માગું. ખાવાનું મન હશે તો માગી લઈશ અથવા તમે પૂછશો તો હા પાડીશ. પણ હું ના કહું ત્યારે મને આગ્રહ નહીં કરવો. નહીં તો તમારે ત્યાં આવવાનો વખત હોય તોય સંકોચ કરું.

અલ્લાહાબાદથી નવમીએ જ પાછો ફરીશ. જો બનારસ જઈશ તો ૧૩મીએ પાછો ફરીશ. ત્યાર પછી મારે બારડોલી જવાપણું રહેશે એમ માનું છું.

૨૧મીએ મારે નાશિક જવું છે. જો હું બારડોલી નહીં જાઉં તો ૨૧મી સુધી વર્ધા જ રહીશ. તેમ થાય તો તમે વર્ધા આવશો ખરા? પાછા ફરતાં આપણે નાશિક સુધી સાથે હઈશું. ત્યાંથી મુંબઈ દૂર નથી. તમારો કાગળ વર્ધાને સરનામે મોકલશો અને અવાય એમ હોય તો જરૂર આવશો.

ચિ. કીકીને એટલું આશ્વાસન આપવું જોઈએ કે એનું મન ન હોય તો એને વર્ધા રોકીશું નહીં. બા સાથે પાછી જવા દઈશું અને મહિલાશ્રમમાં ૧૪ વરસથી નાની છોકરીઓને લેતા પણ નથી એટલે બીવા જેવું નથી. પણ જો તમારાં બહેનને જ મહિલાશ્રમ પસંદ આવે અને તેઓ રહી પડે તો કીકીનું કશું ચાલે નહીં.

કાકાના બધાંને
સપ્રેમ શુભાશિષ